સોક્રેટીસની સફર

(હિંદુસ્થાનની ગ્રામ્ય સ્થિતિ સંબંધી કેટલાક સંવાદો)

લેખક

એફ. [illegible]. બ્રેઇન, એમ.સી., આઈ.સી.એસ.

ગુરગામ જીલ્લાના માજી ડેપ્યુટી કમીશનર

એચ. ઇ. ધિ રાઇટ ઑનરેબલ લોર્ડ અર્વિન

વાઇસરોય અને ગવર્નર-જનરલની પ્રસ્તાવના સહિત

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

મુંબઈ કલકત્તા મદ્રાસ

૧૯૨૯

સમર્પણ

ગુરગામ જીલ્લાના લોકો જેઓ સાથે મેં અને મારા કુટુંબે
કામ અને રમત ગમતમાં ઘણાં સુખમય વરસો
કાઢયાં છે તેઓને આ પુસ્તક
સમર્પિત કરવામાં આવે છે

PRINTED BY V. P. PENDHERKAR AT THE TUTORIAL PRESS
211A, GIRGAON BACK ROAD, BOMBAY
AND
PUBLISHED BY HUMPHREY MILFORD, OXFORD UNIVERSITY PRESS
B. I. BUILDING, NICOL ROAD, BOMBAY

પ્રાસ્તાવિક બે બોલ

આ પુસ્તક, મારા માનવા પ્રમાણે, તેના લેખક અને ગુરગામના ગ્રામ્યજન જેમની સાથે એ લેખકને લાંબા વખત સુધી ગાઢ પરિચય હતો તેમની વચ્ચે થયેલી ઘણી વાતચીતોનો અહેવાલ છે. મેં પુસ્તક આનંદપૂર્વક વાંચ્યું છે, અને જે બધું કાર્ય અત્યારે "ગુરગામના પ્રયોગ" તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે તે આખા હિંદુસ્થાનમાં સર્વત્ર દાખલ થાય અને સફળ બને એ હિંદુસ્થાનના હિત માટે હું અંતરથી ઇચ્છું છું.

આ પુસ્તકમાં જે બધી વાતો લખાઈ છે તે સ્પષ્ટ અને ભારપૂર્વક લખાઈ છે, અને એથી ગ્રામ્ય જીવન ઉપર ઘણો પ્રકાશ પડે છે. મી. બ્રેઈને જે દોષ દેખાડ્યા છે તે તેણે બતાવેલાં કારણ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે, અને મને આશા છે કે જેને ઉદ્દેશીને આ પુસ્તક લખાયું છે—ગુરગામના ગ્રામ્યજન—તેઓ પુસ્તકમાં દર્શાવેલા ઉપાય યોગ્ય રીતે સ્વીકારશે. પણ એમાં યે એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે અને તે એ છે કે સુધારો ધીમોજ થાય, અને આપણે સહુએ જે કંઈ કરવાનું છે તે એ છે કે તે ખરા માર્ગે ચાલે અને તેનો પાયો પાકો નંખાય. આટલું થશે તો લોકો પોતાની મેળે સમજશે કે આમાં સૂચવેલા ફેરફાર તેમના પોતાના હીત માટે છે અને સુધારાના ઉત્સાહી આદ્ય યોજક દૂર થાય તોપણ તેઓ એ કાર્ય ચાલુ રાખશે.

સોક્રેટીસને તેના સમકાલિન લોકોએ મારી નાંખ્યા હતા તે એટલા માટે કે સોક્રેટીસ તેમને અતિ સ્પષ્ટ રીતે અને બહુ બહુ વાર કહેતા હતા કે તેઓ ખોટા છે અને પોતે ખરા

છે. મી. બ્રેઈનના સંબંધમાં મને એવી ભીતિ નથી; કારણ કે તેણે અને તેની સ્ત્રીએ માત્ર ઉપદેશ જ આપ્યો નથી, પણ પોતાના જીવનવ્યવહારથી સિદ્ધ કરી આપ્યું છે કે તેઓ જે કંઈ કહે છે તે સામાન્ય ગ્રામ્યજન પણ ગ્રહણ કરી પોતાના વ્યવહારમાં ઉતારી શકે છે. હિંદુસ્થાનના બીજા ભાગોમાં તેમનો દાખલો લેવાયો છે અને કેટલીક જગ્યામાં જમીનદારો તેમ બીજી કેટલીક જગ્યાઓમાં સહકારી મંડલો કે એવી બીજી સંસ્થાઓ એ દાખલાનું અનુકરણ કરવા લાગ્યાં છે એ જાણી મને બહુ હર્ષ થાય છે. મને ખાત્રી છે કે ખેતીપ્રધાન હિંદુસ્થાનના પ્રજાજનને એક વાર આપણે એ સમજાવી શકીએ કે તેમન સુખસંપત્તિની વૃદ્ધિની ચાવી તેમનાજ હાથમાં છે તો પછી હિંદુસ્થાનના જીવનના સંગઠનની શરૂઆત બહુ સારી થઈ છે એમ આપણે માનીએ તો કંઈ ખોટું નથી.

આ બાબતમાં મી. બ્રેઈનનું પુસ્તક આપણે માટે બહુ સારૂં માર્ગદર્શક છે અને એ માટે જે સર્વ લોકો હિંદુસ્થાનની રૈયતનું હીત ચિંતવી રહ્યા છે તેમને હું એ પુસ્તક વાંચવાની તેમ તેનો ઉપયોગ કરવાની ખાસ ભલામણ કરૂં છું.

અર્વિન

૨૧ જાનેવારી, ૧૯૨૯

લેખકની પ્રસ્તાવના

સોક્રેટીસ એ એક વૃદ્ધ આખાબોલા માણુસ છે અને તેના હેતુ અને ભાવ શુદ્ધ અને સરલ હોવાને લીધે તેમજ તે જે કાંઈ કડવું મીઠું કહે છે તે આપોઆપ સત્યના રૂપમાં જણાઈ આવતું હોવાથી લોકો તેને પ્રેમ અને માનપૂર્વક સાંભળે છે. તેની આટલી બધી કડવી વાણીમાં જો કાંઈ સત્ય ન હોત તેમ જેમને તે આવાં કડવાં વેણુ કહે છે તેમને માટે તેના દિલમાં ખરો પ્રેમ ઉભરાતો ન હોત તો લોકો તેનું સાંભળત નહિ એટલુંજ નહિ પણુ તેઓએ તેને પોતાના ગામોમાંથી કયારનાયે કાઢી મૂકયા હોત.

આપણુ સહુને આપણુને સત્ય કહેવા માટે આવા સોક્રેટીસની જરૂર છે. ગામડાંઓનાં બાળક જેમ મેલથી ખરડાયેલાં છે તેમ આપણે સહુ દંભથી ભરેલાં છીએ. અને મીઠું-મીઠું અને ગોળગોળ બોલી આપણે, જેમ ગ્રામ્યલોકો પોતાનો તેમ પોતાનાં બાળકોનો મેલ ઘરેણાં પહેરાવી ઢાંકે છે તેમ ઢાંકીએ છીએ.

સોક્રેટીસ આ જાતના માણુસ નથી. તેને કાળાને કાળું કહેવામાં જરા યે હરકત આવતી નથી, અને જે જે ગામડાંઓ તે જુએ છે તે બધાંને સુધારવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો છે, અને તે તેમને સુધારે છે પણુ ખરા. જુઓ આ બધા ખાડા, તે હવે બધે ઠેકાણે જોવામાં આવે છે: જુઓ આ પાયખાનાંઓ, તે હવે ગામડે ગામડે થતાં જાય છે: જુઓ, હવે ઘરેણાં પહેરવાનો ચાલ ફરી ગયો છે અને આગળની માફક લોકો બહુ ઘરેણાં પહેરતા નથી: જુઓ આ બોય સ્કાઉટસની ટોળીઓ, તે

ઠેકઠેકાણે કાર્ય કરી રહી છે: આ રહી છોકરીઓ જે સંખ્યાબંધ છોકરાઓની નિશાળે ભણવા જાય છે: શીળી કઢાવવાનો ચાલ તેમ રસી મૂકાવવાનું પણ હવે સામાન્ય થયું છે: સંખ્યાબંધ રહેંટો; લોઢાનાં હળો: ૮–એ નંબરનું ઘઉંનું બી: નવી જાતની શેરડી: સેંકડો બેંકની શાખાઓ અને તેમાં જમા થયેલી સુમારે પચીસ લાખની મૂડી: નાટકો: જાદુઈ ફાનસના ઉપયોગ સાથે અપાતાં વ્યાખ્યાનો: ગ્રામ્ય શાળા: ગૃહ શાળા: હિસ્સાર જાતના બળદો: સ્ત્રીઓના બગીચાઓ: સ્ત્રીઓ માટે સંસ્થાઓ: બાળકોની રમતો વગેરે વગેરે ઘણું નવું થયું છે. વિશેષતઃ આખો જીલ્લો જાગૃત થયો છે અને તે પ્રયોગ કરવા તેમ સુધારા દાખલ કરવા તત્પર છે.

સોક્રેટીસ ઘણી વાર બહુ કંટાળો આપે છે, તેની વાતચીત તદ્દન સાદી છે અને તે એકની એક વાત ફરી ફરી કહ્યા કરે છે. પણ એમ કરવાની એને ટેવ પડી છે એટલે એ કર્યે જ જાય છે. વળી તે, ગામડાઓમાં ચાલી રહેલા બધા અનર્થના જે ઉપાય બતાવે છે તે છેક જ સાદા છે. એ સર્વ તેણે અનેક વાર લોકોને કહી સંભળાવ્યું છે અને તે જૂદી જૂદી દૃષ્ટિએ, પણ તે વાત એકદમ લોકોના ધ્યાનમાં આવતી નથી. એમ છતાં સોક્રેટીસ થાકે એવા માણસ નથી અને કેટલીક વાર તો તે લોકોને જાગૃત કરવા માટે બાણ જેવાં તીખાં વચન કહે છે. કોઈ કોઈ વાર તો ગાળ પણ દઈ દે. તે આ પ્રમાણે ચાબખા મારે છે છતાં ગ્રામ્યજન, પોતાનો સ્વભાવ સામાન્ય રીતે સ્હેજ જલદ હોવા છતાં, તેનાં વચન પ્રેમપૂર્વક સાંભળે છે અને એ વચનની કડવાશ અને તીખાશ મનમાં રાખતા નથી.

આ પુસ્તકમાં જે વાતો કરવામાં આવી છે તે ગામડાઓમાં વાતચીતના પ્રસંગમાં તેમ વ્યાખ્યાનોમાં સેંકડો વાર કહેવામાં આવી છે.

લેખકનો મુખ્ય અને એકમાત્ર હેતુ ગ્રામ્યજનને વિચાર કરતા કરવાનો છે. દુનિયા ફરવા લાગી છે એટલે આગળ જે રિવાજ સારા અને ઉપયોગી હોય તે અત્યારે ઘણી વાર નુકશાનકારક બને છે. આપણે આપણા બધા રિવાજો અને બધી ટેવોની પૂરી કસોટી કરવી જોઈએ છે, અને તેમાં અત્યારની સ્થિતિમાં આપણાં આરોગ્ય, સુખ તેમ સંપત્તિ વગેરેની વૃદ્ધિ કરવામાં કેટલું કામ આવે એવું છે એ તપાસી લેવું જોઈએ છે. એ બધામાં જે કાંઈ સારૂં અને ઉપયોગી હોય તે તો અવશ્ય રાખવું, પણ એમાં જે કાંઈ ખરાબ હોય તેને તુરત જ જડમૂળથી ઉખેડી નાંખવું જોઈએ. આ સિવાય જે કાંઈ નવું સારૂં હોય તે પણ લેવું જોઈએ. લેખક આટલું કરી શકશે તો તેને લાગશે કે તેનો સમય નકામો ગયો નથી, અને ગ્રામ્યજન પણ તેણે કહેલાં સખ્ત વચન માટે દિલગીર થશે નહિ.

એફ. એલ. બ્રેઈન

અનુક્રમણિકા

અતિ અગત્યની ચાર વસ્તુઓ

સોક્રેટીસ એક વખત એક ગામડામાં ગયા અને ત્યાં લોકોને "રામ રામ" કર્યા બાદ પૂછ્યું કે "ભાઇઓ, આપ જાતે કોણ છો?"

એટલે પેલા લોકોએ ઉત્તર વાળ્યો કે "અમે કણબી એટલે જમીનદાર છીએ."

આ ઉપરથી સોક્રેટીસે ચારે બાજુ નજર નાંખી જોયું તો બધે ય ગંદવાડ અને દારિદ્રય દેખાયાં. (આ ગામડાને નહેરનું પાણી મળતું ન હોવાથી વરસાદ ઓછો થાય ત્યારે પાણીની તંગીને લીધે પૂરો પાક થતો ન હતો.) આ સ્થિતિ જોઈ સોક્રેટીસે પોતાની હમેશની રીત મુજબ પ્રશ્નો પૂછવા માંડયા.

તેણે કહ્યું: તમે જમીનદાર એટલે તો જમીનના માલેક, ખરૂં ના?

એક કણબી: હા, એમજ.

સોક્રેટીસ: ત્યારે તો તમે ધનવાન હોવા જોઇએ.

કણબી: ના રે ભાઈ. અમે ધનવાન કેવા? તમને એટલી યે ખબર નથી? (સોક્રેટીસ કયા પ્રકારનો માણસ હતો એ તેઓ જાણતા ન હતા.)

સોક્રેટીસ: ત્યારે પછી તમે કહ્યું ને કે તમે જમીનદાર છો. જમીનના માલેક હોવા છતાં ધનવાન ન હો એ કેમ બને?

કણબી: (સોક્રેટીસને જરાક ઓળખી શરમાતાં કહે છે.) સોક્રેટીસજી, અમારી ભૂલ થઇ: અમે જમીનદાર છીએ એવું અમે તમને કહ્યું એમાં અમારી કસૂર થઈ. (હવેથી તેઓ સોક્રેટીસને ઉત્તર દેવામાં સાવધાન રહેવા લાગ્યા.)

સોક્રેટીસ: ત્યારે મારા ભલા મિત્રો. તમે કોણ છો?

કણબી: અમે તો માણસ છીએ.

સોક્રેટીસ: માણસ તો તમે હોવા જ જોઇએ. વારૂ, પણ મનુષ્ય પશુ કરતાં તો બહુ ઉત્તમ હશે. નહિ વારૂ?

કણબી: ખરેખર, એમાં વળી પૂછવું જ શું?

આ વેળાએ સોક્રેટીસે એક બહુ મેલા છોકરાને એક સ્વચ્છ ગલુડીઆ સાથે રમતો જોયો.

સોક્રેટીસ: પેલો છોકરો બહુ મેલો છે.

કણબી: હાજી. અંહિ છોકરાંઓ બહુ ન્હાતાંધોતાં નથી. અમે ગરીબ લોક છીએ એટલે અમારી સ્ત્રીઓને રસોઈ, વાસીદું, દળાણું વગેરે કામ બહુ કરવાનું હોય. આને લીધે બાળકોને નહવડાવવા ધોવડાવવાનો વખત રહેતો નથી.

સોક્રેટીસ: પેલું ગલુડીઉં બહુ સ્વચ્છ છે, નહિ વારૂ?

કણબી: હાજી. એની મા એને રોજ વારંવાર ચાટી સાફ રાખે છે.

સોક્રેટીસ: પણ તમે તો હમણાજ એમ કહેતા હતા કે મનુષ્ય પશુ કરતાં બહુ ઉત્તમ છે. ત્યારે આ પેલું બાળક આ સ્વચ્છ ગલુડીઆ કરતાં વધારે સારૂં જોઈએ.

કણબી: મહારાજ, અમને માફ કરો. અમે ભુલ્યા. પશુ કરતાં ચોખ્ખાઈમાં તો અમે ઉત્તમ નથી લાગતા.

સોક્રેટીસ: વારૂ, પણ મનુષ્ય ભણેલાં છે અને પશુ ભણેલાં નથી, એટલું તો ખરૂં ના?

એક કણબી: (ઉતાવળીઓ થઈને) ચોક્કસ, મનુષ્ય લખે વાંચે છે અને તેમની પાસે પુસ્તક પણ પુષ્કળ હોય છે.

સોક્રેટીસ: તમે લખી શકો છો?

કણબી: ના, મહારાજ.

સોક્રેટીસ: (બીજાને) અને તમે?

કણબી: નાજી.

સોક્રેટીસ: (ત્રીજાને) અને તમે?

કણબી: હું પણ નથી જાણતો.

સોક્રેટીસ: પણ તમે હમણાજ કહેતા હતા ને કે તમે માણસ છો?

કણબી: મહારાજ માફ કરો: અમે ઢોર જેવા છીએ અને કંઈએ જાણતા નથી.

સોક્રેટીસ: પણ ગાય પોતાનાં વાછરૂને સ્વચ્છ રાખે છે અને તમે તમારાં બાળકોને સ્વચ્છ રાખતાં નથી તો પછી તમે ઢોર જેવા કેમ ગણાઓ?

કણબી: હવે આપને શું કહેવું?

સોક્રેટીસ: તમે માણસમાં ખપવા માંગતા હો તો તમારૂં પહેલું કર્ત્તવ્ય તમારાં ગામડાં અને તમારાં બાળકોને સ્વચ્છ રાખવાનું છે. ગામડાંને સ્વચ્છ રાખવા માટે તમારે બધો કચરો, ગંદવાડ, મેલું વગેરે ગામડાની બહાર છ ફીટ ઉંડા ખાડા ખોદીને તેમાં નાંખવા જોઈએ, અને બાળકોને રોજ નહવડાવવાં જોઈએ.

કણબી: મહારાજ, અમે એ પ્રમાણે કરીશું અને તેમ કરવાનું અમે વ્રત લઈએ છીએ.

ત્યાર પછી સોક્રેટીસે તેમની સાથે થોડું ફરી કેટલીક વધારે વાતચીત કરી એટલામાં તો તેઓ આ પહેલો પાઠ ભૂલી જવા લાગ્યા. એકાએક તેમની નજરે એક *ગીંગો છાણનો નાનો દડો પોતાના દર તરફ રેડવી જતો ચડયો. આ જોઈ પેલા

* મળનો જીવડો: એનાં નામ જૂદાં જૂદાં છે

કણબીઓમાંના એકે વગરવિચાર્યે હસી કહ્યું: "જુઓ, મહારાજ, આ ગીંગો એ કેવું વિચિત્ર પ્રાણી છે! ભગવાને એવું ક્ષુદ્ર પ્રાણી કેમ બનાવ્યું હશે?

સોક્રેટીસ: ભગવાન ખરેખર અદ્ભૂત છે. આ ગીંગો છાણના દડા બનાવી તેમને પોતાના દરમાં રેડવી લઈ જાય છે અને તે જમીનની અંદર હવા કે પ્રકાશ વગર રહે છે. ખરૂં કે?

કણબી: હાજી, ખરેખર, એ એમજ રહે છે.

સોક્રેટીસ: તમારી વહુઓ અને દીકરીઓ છાણાં થાપે છે ત્યારે તેમની સાથે તેમનાં બાળકો જાય છે. આ વખતે આ બાળકો છાણને લઈને રમે છે કે નહિ?

કણબી: છાણાં એ તો અમારૂં બળતણ છે અને એ વગર તો અમારે ચાલેજ નહિ.

સોક્રેટીસ: એ હું હમણા નથી પૂછતો. એ વિષે વળી કોઈ દિવસ આપણે વાત કરીશું. આજે તો હું એજ પૂછવા માગું છું કે તમારી સ્ત્રીઓ અને છોકરાંઓ છાણ થાપે છે કે નહિ?

કણબી: (જરા શંકાશીલ થઈને) હાજી: તેઓ એમ કરે છે.

સોક્રેટીસ: તમે ગારના જે ઘરોમાં રહો છો તેમાં બારીયો હોય છે ખરી કે?

કણબી: અમને ચોરનો ડર લાગે છે, મહારાજ.

સોક્રેટીસ: હું એ નથી પૂછતો. જો બધાય બારીઓ રાખે તો સહુનાં ઘર સરખાં થાય અને તેથી ચોરની સંખ્યા વધવાની નથી. વળી, ચોર શા માટે ચોરી કરે છે એ વિષે પણ આપણે કોઈ દિવસ વાત કરીશું. અત્યારે તો હું એટલુંજ પૂછતો હતો કે તમારા ઘરમાં બારી છે કે નહિ.

કણબી: નાજી, અમારે બારીઓ નથી.

સોક્રેટીસ: તો પછી તમારા ઘરમાં અંધારૂં રહેતું હશે.

કણબી: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમે છાણું થાપો છો અને હવા અને પ્રકાશ વગરનાં ઘરમાં રહો છો; ત્યારે તમે પેલા ગીંગા કરતા કઈ રીતે ચઢીયાતા થયા?

કણબી: તમે કહો છો એ ઉપરથી લાગે છે કે અમે ચઢીયાતા નથી.

સોક્રેટીસ: તો પછી મનુષ્ય તરીકે ગણાવા માટે તમારે તમારાં ઘર અને બાળકો સાફ ઉપરાંત છાણું થાપવાનું બંધ કરવું જોઈએ અને તમારા ઘરમાં બારીઓ મૂકવી જોઈએ.

કણબી: હાજી, આપનું કહેવું બરાબર છે.

આ વખતે તેઓએ એક કુતરી જોઈ. આ કુતરી છ ગલુડીઆં—ત્રણ નર અને ત્રણ માદા—ધવરાવતી હતી અને તેમને તે ચાટી સાફ કરતી હતી. આ ટોળીમાંના કોઈએ તેમના તરફ એક પત્થર ફેંકયો અને તેમને હાંકી કાઢવા હાક મારી. આ જોઈ સોક્રેટીસે કહ્યું: "એવું મા કરો. એ કુતરી કેટલીક રીતે માણુસો કરતાં ચઢી જાય છે."

આ સાંભળી પેલા કણબીઓને જરા માઠું લાગ્યું પણ સોક્રેટીસ-નાં કડવાં વેણની બીક લાગતી હોવાથી તેઓ કાંઈ બોલ્યા નહિ.

ત્યાર પછી તેઓ ગામઠી પ્રાથમિક શાળા પાસે આવી પહોંચ્યા. આ શાળામાં સુમારે ત્રીસેક છોકરાઓ ભણતા હતા. સોક્રેટીસ સ્હેજ વિચારમાં પડેલા દેખાયા અને પછી તે બોલ્યા: આ ગામમાં કોઈ કન્યાઓ હોય એમ લાગતું નથી.

કણબી: કેમ નહિ. છોકરાઓ છે તેટલીજ છોકરીઓ હશે.

સોક્રેટીસ: તો પછી આ શાળામાં છોકરાઓ છે તેટલીજ છોકરીઓ પણ હોવી જોઈએ.

કણબી: (હસીને) ના, ના: અમારે ત્યાં છોકરીઓ ભણતી નથી. એ તો છોકરાઓ માટે ભણવાનું હોય.

સોક્રેટીસ: ત્યારે તમે છોકરાઓ અને છોકરીઓ વચ્ચે ભેદભાવ રાખો છો ને?

કણબી: એમાં વળી નવાઈ શી? છોકરીઓ કોને જોઈએ? છોકરાઓજ સહુ કોઈ ઈચ્છે છે.

સોક્રેટીસ: પણ છોકરાઓ અને છોકરીઓનાં માબાપ તો એક જ છે, ખરૂં ને?

કણબી: હાજી.

સોક્રેટીસ: તમારી પોતાની માતાઓ એક વખત છોકરીઓ હશે કે નહિ?

કણબી: હાજી.

સોક્રેટીસ: સ્ત્રીનું કામ ઘર સાચવવાનું છે, ખરૂં કે?

કણબી: હાજી.

સોક્રેટીસ: અને જેમ સ્ત્રી સારી તેમ તેનું ઘર પણ સારૂં રહે, અને તેનો ધણી અને તેનાં છોકરાં પણ વધારે સુખી થાય, ખરૂં કે?

કણબી: હાજી, ચોક્કસ.

સોક્રેટીસ: તો પછી તમારે છોકરીઓને તમારા છોકરાઓ કરતાં યે વધારે સારી રીતે રાખવી જોઈએ. કારણ કે તેઓનું કામ તમારા ઘર સાચવવાનું અને તમારી પોતાની તેમ તમારાં બાળકોની સંભાળ લેવાનું છે.

કણબી: હાજી. તમે સાચું કહો છો અને અમારી વાત ખોટી ઠરી.

સોક્રેટીસ: ત્યારે તો તમારા કરતાં પેલી કુતરી જેને તમે હાડહાડ કરો છો તે ડાહી ઠરી, કારણ કે તેને તેનાં બધાં બચ્ચાં ઉપર એકસરખો પ્યાર છે અને કુતરાઓ વ્હાલાં અને કુતરીઓ દવલી એમ નથી.

કણબી: મહારાજ, હવે અમારે શું કરવું? અમારૂં બધું ય અવળું લાગે છે.

સોક્રેટીસ: હવે તમારે માણસમાં ખપવું હોય તો ત્રણ વાનાં નહિ પણ ચાર વાનાં કરવાં ઘટે છે.

૧ બધો કચરો, ગંદવાડ, મેલું વગેરે ગામની બહાર છ ફીટ ઉંડા ખાડા ખોદી તેમાં નાખી ગામને સાફ રાખવું અને બાળકોને સાફ રાખવાં.

૨ છાણાં ન થાપવાં.

૩ ઘરમાં બારીઓ રાખવી.

૪ છોકરીઓને છોકરાઓની માફકજ શાળામાં મોકલવી.

કણબી: જી, આપ ખરૂં કહો છો. આટલું અમે ન કરીએ ત્યાંસુધી અમે માણસ ગણાવા લાયક નથી.

સોક્રેટીસ: (ઉઠતાં ઉઠતાં) વારૂ, હવે મારે ઘેર જવું જોઈએ કારણ કે મોડું થયું છે. આજે મને તમો સહુને મળી આનંદ થયો છે. મને ઘેર એકલા રહેવું ન ગમે તો ફરી કોઈવાર ફરતો ફરતો આવું તો તમારે કાંઈ હરકત તો નથી ને?

કણબી: જરા યે નહિ: અમે તો આપ જેવાને જોઈ બહુ ખુશી થયા છીએ અને આપ બીજીવાર અંહિ આવશો ત્યારે અમને માણસ થયેલા જોશો.

સોક્રેટીસ: મને પણ એવી આશા છે. વારૂ, નમસ્કાર.

કણબી: નમસ્કાર, મહારાજ, નમસ્કાર.

તાવ

સોક્રેટીસ બીજી વાર એ ગામડામાં આવ્યા ત્યારે ત્યાંના ઘણા લોકો તાવની બીમારીથી ખાટલે પડયા હતા.

તેણે કહ્યું: આ તો બહુ ભયાનક કહેવાય. આ તાવનો કાંઈ ઉપાય જ નહિ હોય, નહિ તો આવા શાણા લોક આમ ખાટલે પડી બીમારી ભોગવે નહિ.

આ સાંભળી એક ભૈયો જે યૂરોપના મ્હોટા યુદ્ધમાં લશ્કરમાં રહ્યો હતો તે બોલ્યો: લશ્કરમાં હું હતો ત્યાંસુધી મને કોઈ દિવસ તાવ આવ્યો ન હતો. ત્યાં તો પ્રત્યેક અઠવાડીએ નકામું પાણી ભરાઈ રહ્યું હોય એવા ખાડાઓમાં થોડું ગ્યાસલેટ નાંખવામાં આવતું અને અમારે અઠવાડીઆમાં બે વાર કવીનાઈન લેવું પડતું અને રોજ મચ્છરદાનીમાં સુવું પડતું. કોઈ દિવસ અમે મચ્છરદાનીનો ઉપયોગ ન કરીએ તો અમને શિક્ષા થતી.

સોક્રેટીસ: તો પછી આ બધા લોક અંહિ કેમ માંદા રહેતા હશે? મને લાગે છે કે આ ભાઈએ હમણાં જણાવી એ જાતની સર્વ સંભાળ તો બધા લેતા હશે જ.

ગ્રામ્યજનમાંનો એક: એણે તો અમને એ વિષે કોઈ દિવસ કંઈ કહ્યું નથી, અને અમને નથી લાગતું કે એ વાત સાચી હોય કેમકે પોતાના ઘરમાં એ પ્રમાણે થતું નથી.

સોક્રેટીસ: કેમ, ભાઈ, આ બધા શું કહે છે? તમારા જેવા સમજુ માણસના ઘરમાં તો સહુને માટે મચ્છરદાની હશે તેમજ સહુ કવીનાઈન લેતાં હશે; અને તમારા ઘરની પાસે આવેલા પાણીના ખાડાઓમાં ગ્યાસલેટ પણ તમે નાંખતા હશો જ.

ભૈયો: હું તો થોડીક મચ્છરદાનીઓ પણ લાવ્યો હતો, પણ કોઈએ તેનો ઉપયોગ નહિ કર્યો તેથી મારી સ્ત્રીએ તેનાં પહેરણ કરાવી નાંખ્યાં.

સોક્રેટીસ: ખરેખર, તમારા ઘરનાં માણસોએ તમારા હુકમનો અનાદર તો નહિજ કર્યો હોય. તમે પોતે મચ્છરદાની વાપરી હશે અને તેમ કરી તમારો દાખલો પણ બેસાડયો હશે.

ભૈયો: હું યે મારી મચ્છરદાની હમેશ વાપરતો નહિ અને બીજાં યે ન વાપરતાં.

સોક્રેટીસ: તો પછી લશ્કરમાં તમે જે નિયમમાં રહેવાનું અને બીજાઓને રાખવાનું શિખ્યા તે તમને ઘેર કાંઈ કામ લાગ્યું નહિ એમ દેખાય છે.

ભૈયો: હાજી, એ તો એમ જ છે.

સોક્રેટીસ: અને તાવથી કેમ બચવું એ બધું તમને લશ્કરમાં શિખવ્યું એ પણ નકામું ગયું.

બીજાઓ તરફ ફરી સોક્રેટીસે તેમને કહ્યું: "અને ભાઈઓ, તમે કવીનાઈનનું નામ તો સાંભળ્યું છે ને?"

ગ્રામ્યજન: હાજી. નામ તો સાંભળ્યું છે. શાળામાં મહેતાજીએ તેને વિષે વાત કરી છે અને કોઈકવાર ગામના શેઠને ત્યાંથી અમે કવીનાઈનની ગોળીઓ માગી લઈ આવીએ છીએ.

સોક્રેટીસ: તો પછી તમે કવીનાઈન રોજ કેમ લેતા નથી?

ગ્રામ્યજન: ગોળીઓ શેઠને ત્યાં ખુટી ગઈ છે.

સોક્રેટીસ: આ કવીનાઈન બહુ લાભકારી છે, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી, એમાં જરા યે શક નથી.

સોક્રેટીસ: તે વેચાતું મળતું હશે, ખરૂં? અંહિં નહિ તો અંહિથી ગાઉ દોઢ ગાઉ પેલું મોટું ગામ છે ત્યાં તો હશેજ.

એક જણુ: ત્યાં તો જોઈએ તેટલું મળે છે.

સોક્રેટીસ: એક દિવસનો તાવ એટલે રૂપીઆ અર્ધા રૂપીઆનું નુકશાન થતું હશે કે?

ગ્રામ્યજન: અત્યારે તો રોકડા એક રૂપીઆનું નુકશાન રોજ ચઢે છે કારણ કે લણુણીનો વખત છે.

સોક્રેટીસ: ત્યારે કવીનાઈન બહુ મોંઘું હશે એમ લાગે છે.

ગ્રામ્યજન: તમને તો ખબર છે કવીનાઈન એવું કાંઈ મોંઘું નથી. એ તો બહુ સસ્તું મળે છે.

સોક્રેટીસ: ત્યારે તમે પેલે ગામ તો રોજ કાંઈને કાંઈ લેવા જતા હશો.

ગ્રામ્યજન: જી, રોજ જવાનું થાય છે.

સોક્રેટીસ: અત્યારે કવીનાઈન જેવી બીજી કંઈ અગત્યની ચીજની તમારે જરૂર છે?

ગ્રામ્યજન: કોઈ નહિ.

સોક્રેટીસ: બીજું જે કાંઈ જોઈએ એ તમને તમારા શેઠ મફત આપતા નથી.

ગ્રામ્યજન: નાજી: અમે ભીખારી નથી.

સોક્રેટીસ: તો પછી તમે કવીનાઈન કેમ મફત માગી આવો છો?

ગ્રામ્યજન: એ તો અત્યારસુધી કોઈ કોઈ ઠેકાણે મફત વંહેચાય છે એટલે લઈ આવીએ છીએ.

સોક્રેટીસ: એ પ્રથમ સરકારે મફત વંહેચ્યું અને હજુસુધી કોઈ ભલા લોક મફત વંહેચે તેથી આપણે તે મફતજ લેવું એમ અર્થ કરવાનો નથી. થોડાએક પૈસા બચાવવાનો લોભ કરો અને પરિણામે આવા ઉપયોગી લણુણીના વખતે તમારો અમૂલ્ય સમય

જાય અને કદાચિત્ તાવમાં કોઈનું મૃત્યુ પણ થાય એ વ્યાજબી કહેવાય ખરૂં કે?

ગ્રામ્યજન: નાજી, અમે ભૂલ્યા. અમને માફ કરો. અમે હમણાંજ જઈ એક વર્ષને માટે સામટું કવીનાઈન લઈ આવીએ છીએ.

સોક્રેટીસ: પણ મચ્છરદાનીના સંબંધમાં શો વિચાર કર્યો?

ગ્રામ્યજન: (વિચારમાં પડીને) એ તો મ્હોટા માણસનું કામ: અમે તો ગરીબ કહેવાઈએ.

સોક્રેટીસ: પણ તમારા કાનમાં તો સોનાનાં કોકરવાં છે અને તમારાં બાળકોનાં હાથપગમાં સોનારૂપાનાં ઘરેણાં છે એનું કેમ? એથી કાંઈ તાવ દૂર રહેશે?

ગ્રામ્યજન: એથી તો એ ન રહે.

સોક્રેટીસ: તો પછી આ ઘરેણાં કરતાં મચ્છરદાનીઓ લેવી એ વધારે સારૂં કે નહિ?

ગ્રામ્યજન: તમારા કહેવા ઉપરથી એમ લાગે છે ખરૂં.

સોક્રેટીસ: તમને તમારાં બાળકો વ્હાલાં છે, ખરૂં ના?

ગ્રામ્યજન: એમાં પૂછવુંજ શું હોય.

સોક્રેટીસ: ત્યારે તો તમને ઘરેણાંવાળા પણ બીમાર બાળક કરતાં ઘરેણાં વગરનું સાજુંતાજું બાળક જોઈને આનંદ થાય ખરૂં કે?

ગ્રામ્યજન: જી.

સોક્રેટીસ: ત્યારે મચ્છરદાની અને થોડું કવીનાઈન એ કાનની વાળી કે હાથની બંગડી કે કેડના કંદોરા કરતાં વધારે જરૂરનાં કે નહિ?

ગ્રામ્યજન: હાજી, એમજ.

સોક્રેટીસ: ત્યારે તો મને આશા છે કે તમે હવે આ પ્રમાણે કરશો, કારણ કે જરાક સંભાળ રાખ્યે આટલાં બધાં માણસો તાવની બીમારીથી પીડાતાં બચશે અને તમારાં બાળકો પણ સાજાંતાજાં રહેશે.

ગ્રામ્યજન: ભલે મહારાજ, અમે તમારી શાણી શિખામણ પ્રમાણે વર્તશું.

સોક્રેટીસ: વારૂ, ત્યારે હું હવે જઈશ, નમસ્કાર.

ગ્રામ્યજન: નમસ્કાર, મહારાજ, નમસ્કાર.

જ્ઞાતિભેદ અને આભડછેટ

એક વખત સોક્રેટીસ ગામના મોટેરાઓ સાથે બેસી હમેશની માફક વાતચીત કરતા હતા એવામાં ત્યાં એક ચમાર આવ્યો. તેને જોઈ ત્યાં બેઠેલા ખેડુતોમાંથી કોઈએ તેને તિરસ્કારપૂર્વક દૂર બેસવા કહ્યું. આ જોઈ સોક્રેટીસે પૂછયું કે એવો એણે શો અપરાધ કર્યો છે કે એને દૂર બેસાડો છો?

લોકોએ ઉત્તર આપ્યો કે એ ચમાર છે તે દૂર બેસે જ તો.

સોક્રેટીસ: ચમાર છે એટલે દૂર કેમ બેસે?

ગ્રામ્યજન: એની એવી હલકી જાત છે અને તે અસ્પૃશ્ય છે.

સોક્રેટીસ: ત્યારે તમને તે અડે તો તમે અભડાઓ, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: તમે સહુ આ ગામમાં જન્મ્યા છો કે?

ગ્રામ્યજન: એવો પ્રશ્ન કેમ પૂછયો? એનું કારણ કાંઈ સમજાણું નહિ.

સોક્રેટીસ: કારણનું તમારે શું કામ છે? હું વૃદ્ધ માણસ છું એટલે મારા વિચારો આમતેમ દોડ્યા કરે.

ગ્રામ્યજન: હાજી, અમે અંહિ જન્મ્યા છીએ.

સોક્રેટીસ: કોઈ બાળક જન્મવાનું હોય ત્યારે તમે કોઈ અનુભવી સ્ત્રીને પાસે રાખતા હશો, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી, અમારા ગામમાં જ એક સુયાણી છે.

સોક્રેટીસ: આ સુયાણી કોઈ ઉંચી જ્ઞાતિની હશે.

ગ્રામ્યજન: ના, ના. ઉંચી જ્ઞાતિની સ્ત્રીઓ એવું કામ ન કરે.

સોક્રેટીસ: ત્યારે એ કામ કોણ કરતું હશે?

ગ્રામ્યજન: અંહિ એક ચુડી* એ કામ કરે છે.

સોક્રેટીસ: આ દાઈ સ્ત્રીઓને બાળકોનો પ્રસવ થવાનો હોય ત્યારે તેમને અડે છે ખરી.

ગ્રામ્યજન: અડે જ તો.

સોક્રેટીસ: અને બાળકને પણ પ્રથમ તો તેજ અડે છે અને તેના મ્હોંમાં પોતાની આંગળી પણ નાંખે છે.

ગ્રામ્યજન: હાજી.

---

*ચુડા નામની એક અસ્પૃશ્ય જાતિ છે. પંજાબમાં આ વર્ગની સ્ત્રીઓ દાઈનું કામ કરતી હશે એમ લાગે છે. આપણે ત્યાં સુયાણીઓ અસ્પૃશ્ય વર્ગની નથી હોતી પણ જેને આપણે નીચલા વર્ગ માનીએ છીએ તેમાંની હોય છે અને અમૂક અંશે તે અસ્પૃશ્ય છેજ. સામાન્ય રીતે તેની આભડછેટ આપણે માનીએ છીએ.

સોક્રેટીસ: ત્યારે તો તમારી સ્ત્રીઓ, તમારી માતાઓ અને તમે સહુ જન્મતાં જ અભડાએલા છો. આમાં તમારી જાત ક્યાં રહી ?

આ સાંભળી આ ટોળીમાંના કેટલાક સ્હેજ ક્રોધે ભરાયા પણ તેઓમાં જે સમજુ હતા તેઓ આ બાબતમાં થતી ભૂલ જોઈ શકયા અને શરમાઈ ગયા.

સોક્રેટીસ: તમારા હાથમાં કાંટો વાગે અને હાથ સૂજી આવે ત્યારે તમે શું કરો છો ?

ગ્રામ્યજન: અમે હાથ મટે નહિ ત્યારે ડાકટર કને જઈએ છીએ.

સોક્રેટીસ: આ ડાકટર તો ચુડો હોય છે ને ? તમારે ત્યાં દાઈ આવે છે તેનો ધણી કે નહિ ?

ગ્રામ્યજન: ના, ના. તમે આમ કેમ બોલો છો ? ડાકટર તો ઉચ્ચ જાતિના ભણેલા માણસ છે.

સોક્રેટીસ: તમારી ગાય વીઆવાની હોય ત્યારે તમે કોને બોલાવો છો ?

ગ્રામ્યજન: કોઈ સારો ભરવાડ એ વાતનો જાણકાર હોય તેને.

સોક્રેટીસ: ત્યારે બાળકનો પ્રસવ થતાં સ્ત્રીને પીડા થતી હશે તેમ એ વખત મૂશ્કેલીવાળો અને કહિ કદિ વિકટ પણ હશે.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમને તમારી સ્ત્રીઓ ઉપર બહુ પ્રેમ હોય એમ દેખાતું નથી, અને તે અને તેમનાં બાળકો મરે કે જીવે એ વાતની પરવા જણાતી નથી.

ગ્રામ્યજન: આપ એમ કેમ બોલો છો? અમે સ્ત્રીઓ પૈસા ખર્ચીને પરણી લાવીએ છીએ એટલે અમને સ્ત્રીઓ વ્હાલી હોયજ; અને અમે બાળકોને બહુ ઇચ્છીએ છીએ તેમ તેમના ઉપર પ્યાર પણ બહુ કરીએ છીએ. તો પછી એમને મરવા કેમ દઈએ?

સોક્રેટીસ: ત્યારે તમારો હાથ સૂજી આવે ત્યારે તમે ડાકટર કને જાઓ છો, તમારી ગાય વીઆવાની હોય ત્યારે કોઈ અનુભવી ભરવાડને બોલાવો છો, પણ તમારી સ્ત્રીને બાળક અવતરવાનું હોય ત્યારે કોઈ શુદ્ર જાતિની ગંદીમાં ગંદી સ્ત્રીને બોલાવો છો એનું કેમ સમજવું?

ગ્રામ્યજન: (પોતાની ભૂલ જોઈને) મહારાજ, અમને માફ કરો: અમે બહુ અબુધ છીએ.

સોક્રેટીસ: તમે કોઈ ઉચ્ચ જાતિની કે તમારા વર્ગની સ્ત્રીઓને રાજકોટ કે અમદાવાદ ઇસ્પીતાલમાં સુયાણીનું કામ શિખવા મોકલો અને તેઓ તમારી સ્ત્રીઓને પ્રસવકાર્યમાં સફાઈથી, સુઘડતાથી અને સમજણપૂર્વક મદદ આપે એ આવી ગંદી અને અબુધ સુયાણીઓના કામ કરતાં વધારે સારૂં, ખરૂં કે નહિ?

ગ્રામ્યજન: હાજી. અમે તુરતજ એકાદ બે સ્ત્રીઓને સુયાણીનું કામ શિખવા મોકલીશું. આ બાબતમાં અમે આવા બેદરકાર અને ઘાતકી હતા એનું અમને ભાને ય નહોતું.

સોક્રેટીસ: હવે આ આભડછેટની વાત કરીએ. મળમુત્રની આભડછેટ લાગે કે નહિ?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમે મળમુત્ર અને ગંદવાડ કઈ રીતે દૂર કરો છો?

ગ્રામ્યજન: એ બધાને ભંગીઆઓ ગામ બહાર નાંખી આવે છે.

સોક્રેટીસ: તેઓ વખતે ગામની અંદર પણ એ બધું ભેગું કરે છે, નહિ?

ગ્રામ્યજન: હાજી. એ લોકો આળસુ છે એટલે એમ પણ કરે છે.

સોક્રેટીસ: તમે સવારમાં કળશે કયાં જાઓ છો?

ગ્રામ્યજન: ખેતરમાં.

સોક્રેટીસ: ઘણી વાર ગામની પાસે અને અંદર પણ બેસો છો, ખરૂં કે? અને કોઈવાર તો રસ્તા ઉપર પણ બેસો છો, નહિ વારૂ?

ગ્રામ્યજન: (શરમાઈને) આવું બને છે ખરૂં. લોક એવા આળસુ છે કે તેમને જરા દૂર જતાં આકરૂં લાગે છે.

સોક્રેટીસ: આ મળમુત્ર તડકે સુકાતું હશે, નહિ?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને પવન હોય ત્યારે એ બધું હવામાં ઉડતું હશે, નહિ કે?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને તમારાં ઢોર સવારે સીમમાં જાય અને સાંજના પાછાં ઘેર આવે ત્યારે તેમના જવા આવવાથી ધૂળ ઉડતી હશે, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: વળી જ્યારે વરસાદ વરસે છે ત્યારે આ બધ[ી] ધૂળ ધોવાઈ નદી કે તળાવમાં જાય છે અને એ પાણી તમારાં ઢો[ર] પીએ છે અને તમે તેમાં નહાઓધુઓ છો અને વખતે એ પાણી પીવા માટે પણ વાપરો છો, નહિ વારૂ?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: આ ધૂળનો ગારો થતો હશે અને એ કચરી તમે ઘેર આવતા હશો, ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને એ ધૂળ ઉડી તમારા દાણા વગેરેમાં પડતી હશે, નહિ વારૂ?

ગ્રામ્યજન? હાજી: એમ પણ બને.

સોક્રેટીસ: એની એ ધૂળ કોઈ વખત ઘરમાં પીવાના પાણીમાં તો કોઈવાર ખાધાપીધાની વસ્તુમાં પણ ઉડી પડતી હશે.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે રોજ આ ધૂળનો કંઈક ભાગ તમારા ખાવાપીવાની સાથે તમારા પેટમાં જતો હશે.

ગ્રામ્યજન: જી. એમ પણ બને.

સોક્રેટીસ: હવે આપણે આગળ કહી ગયા તે પ્રમાણે ધૂળમાં મળમૂત્ર તેમ મેલો કચરો ધૂળ રૂપે રહેલો છે, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમે તો એ તમારા પેટમાં જવા દો છો.

ગ્રામ્યજન: વાત તો ખરી લાગે છે.

સોક્રેટીસ: વળી એ શ્વાસ વાટે પણ તમારા પેટમાં જાય છે.

ગ્રામ્યજન: હાજી, જાય છે ખરી.

સોક્રેટીસ: તો પછી તમે તો પળેપળે તમારા ખાવામાં, ...ીવામાં અને શ્વાસ લેતાં અભડાતા રહો છો. હવે ઢેઢ ...ગીયાની વાત ક્યાં રહી? જો આમ છે તો પછી તમારી ...ચ જાતિનું અભિમાન રાખ્યા વગર અને ઢેઢ ભંગીને અસ્પૃશ્ય કરે ી તિરસ્કાર ન કરતાં, તમારા ગામની બહાર ઉંડા ખાડા ખોદી

તેમાં બધો ગંદવાડ અને કચરો નાંખવો અને એ ખાડાઓને સ્ત્રી, પુરૂષો અને બાળક વગેરે સહુ માટે પાયખાનાં તરીકે વાપરવા એ વધારે સારૂ કે નહિ? આટલું કરો તો તમારૂં ગામ જે હમણાં તમારી આળસ અને ગંદી ટેવોને લઈને આવું મેલું અને દુર્ગંધ મારતું રહે છે એ ન રહે.

ગ્રામ્યજન: જરૂર, સોક્રેટીસજી. અમે આપના કહેવા મુજબ કરીશું.

ઘરેણાં અને સ્ત્રીઓનું સમાજમાં યોગ્ય સ્થાન

ગામના મોટેરાઓ સોક્રેટીસ પાસે બેસી વાતો કરતા હતા તેવામાં ત્યાંથી બે સ્ત્રીઓ નીકળી. આમાંની એકને માથે પાણીનું બેડું હતું અને બીજીના માથે ખડનો ભારો હતો. આ બન્ને સ્ત્રીઓએ પોતાના પગ, હાથ, નાક અને કાનમાં કંઈક કંઈક રૂપા કે સોનાનું ઘરેણું પહેર્યું હતું.

આ જોઈ સોક્રેટીસે કહ્યું: મારા ભલા મિત્રો, આજે આપણે આ ઘરેણાની વાત કરીએ. એ સંબંધમાં હું કંઈ સમજતો નથી.

ગ્રામ્યજન: એમાં વળી તમને સમજવું શું અઘરૂં લાગ્યું? તમારા ડહાપણનો કંઈ પાર નથી.

સોક્રેટીસ: તમારી સ્ત્રીઓ આ બધાં ઘરેણાં કેમ પહેરતી હશે?

ગ્રામ્યજન: વાહ, આ કેવો પ્રશ્ન! અમે બધા ય, પુરૂષો અને છોકરાંઓ ઘરેણાં પહેરીએ છીએ: સ્ત્રીઓ વધારે પહેરે છે.

સોક્રેટીસ: એ ખરૂં: પણ તમે ઘરેણાં શા માટે પહેરો છો?

ગ્રામ્યજન: એનાં કારણ વિષે પૂછો છો? (ગમ ખાઇને) અમને લાગે છે કે એનાં ઘણાં કારણ હશે. એક તો એ કે એવો રિવાજ પડયો. વળી ઘરેણાં લાગે છેય સારાં અને અમને સહુને કંઈને કંઈ ઘરેણું પહેરવું રૂડું લાગે છે.

સોક્રેટીસ: તમને ઘરેણાં પહેરવા ગમે છે એનું એક કારણ એ છે કે એ રિવાજ પડયો, અને જો તમે એ રિવાજ પ્રમાણે ન ચાલો તો તમારી વાતો થાય. પણ કોઈ એક રિવાજ પડયો માટે એ સારો જ હોય એમ તો કંઈ નહિ હોય?

ગ્રામ્યજન: શા માટે નહિ?

સોક્રેટીસ: વારૂ, કોઈ લોક ચોરી કરવાનો રિવાજ પાડે તો તમે તે રિવાજને સારો ગણુશો ખરા કે?

ગ્રામ્યજન: નહિજ, એમાં વળી પૂછવું શું?

સોક્રેટીસ: ત્યારે પડયા એટલા બધા રિવાજ સારાજ છે એમ કંઈ નથી.

ગ્રામ્યજન: ના, એમ તો નથી દેખાતું.

સોક્રેટીસ: તો પછી રિવાજ કરતાં ઘરેણાં પહેરવાનું બીજું કોઇ યોગ્ય કારણ આપવું જોઈએ.

ગ્રામ્યજન: બીજું કારણ! (થોડીવાર વિચારીને) એ પહેરવું રૂડું લાગે છે.

સોક્રેટીસ: પણ આ સ્ત્રીઓ આપણે જોઈ તે તો બહુ મેલી

હતી અને તેમનાં કપડાં પણ બહુ ગંદા અને ફાટેલાં હતાં. વળી પેલાં છોકરાંઓ (હાથ વતી બતાવીને) ના હાથપગમાં ઘરેણાં છે છતાં એવાં મેલાં છે કે જાણે તેમણે કોઈ દિવસ પાણીજ ન જોયું હોય. એમનાં કપડાંનું ય કંઈ ઠેકાણું નથી.

ગ્રામ્યજન: ખરી વાતઃ પણ તોયે એનાં ઘરેણાંથી એ શોભે છે.

સોક્રેટીસ: વાહ! આ તો બહુ નવાઈની વાત! તમે અને તમારા ઘરનાં બધાંને જોઈએ તેટલું પાણી મફત મળે છતાં તમે મેલાં રહો અને કપડાનું બહુ ખર્ચ ન થાય છતાં ફાટ્યાં તુટ્યાં વસ્ત્ર પહેરો અને એના બદલામાં ઘરેણામાં ખર્ચ કરો અને પછી એ પહેરી શોભા માનો. આમ ઘરેણાં પહેરવાથી તમારી આળસ તેમ ગંદાપણું ઢંકાઈ જતું હોય એમ તમે માનતા દેખાઓ છો.

ગ્રામ્યજન: નાજી, એમ તો છેક નથીઃ ઘરેણાંથી રૂડા તો લાગીએજ છીએ.

સોક્રેટીસ: (ક્રોધે ભરાઈ મ્હોટા અવાજથી) ઈશ્વરે તેમને રૂપાળા બનાવ્યા છે અને તમે એ રૂપને ચીંથરાં અને મેલ વતી બગાડો છો અને પાછા વળી ઘરેણાં પહેરાવી એ રૂપને ઢાંકવા પ્રયત્ન કરો છો.

ગ્રામ્યજન: મહારાજ, અમને મા શરમાવો.

સોક્રેટીસ: ઈશ્વરે સાંભળવા માટે કાનમાં એક કાણું કર્યું અને તમે તેમાં બીજું કાણું પાડી વાળી વગેરે પહેરાવો છો. આથી શોભા વધે છે કે ઘટે છે?

ગ્રામ્યજન: મહારાજ, અમારી હાંસી ન કરોઃ અમે આ વાતમાં સુધારો કરીશું.

સોક્રેટીસ: વળી આ ઘરેણું તમે જેમ વધારે પહેરો તેમ

તે વધારે ઘસાય છે, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને સ્ત્રીઓ જેમ ઘરેણું ઝાઝું પહેરે તેમ તે એક બીજીની ઇર્ષ્યા કરે છે અને પછી વધારે વધારે ઘરેણું માગી પુરૂષોના જીવ ખાઇ જાય છે, એ પણ ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી. એ વાત પણ સાચી.

સોક્રેટીસ: તો પછી તે જેમ ઓછું પહેરાય તેમ બધી રીતે સારૂં.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: વળી સહુથી વધારે મૂર્ખાઈભરેલી વાત તો એ છે કે આવાં મજાનાં, સુશોભિત અને નાજુક ઘરેણા રાતદિવસ, ઘરકામમાં કે વાશીદું વાળતાં કે છાણ થાપતાં કે એવા બીજા કામ કરતાં કરતાં પહેરી રાખવું, અને તે પણ મેલાં ફાટેલાં લુગડાંવાળા શરીરે. કોઈ શુભ પ્રસંગ હોય કે કોઈ મેળે કે એવા સ્થાને જવું હોય ત્યારે નાહીધોઈ સાફ થઈ અને સારાં લુગડાં પહેરી પછી ઘરેણાં પહેરો એ તો બરાબર.

ગ્રામ્યજન: આપનું કહેવું વ્યાજબી છે.

સોક્રેટીસ: ઘરેણા ખરી શોભા તો ત્યારેજ આપે, ખરૂં ના?

ગ્રામ્યજન: પણ મહારાજ, અમારે શું કરવું? સ્ત્રીઓને ઘરેણાં પહેરવાની ઈચ્છા બહુ અને માગ્યા કરે એટલે અમારે શું કરવું?

સોક્રેટીસ: સ્ત્રીઓ ઝેર માગે તો તમે આપો ખરા કે?

ગ્રામ્યજન: નાજી: એમાં તો વળી પૂછવું શું છે?

સોક્રેટીસ: તો પછી એમાં સ્ત્રીઓનો જ દોષ નથી: તમે પણ ઘરેણાંને એટલાં જ ચાહો છો.

ગ્રામ્યજન: ખરૂં પૂછો તો એમજ છે.

સોક્રેટીસ: તો પછી આમાં થતા નુકશાન માટે સ્ત્રીઓ ઉપર જ દોષ નહિ મૂકતા.

ગ્રામ્યજન: નુકશાન! આમાં નુકશાન તો નથી દેખાતું. ઘરેણાં એ તો એક જાતની પુંજી છે.

સોક્રેટીસ: તમે સો રૂપીઆનું ઘરેણું વેચાતું લ્યો ત્યારે તમને ખરેખર કેટલા રૂપીઆનું મળતું હશે?

ગ્રામ્યજન: જો સોની પ્રમાણિક હોય તો એંશીનું અને નહિ તો સીતેર કે સાઠ રૂપીઆનું પણ થઈ જાય.

સોક્રેટીસ: ત્યાર પછી તે ઘસાતું ઘસાતું દસેક વર્ષમાં ત્રીસેક રૂપીઆનું થઈ જતું હશે, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને વળી ખોવાય કે ચોરાઈ જાય તો બધું એકસામટું જાય, નહિ?

ગ્રામ્યજન: એ પણ ખરી વાત.

સોક્રેટીસ: અને ઘરમાં બહુ ઘરેણાં હોય તો રાત્રે ઉંઘ પણ પૂરી ન આવે અને બારીબારણાં બંધ રાખવાં પડે અને તેને લીધે જોઈએ તેટલી ચોખ્ખી હવા ન મળતાં શરીર ખરાબ થાય એ તો વળી જૂદું. વાહ, ઘરેણાં પુંજી તો ખરી! હવે ધારો કે આ સો કે પાંચસો કે હજાર રૂપીઆનાં ઘરેણાં લેવાને બદલે એ રૂપીઆ સરકારી બેંકમાં મૂકયા હોય તો તેના દસ વર્ષમાં કેટલા રૂપીઆ થાપ?

ગ્રામ્યજન: બમણા જેટલા તો થતા હશે.

સોક્રેટીસ: તો પછી ઘરેણાંથી લાભ કે આથી લાભ?

ગ્રામ્યજન: અમે તો રૂઢિયા ગુલામ છીએ.

સોક્રેટીસ: પણ પૈસા ન હોય અને તમારી સ્ત્રીઓ ઘરેણાં માગે તો શું કરો?

ગ્રામ્યજન: દેવું કરીને પણ ઘડાવી આપવું પડે છે.

સોક્રેટીસ: ત્યારે તો દેવું ચઢતું જાય અને ઘરેણું ઘસાતું જાય એમ થતું હશે.

ગ્રામ્યજન: હાજી. એમ જ બને છે.

સોક્રેટીસ: આ તો પાયમાલી જ પાયમાલી. અરે મારા ભોળા ભાઈઓ, તમને કયારે સમજણ આવશે?

ગ્રામ્યજન: મહારાજ, પણ અમારી સ્ત્રીઓ અને અમારાં બાળકોને ઘરેણાં વગર ચેન ન પડે.

સોક્રેટીસ: આપણે સહુ શોભાને ઇચ્છીએ છીએ અને સુખચેન માગીએ છીએ. એ આપણામાં પરમાત્માએ મૂકેલા દૈવી અંશને લીધે છે.

ગ્રામ્યજન: મહારાજ, આપે અમારા મનની વાત અમારા કરતાં યે સારી રીતે બતાવી આપી.

સોક્રેટીસ: અને તમે એમ માનો છો કે શોભા પામવાની અને સુખચેનની આ સ્વભાવિક ઇચ્છા ઘરેણાંથી પૂરી થાય છે?

ગ્રામ્યજન: અમારા ગામડાઓમાં તો બીજું શું હોઈ શકે?

(આ વખતે ત્યાંથી એક ઘોડી નીકળી અને તેની પાછળ તેનો વછેરો કુદકા મારતો જતો હતો.)

સોક્રેટીસ: (તેમના તરફ નજર નાંખીને) જુઓ આ બન્ને જાનવર! તેઓ કેવાં સુંદર અને સુખી છે! પણ તેમના શરીર ઉપર ઘરેણાં નથી. છતાં માણસ જાનવરથી ઉત્તમ છે. ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી. એમ મનાય છે ખરૂં; પણ સોક્રેટીસજી,

તમે તમારા આવા અટપટ્ટા પ્રશ્નથી અમારા મનમાં એ વાતની શંકા ઉપજાવો છો.

સોક્રેટીસ: ત્યારે મને લાગે છે કે તમારાં છોકરાંઓ હમેશાં સુખી નહિ હોય.

ગ્રામ્યજન: જી, તેઓ ખુબ રમે છે પણ રડે છે ય એટલુંજ.

સોક્રેટીસ: વારૂ, જે ઘરમાં ગંદવાડ, રોગ, દુઃખ વગેરે હોય ત્યાં આનંદ શાનો હોય? પણ આ જાનવર સુખી અને શોભીતાં લાગે છે અને તમારી સ્રીઓ અને તમારાં બાળકો એવાં ઘણીવાર નથી હોતાં એનું શું કારણ સમજવું?

ગ્રામ્યજન: અમે એ વાતમાં કાંઈ સમજતા નથી.

સોક્રેટીસ: ત્યારે હું કારણ આપું?

ગ્રામ્યજન: તમારી દયા એટલી.

સોક્રેટીસ: વારૂ, પહેલું કારણ એ છે કે જાનવર સાફ રહે છે અને સ્વચ્છતાથી આરોગ્ય વધે છે અને આરોગ્યથી સુખ મળે છે. તેઓ ખુલ્લી હવામાં રહે છે અને પોતે બહુ સ્વચ્છ રહે છે તેમ પોતાના બચ્ચાંને પણ તેઓ બહુ સ્વચ્છ રાખે છે, કેમ જાણે એ વાતની તેઓને ખાસ ચાડ હોય. પણ તમે ગંદા દુર્ગંધ મારતા ગામોમાં રહો છો અને તમારી ચારે બાજુ છાણ, મળમુત્ર, કચરો વગેરે સડતાં પડયાં હોય છે અને તે બધું હવામાં ઉડી તમારા ખાનપાનમાં ભળી જાય છે. તમારા શ્વાસ વાટે તે તમારા પેટમાં જાય છે. તેના ઉપર માખીઓ બેસે છે અને તે પાછી તમારા ખોરાક ઉપર કે બાળકોના મોઢાં અને આંખો ઉપર બેસે છે. તમે સહુ અંધારા બારી વગરનાં ઘરમાં રહો છો અને તેમાં પ્રકાશ કે હવા આવવા દેતા નથી. તમારી સ્રીઓ પોતે બહુ નહાતીધોતી નથી તેમ પોતાનાં બાળકોને ય

સ્વચ્છ રાખતી નથી. તમે પોતે ય મેલાં રહો છો. આ બધાં કારણથી તમે નબળા થાઓ છો અને પરિણામે બધા રોગ તમારે ત્યાં ઘર કરી રહે છે. તમે સ્વચ્છ રહો: તમારાં બાળકોને સ્વચ્છ રાખો: તમારાં વસ્ત્ર નિર્મળ રાખો: ઘરમાં બારીઓ રાખો: તમારાં ગામડાં ચોખ્ખાં રાખો અને રહેણીકરણીમાં ચોખ્ખાઈની ટેવ પાડો. આ બધાના પરિણામે તમારી સ્ત્રીઓ અને તમારાં બાળકો ચોખ્ખાં અને નિરોગી બનશે અને તેને લીધે તમે સહુ સુખી પણ થશો.

ગ્રામ્યજન: મહારાજ, તમે બહુ આકરી વાત કરો છો. એ બધું અમારાથી કેમ બની શકે?

સોક્રેટીસ: આમાં મેં તમને એક પાઈનું ખર્ચ કરવાનું કહ્યું ખરૂં?

ગ્રામ્યજન: નાજી.

સોક્રેટીસ: તો પછી ખામી માત્ર કામ કરવાની હોંસની અને મહેનતની રહી.

ગ્રામ્યજન: આપે અમારા દોષ બરાબર પારખ્યા.

સોક્રેટીસ: હું જે વાત કરૂં છું એમાં તો ઉલટાનો તમારો પૈસો બચવાનો. મારી શીખામણ પ્રમાણે ચાલશો તો તમારે આટલું બધું ઘરેણું લેવાનું નહિ રહે.

ગ્રામ્યજન: ખરેખર.

સોક્રેટીસ: ઘરેણાં ઓછાં પહેર્યાં હોય પણ શરીરે નીરોગી તેમ સ્વચ્છ હોય એવાં સ્ત્રીઓ અને બાળકો બહુ ઘરેણાં પહેર્યાં હોય પણ શરીરે મેલાં અને રોગી હોય એવાં કરતાં તો વધારે સારાં અને રૂડાં લાગે, નહિ વારૂ?

ગ્રામ્યજન: ચોક્કસ.

સોક્રેટીસ: વળી આમ કરતાં પૈસો બચે તેનો ઉપયોગ તેમના શિક્ષણ અર્થે શા માટે ન કરવો? અથવા તેઓ માંદા હોય ત્યારે દવાદારૂ માટે કે તાવ વગેરેથી બચવા માટે મચ્છરદાની વગેરે સાધનો લેવામાં કેમ ન કરવો?

ગ્રામ્યજન: મહારાજ, જરૂર કરવો જોઈએ. પણ અમારી સ્ત્રીઓની વાતજ શી કરવી. એમને તો ઘરેણાં લઈ અને પહેર્યેજ છુટકો.

સોક્રેટીસ: એમાં ય જરૂરજોગુ અને યોગ્ય લાગે તેટલું કરવું, પણ તેમાં તણાવું નહિ તેમ દેવું કરીને તો કદિ પણ ન કરવું. હું તમને સાધુબાવા થઈ જવાનું કહેતો નથી.

ગ્રામ્યજન: પણ આટલાથી સ્ત્રીઓને સંતોષ મળવાનો નથી.

સોક્રેટીસ: શા માટે?

ગ્રામ્યજન: તેઓ પોતાના ઘરમાં સદા સુખી હોતી નથી. વળી તેમને ઘરનો કે બીજી પુંજીનો ભાગ મળતો નથી એટલે ઘરેણાં એ એકજ તેમની પુંજી છે. આ કારણથી તેઓ બને તેટલા ઘરેણાં કરાવી લેવા ઈચ્છે છે. વળી તેઓ જો વિધવા થાય તો ઘરેણાં જવાબ દેશે એવું તેઓ માને છે તેથી પણ ઘરેણાં ઈચ્છે છે.

સોક્રેટીસ: ત્યારે તમારી સ્ત્રીઓને ઘરેણાં સિવાય બીજી પુંજી હોતી નથી.

ગ્રામ્યજન: નાજી.

સોક્રેટીસ: આને લીધે તેઓ જેટલાં બને તેટલાં ઘરેણાં કરાવી લે છે અને એ માટે તમને સતાવે છે.

ગ્રામ્યજન: હાજી, એમજ છે.

સોક્રેટીસ: સ્ત્રીઓ આ પ્રમાણે પોતાની પુંજી કરે છે એ

બતાવે છે કે તેમને તમારામાં પૂરો વિશ્વાસ નથી, ખરૂં કે?

ગ્રામ્યજન: મહારાજ, એમાં અમે શું કરીએ?

સોક્રેટીસ: આ બતાવે છે કે તમે તેમના વિશ્વાસને પાત્ર નથી.

ગ્રામ્યજન: હાજી: એમ લાગે છે.

સોક્રેટીસ: તમે તમારી સ્ત્રીઓને માન પણ બહુ આપતા દેખાતા નથી.

ગ્રામ્યજન: નાજી: સ્ત્રીઓ અમારૂં માન રાખે છે.

સોક્રેટીસ: ત્યારે તમારી સમાજમાં સ્ત્રીઓનું સ્થાન બહુ ઊંચું નહિ હોય?

ગ્રામ્યજન: ના, નહિજી.

સોક્રેટીસ: તમારો જન્મ સ્ત્રીઓથી છે, તમારાં બાળકો સ્ત્રીઓથી જન્મે છે અને તમારી વહુ દીકરીઓ પણ બાળકોને જન્મ આપશે, ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે સ્ત્રીઓ તમારાથી જુદી કઈ રીતે થઈ? એ તમારાં અંગ છે અને તમે તેમનાં અંગ છો.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: હવે જો તેઓ માનને પાત્ર ન હોય, તો પછી તમે, તમારાં બાળકો અને તમારાં પ્રૌત્રપ્રૌત્રીઓ પણ માનને પાત્ર કેવી રીતે રહો?

ગ્રામ્યજન: જી, ન રહીએ.

સોક્રેટીસ: તમે તમારાં બાળકો ઉપર પ્યાર કરો છો?

ગ્રામ્યજન: બહુજ.

સોક્રેટીસ: એમ છતાં જે સ્ત્રી તેમને જન્મ આપે છે,

તેમને ધવડાવી અને બહુ જતનથી સંભાળી મોટાં કરે છે અને તેમને તેમની બહુ કુમળી વયમાં અને જીવનના અતિ ઉપયોગી સમયમાં શિક્ષણ આપે છે તેને તમે તમારાથી નીચી ગણો છો. અને કોઈ કોઈ વાર તો તેમનો તિરસ્કાર પણ કરો છો. આથી વધારે મૂર્ખતા બીજી કઇ હોય! ખરેખર, સ્ત્રીઓ તો તમારાં કરતાં પણ વિશેષ માનને પાત્ર છે, કેમકે તેઓ જ બાળકોને જન્મ આપે છે અને તેમને સંભાળી મોટાં કરે છે અને એ રીતે તેઓ સંસારને નીભાવ્યે જાય છે. વળી ઘર પણ તેમને લઇને જ છે.

ગ્રામ્યજન: આપ ખરૂં કહો છો.

સોક્રેટીસ: તેઓ તો તમારી બધી રીતે ભાગીદાર છે.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: તો પછી તમે તેમને યોગ્ય માન આપો અને તેમને બાળકોને ઉછેરવા તેમ કેળવવા માટે જોઈતું શિક્ષણ આપો તો તેઓ તમારી પાસે બહુ ઘરેણું માગશે નહિ, અને પોતાનાં સ્વચ્છ, નીરોગી અને સુંદર બાળકોથી તેમ સુખી ઘરથી સંતોષ માનશે.

ગ્રામ્યજન: મહારાજ, એ વાત બરાબર છે.

સોક્રેટીસ: તમારા મનુ મહારાજે કહ્યું છે કે જ્યાં સ્ત્રીઓને માન અપાય છે ત્યાં દેવ પ્રસન્ન થઈ રહે છે.

ગ્રામ્યજન: હાજી, એ અમે સાંભળ્યું છે.

સોક્રેટીસ: વળી આ દુનિયામાં ભગવાને જે સુંદર વસ્તુઓ બનાવી છે તે બાળકો અને જાનવરનાં બચ્ચાંઓ જ છે કે બીજી કંઈ હશે?

ગ્રામ્યજન: સુંદર વસ્તુઓ તો ઘણી હશે. જુઓને, ફૂલ કેવાં રૂપાળાં છે!

સોક્રેટીસ: ત્યારે તો તમારા ઘરમાં ફૂલ પણ ખુબ હોવાં જોઈએ, કારણ કે તમને બધાને રૂપાળી અને શોભાવાળી વસ્તુઓ બહુ ગમે છે.

ગ્રામ્યજન: (હસીને) નાજી, ફૂલને અમે શું કરીએ!

સોક્રેટીસ: ત્યારે તમે સુંદર વસ્તુઓને ચાહુતા નથી એમ માનવું શું?

ગ્રામ્યજન: નાજી, એમ તો નથી. પણ અમારે એવો વખત કયાંથી હોય કે અમે ફૂલઝાડ વાવીએ અને તેની માવજત કરીએ. વળી તેનાં બી વગેરે કયાંથી લાવવાં?

સોક્રેટીસ: તમારી સ્ત્રીઓ ફૂલઝાડને વાવી તેમની માવજત કેમ ન કરે? થોડાક ફૂલના રોપનું જતન કરવા જેટલો વખત તો તેમને રહેતોજ હશે. સારી સ્ત્રીને પોતાનું ઘર શણગારવા જેટલો સમય રહેજ. વળી તેમને ઘરમાં શોભા જોઈતી હોય તો તેમણે નહાની વયે ભરતકામ અને ગુંથણુ શિખવું જોઈએ અને પોતાની દીકરીઓને પણ એવું કામ શિખવવું જોઈએ. આથી તેઓ સુંદર વસ્તુઓ બનાવી પોતાના ઘરને તેમ શરીરને સારી રીતે શણગારી શકશે અને તેમને ઘરેણાંની ગરજ બહુ નહિ રહે. આમ થતાં સ્ત્રીઓમાં સહુથી મ્હોટી સ્ત્રી બહુ પૈસાવાળી કે ઘરેણાંવાળી નહિ પણ તે બહુ ડાહી અને પોતાનાં ઘર અને બાળકોને સ્વચ્છ અને સુશોભિત રાખી શકે તે ગણાશે.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમે આપના કહેવા મુજબ વર્તીશું.

સોક્રેટીસ: ત્યારે વાતનો સાર એ છે કે તમારે તમારી સ્ત્રીઓને શિક્ષણ આપવું, તેમને ઘરના સમાન ભાગીદાર તરીકે માન આપવું, તેમને ઘર સુંદર કરવામાં અને બાળકોને સ્વચ્છ અને સુખી કરવામાં મદદ કરવી, તેમને ભરતકામ, ગુંથણુ વગેરે

શિખવી ઘર તેમ બાળકોને શણુગારવામાં અને ઘેર ફૂલ ઉગાડવામાં સહાયતા આપવી. તમારા ગામડાઓ પણ સ્વચ્છ અને રહેવા લાયક રાખવાં. આટલું કરશો તો ઘરેણાંની જરૂર બહુ નહિ રહે; અને થોડા પૈસા બચાવી તમે તે બેંકમાં મૂકી શકશો. તે પૈસા ત્યાં દિન પ્રતિદિન વધતા જશે. વળી આમ કરતાં ઘરેણાં લેવા માટે દેવું કરવું પડે છે તેમાંથી બચશો અને ઘરેણાં ઘસાઈને ઓછા મુલ્યના થઈ જાય છે તેમ નહિ થાય એ તો જૂદુંજ છે. આ સર્વના પરિણામે તમારૂં તેમ તમારા કુટુંબનું જીવન આનંદમય અને સુખી થશે.

ગ્રામ્યજન: ખરેખર, મહારાજ, તમારી શિખામણ બહુ સારી છે અને એ પ્રમાણે અમે કરીશું પણ ખરા, જો કે તેમ કરવામાં ઘણો કાળ જશે અને અમને મુશ્કેલી પણ બહુ નડશે.

પાણી, બળતણ અને ખાતર

એક વખત સોક્રેટીસ ગામમાં આવ્યા ત્યારે તેણે કેટલાક છાણાંના મોઢવા તૈયાર થયેલા અને બીજા કેટલાક સ્ત્રીઓને હાથે તૈયાર થતા જોયા. આ વેળા પુરૂષો ત્યાં ખાટલાઓ ઉપર બેસી હોકો પીતા પીતા વાતોના તડાકા મારતા હતા અને ચારે બાજુ ગંદવાડ અને કંગાળીયતનાં ચિન્હ દેખાતાં હતાં.

સોક્રેટીસે કહ્યું: નમસ્કાર, ભાઈઓ, નમસ્કાર, કેમ છો?

ગ્રામ્યજન: નમસ્કાર, મહારાજ, આપ મજામાં છો?

સોક્રેટીસ: હું તો હમેશાં મજામાં છું. પણ તમે આમ કેમ થઈ રહ્યા છો?

ગ્રામ્યજન: મહારાજ, શું કરીએ? આ અમારી જમીન નખાતરી થઈ ગઈ છે. અને જે કાંઈ થોડો ઘણો પાક થાય છે તે ભૂંડ, શિયાળ અને ઉંદર ખાઈ જાય છે. વળી વરસાદ પણ જોઈએ એવા થતા નથી એટલે કુવા ખોટા થઈ ગયા છે. બાકી હતું તે તાવે પૂરૂં કર્યું. અમે તો ભાદરવા મહિનાના હેરાન હેરાન થઈ ગયા છીએ. નથી ઢોરને નીરણ પૂરી કે નથી ઘરમાં ખાવા દાણા પરા. આમાં અમે શું કરીએ?

આ વાત થતી હતી ત્યાં તો એક પવનનો ઝપાટો આવ્યો અને ધૂળ ને છાણ ને કચરો ઉડીને સોક્રેટીસ અને ત્યાં હતા તે બધાના મ્હોં ઉપર પડ્યાં. આથી બીજાઓને કંઈ હરકત ન આવી પણ સોક્રેટીસને તેના મ્હોંમાં ધૂળ જવાથી ઉધરસ આવવા લાગી અને તેની આંખો પણ બળવા લાગી.

આ જોઈ સોક્રેટીસે કહ્યું "આ તો બહુ ખરાબ."

ગ્રામ્યજન: એ તો રોજનું છે. વા વાય ત્યારે તો એમ થાયજ તો અમે તો ટેવાઈ ગયા છીએ એટલે અમને એનું કશું લાગતું નથી.

સોક્રેટીસ: પણ ત્યારે તમે ફર્યાદ કેમ કરો છો કે અમારી જમીન નખાતરી થઈ ગઈ છે? આ બધો કચરો તમે ખાડામાં ભરી રાખતા હો અને તેમાં સોડ થાય ત્યારે તેનું ખાતર કરતા હો તો જમીન સારી થાય કે નહિ?

ગ્રામ્યજન: પણ એ બધું કરવાનો વખત કયાંથી કાઢવો? અમે તો ગરીબ માણસ કહેવાઈએ. એમ ગામ સાફ કરવું અને કચરો ભેગો કરવો એતો પૈસાદારને પાલવે.

સોક્રેટીસ: પણ આ ગામડાંઓને ગંદા રાખો એટલી

તમારી ગરીબાઈ વધે. જે કચરો ગામડાંને ગંદુ કરે તે તમારાં ખેતરને સુધારે, ખરૂં ના? વળી તમારી પાસે પૈસો કેમ નથી? તમારી પાસે ધન ભેગું ન થવાનું કારણ હું સમજી શકતો નથી. હું તમારી કને આવતો હતો ત્યાં રસ્તે મેં કેટલાંય ઝાડ જમીન ઉપર પડેલાં અને સડતાં જોયાં. આવાં ઝાડનું લાકડું મફત મળતું હોય છતાં તે નકામું પડયું રહે એ તો ધનવાનજ કરી શકે.

ગ્રામ્યજન: એ લાકડાનું અમારે શું કરવું? અંહિ બજાર નથી કે અમે તે લઈ જઈ વેચીએ.

સોક્રેટીસ: તમારે તે શા માટે વેચવું જોઈએ? તેનું બળતણ કરોને.

ગ્રામ્યજન: એ માટે તો છાણાં પુષ્કળ છે.

આ સાંભળી સોક્રેટીસ હસી પડયા.

ગ્રામ્યજન: આપ કેમ હસો છો?

સોક્રેટીસ: હું હસુ નહિ તો શું કરૂં? તમારા ઢંગજ એવા છે તો. તમે તમારી જમીન નખાતરી છે એમ કરી રૂઓ છો અને છાણાં તો બાળી નાંખો છો. આ છાણાંનું પહેલેથી ખાતર કર્યું હોત તો તેની અત્યારે કિમત છે તેના કરતાં ખાતર તરીકે દસ ગણી કિમત થાત. અને જેનું બળતણ કરવું જોઈએ એવાં ઝાડને ઉધઈ ખાઈ જાય છે. ગરીબ માણસો આમ ઉધઈને કિમતી ચીજો ખવડાવી ન દે. છાણાંનું આ મોઢવું ખડકયું છે તે કેટલા રૂપીઆનું ગણાય?

ગ્રામ્યજન: પાંચેક રૂપીઆનું તો ગણાય.

સોક્રેટીસ: હવે ખાતર તરીકે એટલા છાણાંના છાણની કિમત કહો જોઈએ?

ગ્રામ્યજન: એનું ખાતર કર્યું હોય તો ખાંડી એક દાણો વધારે નીપજે અને નીરણ પણ બમણી થાય.

સોક્રેટીસ: ત્યારે તો એના પચાસેક રૂપીઆ થયા.

ગ્રામ્યજન: હાજી, એટલા તો થતા હશે.

સોક્રેટીસ: ત્યારે તમારી જમીન નબળી છે અને તમે ગરીબ છો એનું કારણ કંઈ સમજાણું?

ગ્રામ્યજન: આવી તો અમને ખબર ન હોતી, મહારાજ.

સોક્રેટીસ: બીજું, આટલાં છાણાં કેટલે વખતે થતાં હશે?

ગ્રામ્યજન: ત્રણેક માસ લાગે ખરા.

સોક્રેટીસ: તમારી સ્રીઓ ત્રણ મહીના આવી મેલી મજુરી કરે ત્યારે રૂપીઆ પાંચ તમને મળે, ખરૂં ના? તમે દરજીને એક પહેરણ તૈયાર કરવા માટે શું આપો છો?

ગ્રામ્યજન: ચારથી છ આના.

સોક્રેટીસ: એમાં એને કેટલો વખત લાગતો હશે?

ગ્રામ્યજન: બે કલાક તો માંડ લાગે.

સોક્રેટીસ: ચાર આનાનાં છાણાં થાપતાં કેટલા દિવસ લાગે?

ગ્રામ્યજન: છ સાત દિવસ તો થઈ જાય.

સોક્રેટીસ: તો પછી તમારી સ્રીઓ આમ છાણાં થાપવાને બદલે પહેરણ વગેરે કપડાં શીવે તો એ વધારે સારૂં નહિ?

ગ્રામ્યજન: અમારી સ્રીઓને શીવતાં કયાંથી આવડે?

સોક્રેટીસ: ન આવડે એ ખરૂં છે, કેમકે તમારી સ્રીઓ જન્મી ત્યારથી તેઓ ઘંટી અને છાણાંની ગુલામ છે. પણ આ બેમાં સારૂં કામ કયું—છાણાં થાપવાનું કે કપડાં શીવવાનું?

ગ્રામ્યજન: કપડાં શીવવાનું જ તો.

સોક્રેટીસ: ત્યારે તમારાં કપડાં તો તમારો દરજી કરે છે

કે જેને તમે વસવાયો કહી હલકો માનો છો, અને તમે ઉચ્ચ વર્ણના છો એવો દાવો કરો છો છતાં તમારી સ્ત્રીઓ તો છાણાં થાપતી રહી છે.

ગ્રામ્યજન: (સ્હેજ ગુંચવાઈ) હાજી: વાત તો ખરી છે.

સોક્રેટીસ: તો પછી દરજી છાણાં થાપે અને તમારી સ્ત્રીઓ કપડાં શીવે તો?

ગ્રામ્યજન: એમ કેમ બને? દરજી છાણાં થાપવાની ચોખ્ખી ના પાડે.

સોક્રેટીસ: એ તો કદાચ ના ન પાડે, પણ હું તો છાણાં થાપવાનીજ વિરૂદ્ધ છું. આ છાણાં જ તમારી ગરીબાઈનું મૂળ છે.

ગ્રામ્યજન: ત્યારે અમારે રાંધવું શા વતી?

સોક્રેટીસ: વાહ! તમારા ગામને પાદરજ જોઈએ એટલું લાકડું સડયા કરે છે અને તેને ઉધઈ ખાઈ રહી છે: વળી કપાસની સાંઠી, તલસરાં, કડબ વગેરે ઘણી ચીજોનો ઉપયોગ બળતણ તરીકે થઈ શકે છે.

ગ્રામ્યજન: પણ આ બધું બળતણ તરીકે વાપરીએ તો દૂધ ઉકાળતી વખતે સ્ત્રીઓને પાસે બેસી નજર રાખવી પડે ના?*

સોક્રેટીસ: તો એમાં શી હરકત? અત્યારે છાણાં થાપવામાં જે સમય લાગે છે તે દૂધ ઉકાળવામાં લગાડી શકાય: પણ દૂધ ઉકાળતાં શીવણ કે ગુંથણ થાય એ જુદું. પણ હવે તો દૂધમાંથી માખણ કાઢવાના સંચા આવે છે અને તેનો ઉપયોગ કર્યે માંખણ વધારે નીકળે છે અને તે પણ ચોખ્ખું. આનું ઘી કરવામાં બળતણ માંડ પાંચમો ભાગ જોઈએ. પણ તમે કહેતા હતા ને

---

* છાણાંનો તાપ ધીમો હોવાથી દૂધ ઉભરાવાનો સંભવ નથી તેથી ત્યાં હાજર રહેવાની બહુ જરૂર રહેતી નહિ હોય.

કે તમારી પાસે ઢોરને માટે નીરણ પૂરી નથી?

ગ્રામ્યજન: હાજી: એનો ટોટો અમારે હમેશાં રહે છે.

સોક્રેટીસ: ત્યારે એનું કારણ પણ એજ નહિ હોય? તમે છાણ, કચરો, મેલું વગેરે ખેતરમાં લઈ ન જાઓ અને ખેતરમાં ખાતર ન નાંખો તો પછી તેમાં નીરણ ક્યાંથી થાય?

ગ્રામ્યજન: ખાતર તો નાંખીએ, પણ વરસાદ ન આવે એનું શું કરવું?

સોક્રેટીસ: તમારા ગામને પાદર તળાવ છે તેના પાણીનો ઉપયોગ કેમ નથી કરતા?

ગ્રામ્યજન: ચોમાસામાં એમાં પાણી એટલું આવે છે કે અમારાં થોડાંક ખેતર બુડી જાય છે અને અમે એમાં કાંઈ વાવેતર પણ કરી શકતા નથી.

સોક્રેટીસ: પાણી હોય ત્યારે એમાંથી ધોરીઆ કેમ કાઢતા નથી?

ગ્રામ્યજન: એવું તો અમે કોઈ દિવસ કર્યું નથી. અમારે ત્યાં એવો રિવાજ નથી અને અમારી પાસે એ કરવા પૈસા ય નથી.

સોક્રેટીસ: સરકાર પાસેથી તગાવી લઈ અથવા ગ્રામ્ય-બેંકોમાંથી પૈસા લઈ આ બધું કરો તો થાય.

ગ્રામ્યજન: પણ ઉનાળામાં એમાં પાણીનો છાંટો ય રહેતો નથી.

સોક્રેટીસ: એ ઠીક, પણ શિયાળુ પાક તો સારો આવી શકે ના? અને તળાવમાં ખાડા ખોદો તો પાણી એટલું મળે કે એમાં શેરડીનો વાડ પણ થાય.

ગ્રામ્યજન: પણ શેરડી સુવરડાં ખાઈ જાય છે. એ તો નકામી મહેનત છે.

સોક્રેટીસ: સુવરડાં આવે છે કયાંથી?

ગ્રામ્યજન: જંગલમાંથી.

સોક્રેટીસ: જંગલમાં એ કયાં રહેતાં હશે?

ગ્રામ્યજન: જંગલમાં બોરડીનાં જાળ* વગેરેનો આશ્રય લઈ એ રહે છે.

સોક્રેટીસ: પણ તમારે સુવરડાંની જરૂર ન હોય તો આ ઝાડ તમે શા માટે વાવો છો?

ગ્રામ્યજન: (હસીને) સોક્રેટીસજી, એ ઝાડ તો વાવ્યા વગર ઉગે છે.

સોક્રેટીસ: પણ તમારે એ ઝાડની જરૂર ન હોય તો તમે તેમને શા માટે રહેવા દો છો?

ગ્રામ્યજન: એની મેળે થાય એનું શું કરવું?

સોક્રેટીસ: એની મેળે? તમારા ઘરમાં એ ઝાડ ઉગવા દો છો ખરા કે?

ગ્રામ્યજન: નાજી.

સોક્રેટીસ: ધારો કે તમારા ફળીમાં એ ઝાડ આપોઆપ ઉગે તો તમે શું કરો?

ગ્રામ્યજન: કાપી નાંખીએ. એમાં શું પૂછવું.

સોક્રેટીસ: ત્યારે એને જંગલમાં કેમ રહેવા દો છો? ત્યાં એ ઝાડ બહુ તો નહિ હોય, ખરૂં ના?

ગ્રામ્યજન: નાજી, એ ઝાડ બહુ નથી અને કાઢીયે એ તો કઢાય પણ ખરાં: એ કંઈ મ્હોટી વાત નથી.

---

* આ સ્થિતિ પંજાબને ખાસ લાગુ પડતી હોય એમ જણાય છે. આપણા દેશમાં સુવરડાં બહુ નથી, પણ જે થોડાં છે તે પોતાની દાતરડી વતી શેરડીને બહુ નુકશાન કરે છે. એમને તો માર્યેજ છુટકો.

સોક્રેટીસ: એ એક વાત: પણ તમે આ જંગલ* શા માટે રહેવા દો છો?

ગ્રામ્યજન: એ તો અમારા બાપદાદાના કાળથી ગૌચર રહેતું આવ્યું છે તેમાં જે તે ઉગી આવે છે એટલે એટલે જંગલ જેવું થઈ જાય છે.

સોક્રેટીસ: એ ગૌચરમાં જે બધાં છોડ કે ઝાડ ઉગી આવે છે તેને ઢોર ખાતાં હશે, ખરૂં કે?

ગ્રામ્યજન: નાજી.

સોક્રેટીસ: તો પછી એ જમીન એટલી નકામી જાય ના?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે તો તમારા બાપદાદાએ ગૌચર રાખ્યું તેમાં આવા છોડ ઉગવાથી તેમની મુરાદ પાર પડી નહિ અને ઉલટાનું તેમાં સુવરડાં રહેવા લાગ્યાં. ઓ મારા ભોળા બંધુઓ, તમે ખરેખર મૂર્ખ છો. તમારા ગૌચરમાં અને બીજી પડતર જમીનમાં તમે શા માટે આવા નકામા છોડ થવા દો છો અને ઉંચા પ્રકારનું ઘાસ અને બાવળ† જેવાં બળતણને માટે બહુ ઉપયોગી ઝાડ વાવતા નથી? તમારી આળસને પરિણામે આવી જગ્યાઓ જે ઉપયોગી થવી જોઈએ તેમાં સુવરડાં રહે છે અને તે તમારો પાક પણ ખાઇ જાય છે. બળતણને માટે લાકડાંનો ઉપયોગ કરવો જોઈએ, પણ તમારે ત્યાં લાકડાં ઉધઈ ખાઈ જાય

---

* આ મ્હોટા જંગલની વાત નથી, પણ કેટલાક ગામડાંઓની પાસે સામાન્ય જંગલ હોય છે તેને વિષે કહેવામાં આવ્યું છે.

† કાઠીયાવાડમાં એક ગૃહસ્થે એક ગામ ઇજારે લીધું છે અને ત્યાં તેણે પચીસ પચાસ હજાર બાવળ નાંખ્યા છે. તેને ત્યાં કાળજી હોવાને પરિણામે ઘાસ પણ ઘણું થાય છે.

છે અને તમારૂં બધું છાણુ તમે બાળવામાંજ વાપરી નાંખો છો. આ છાણુનો ખાતર તરીકે ઘણો સારો ઉપયોગ થઈ શકે છે પણ એ તો તમે જાણુતાજ ન હો એમ લાગે છે. પરિણામે તમારી જમીન નખાતરી રહે છે અને પાક ઓછો આવે છે. તમે ગરીબ રહો અને તમને તેમ તમારાં ઢોરને ખાવાનું પણ પૂરૂં ન મળે એમાં નવાઈ શી છે! વળી તમારાં ગામડામાં ઠેકઠેકાણે કચરો અને છાણુ જોવામાં આવે છે. આ બધાને ખાડામાં ભરી રાખો તો તેનો ખાતર તરીકે બહુ સારો ઉપયોગ થાય પણુ તેને બદલે તે નકામું જાય છે અને તમારી હવા એથી બગડી રહી છે એ જુદું. તમે સહુ માંદા રહો છો એમાં પણુ શી નવાઈ છે! વળી તમારા તળાવનું પાણી એમને એમ સુકાઈ જાય છે અને તેનો ઉપયોગ તમારા ખેતરમાં કરતા નથી. તમારે પાણી, ખાતર અને બળતણુ, એ બધું છે, પણુ તે નકામું જાય છે. ખેડુતને જે જોઈએ તે તમારી પાસે છે, પણુ તમે તેનો ઉપયોગ કરી જાણુતા નથી. પરિણામે તમે ગરીબ રહો છો અને તમારા દુઃખને રડ્યા કરો છો.

ગામડાંની શુદ્ધિ અથવા "સ્વાશ્રય"

એક દિવસ સોક્રેટીસ એક ગામડામાં ગયા. એ વખતે વા વાતો હતો એટલે ચોમેર ધૂળ ઉડી રહી હતી અને તે લોકની આંખોમાં અને તેમનાં ફેફસામાં જવાથી સહુને ત્રાસ થતો હતો.

સોક્રેટીસને આ સમયે પોતાના ગામમાં આવેલા જોઈ થોડા લોક તેની પાસે આવ્યા અને તેને આવકાર આપ્યો. થોડી વાર બેઠા પછી સોક્રેટીસે તેમને કહ્યું: "આ બધી ધૂળ અને આ કચરો આમ ઉડી રહ્યાં છે તેથી તમને ત્રાસ નથી થતો? વળી તે તમારી ખાવાની વસ્તુઓ અને પીવાના પાણીમાં પડે છે અને તેમને બગાડે છે એટલે તમને અને તમારાં ઘરનાં માણસોને રોગ લાગે એમાં નવાઈ શી છે? ઝાડા વગેરે રોગનો ઉપદ્રવ આમજ થાય છે."

ગ્રામ્યજન બોલ્યા: મહારાજ, અમે શું કરીએ! અમે તો ભંગીને કહીએ છીએ પણ સાંભળે છે કોણ? આજ કાલ એ બધા બહુ સ્વતંત્ર બની ગયા છે. એમને માર* તો મરાય નહિ અને વઢીએ કે ગાળ દઈએ તો અમારા સામી ફર્યાદ કરે છે.

સોક્રેટીસ: ત્યારે તો તમારા ગામના ધણી ભંગી લાગે છે?

ગ્રામ્યજન: કેમ? ગામના ધણી તો અમે છીએ.

સોક્રેટીસ: પણ તમે કહો છો જે કે આ ધૂળ ઉડવાનો ત્રાસ વગેરે થવા દેવો ન દેવો એ તેમના હાથમાં છે? તમારા કહેવા પ્રમાણે ગામ સાફ કરવું ન કરવું એ તેમના હાથમાં છે. જો એ સાફ કરે તો તમે સુખે રહો અને ન કરે તો ત્રાસ ભોગવો. ખરેખર, ત્યારે તો તમારૂં સુખદુઃખ તેના હાથમાં રહ્યું.

ગ્રામ્યજન: હાજી: એ તો એમજ છે.

સોક્રેટીસ: ત્યારે તો ગામના ધણી પણ એજ થયા.

ગ્રામ્યજનમાંનો એક: (પોતાની આંખમાં કણું પડેલું હોવાથી આંખ ચોળતો ચોળતો) આજે તો એવુંજ દેખાય છે.

---

* અસ્પૃશ્ય હોવાને લીધે.

સોક્રેટીસ: પણ આ ગામ મેલું કોણ કરે છે અને આ બધો કચરો ઠેકઠેકાણે કોણ નાંખે છે?

ગ્રામ્યજન: એ તો અમે અને અમારાં ઘરવાળાં.

સોક્રેટીસ: ત્યારે તમને જો બીક લાગતી હોય કે ભંગી એ બધું વાળીચોળી સાફ નહિ કરે તો તમે તે શા માટે જ્યાં ત્યાં નાંખો છો?

ગ્રામ્યજન: મહારાજ, એ તો હમેશની ટેવ છે એટલે એમજ થાય છે.

સોક્રેટીસ: આ બધું તમે હાલ ગામની બહાર ખાડા ખોધ્યા છે તેમાં કેમ નથી નાંખતા? એમ કરશો તો તમારે ભંગીની રાહ જોવી નહિ પડે અને ગામડું સાફ રહેશે. તમારૂં ગામ તમે પોતે શા માટે સાફ કરતા નથી?

ગ્રામ્યજન: અમે ઉચ્ચ વર્ણના માણસ છીએ. આ કામ કંઈ અમારૂં નથી.

સોક્રેટીસ: ત્યારે ગામને ગંદુ કરવું એ ઉચ્ચ વર્ણના માણસોનું કામ અને સાફ કરવું એ હલકા વર્ણના માણસોનું કામ, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી: એમ જ છે.

સોક્રેટીસ: ત્યારે આ બેમાં ઉંચું કામ કયું? ગામ મેલું કરવાનું કે ગામ સાફ કરવાનું?

ગ્રામ્યજન: (જરા ભોંઠા જેવા થઈને) સાફ કરવાનું, મહારાજ.

સોક્રેટીસ: ત્યારે તો ભંગી એ તમારાથી ઉંચ જાતનો થયો.

ગ્રામ્યજન: એમ તે કાંઈ હોય!

સોક્રેટીસ: ત્યારે તમારૂં ગામ તમે પોતે કેમ સાફ કરતા નથી?

ગ્રામ્યજન : એમ કરવાનો રિવાજ નથી.

સોક્રેટીસ : ત્યારે ગામને ગંદુ કરવાનો તમારો રિવાજ છે ખરો, નહિ ? કહેવત છે કે આપણું કર્યું આપણે ભોગવવું. એટલે તમે ગામ ગંદુ કરો તો સાફ પણ તમારેજ કરવું જોઈએ. ચોકખાઈમાં રહેવાની તમારા ધર્મ તરફથી તમને કાંઈ મનાઈ છે ખરી કે ?

ગ્રામ્યજન : નહિજ.

સોક્રેટીસ : તો પછી તમે પોતે શા માટે ગામ સાફ ન કરો ? તમે પોતે એ સાફ કરતા હો તો ગંદુ કરતાં પહેલાં બહુ વિચાર કરશો. વળી જે કાંઈ કચરો કે ગંદવાડ નીકળશે એ તમને ખાતર માટે કામ લાગશે. એટલે તમે જેટલું વધારે સાફ કરશો એટલો વધારે લાભ થશે. ખાતર ભેળું કરવું એ પણ ખેડુતવર્ગનું કામ છે, ખરૂં ને ?

ગ્રામ્યજન : એ તો એમનું પહેલું કામ.

સોક્રેટીસ : ત્યારે એને શેરીઓ વાળવાને બદલે ખાતર ભેગું કરવાનું નામ આપો તો એ ઉત્તમ કામ ગણાશે અને તે કરતાં તમને કાંઈ લાંછન નહિ લાગે.

ગ્રામ્યજન : એ આપ ખરૂં કહો છો.

સોક્રેટીસ : ત્યારે ગામ સાફ કરવાની વાત મૂકી દો, અને એવો નિયમ કરો કે દરેક ખેડુતે બને તેટલું ખાતર ભેગું કરવું. આના પરિણામે તમારૂં ગામ આપોઆપ સાફસુફ થઈ રહેશે.

ગ્રામ્યજન : અમે એ પ્રમાણે કરીશું, મહારાજ.

સોક્રેટીસ : આમ કરશો એટલે તમેજ તમારા ગામના ખરા ધણી થશો. તમારૂં ગામ એની મેળે ચોકખું રહેશે કારણ કે નહિ તો તમારે એને સાફસુફ કરવાની મહેનત લેવી પડશે. ભંગી ગામ

સાફ કરશે એમ મનમાં રાખો તો ગામને મેલું કરવામાં પાછું વાળી નહિ જુઓ, પણ જો તમારે ચોકખું કરવાનું હશે તો મેલુંજ નહિ કરો. આટલા માટે ખરા ખેડુતો, ગામને મેલું રાખવું એ પોતાનાજ ઘરમાં રોગ લાવવા જેવું છે એમ માની અને કચરો, ગંદવાડ વગેરે ખાતર તરીકે બહુ ઉપયોગી છે એમ જાણી એ બધાને એકઠું કરે છે. આવા ખેડુતો જાણે છે કે ગામને વાળીચોળી સાફ કરવું એ ખાતર ભેગું કરવાનું કામ છે. આ કારણથી તેઓ પોતેજ ગામને સાફસુફ રાખે છે અને બીજા ઉપર તે કામ નાંખતાં નથી.

આટલી વાત થયા પછી જરા ચમકીને સોક્રેટીસ બોલી ઉઠ્યા "પણ આ શેની વાસ આવે છે? કેમ જાણે માણસો અંહિ નજદિક કળશે જતાં હોય!"

ગ્રામ્યજન: એ વાસ ખેતર તરફથી આવે છે. અમે બધા જંગલ એ બાજુ જઈએ છીએ.

સોક્રેટીસ: અને પવન ચાલતો હોય એટલે આખો દિવસ આમને આમ વાસ રહ્યા કરતી હશે, ખરૂં કે? વળી માખી મેલા ઉપર બેસી તમારા ખાનપાનની વસ્તુઓ ઉપર બેસતી હશે તેમ બાળકોની આંખ ઉપર પણ બેસતી હશે. ઘણાં બાળકો આ કારણથી આંધળાં થાય છે. પણ એ બધી વાતની તમને ખબર ક્યાંથી હોય? માંખીના પગ અને શરીર ગંદવાડથી ભરેલાં હોય છે અને તે આપણા ઘરમાં આવે છે ત્યારે નાહીધોઈ આવતી નથી એ તો તમે જાણતા ન હશો.

ગ્રામ્યજન: પણ એ તો, મહારાજ, અનાદિ કાળથી થતું આવ્યું છે તે શું કરીએ.

સોક્રેટીસ: પણ હવે તમે પેલા ખાડા ખોધ્યા છે તો તેનો

ઉપયોગ કેમ કરતા નથી? દરેક ખાડા ઉપર બે પાટીઆં આડા મુકો અને તેને ફરતું બાંધી લો એટલે પહેલા નંબરનાં પાયખાનાં થશે. અને આ રાખ જે તમે જ્યાંત્યાં નાંખો છો તે એમાં નાંખો એટલે પછી બસ! તમારે ઉત્તમમાં ઉત્તમ ખાતર થયું. મેલાં જેવું અને રાખ જેવું ખાતર બીજુ એકેય નથી, અને એ બન્ને અંહિ ભેગાં કરો એટલે સર્વોત્તમ ખાતર થશે અને ગંદકી ગામમાં કે ગામની બહાર પણ રહેશે નહિ એટલું અધિક.

ગ્રામ્યજન: મહારાજ, અમે આપ કહો છો તેમ કરીશું.

સોક્રેટીસ: અત્યારે તમે તમારા ધર્મનું નામ લઈ બહાનું કાઢો છો કે અમારાથી મેલાને અડાય નહિ; પણ તમે તો તે ખાઓ છો, પીઓ છો અને પળે પળે શ્વાસમાં પણ લો છો. મેલું ધૂળમાં ભળે છે અને પવન આવે કે ઢોર જાયઆવે ત્યારે એ ધૂળ ઉડી તમારા ખાનપાનમાં ભળે છે અને શ્વાસ વાટે તમારા શરીરમાં જાય છે એ બધું તમે કેમ સહન કરો છો?

ગ્રામ્યજન: મહારાજ, અમે હવે ધર્મને નામે એવું બ્હાનું નહિ કાઢીએ. અમારો ધર્મ અમને સ્વચ્છ રહેવાનું કહે છે, અને તમારી શિખામણ માની અમે અમારૂં ગામ પણ સ્વચ્છ રાખીશું. વળી આમ કરવાથી ખાતરની વૃદ્ધિ થશે અને પરિણામે પાક તેમ નિરણચારો વધારે સારો થશે.

સોક્રેટીસ: બહુ સારી વાત. એમ કરશો તો તમારૂં ગામ માણસોને રહેવા લાયક અને બચ્ચાંઓને તેમાં જન્મવા અને ઉછરી મોટા થવા લાયક થશે. વારૂ, નમસ્કાર: હું તો હવે જઈશ કારણ કે મારાથી આ દુર્ગંધ સહેવાતી નથી.

ગ્રામ્યજન: નમસ્કાર, મહારાજ, નમસ્કાર, આપ બીજી વખત આવશો ત્યારે આ જગ્યા આપને યોગ્ય થયેલી આપ જોશો.

નિરાધારપણું અથવા "એની મેળે થાય"

સોક્રેટીસ એક સાંજે એક ગામડામાં આવ્યા અને એક ખાટલા ઉપર બેસી ગયા. એ વખતે ત્યાં બે ત્રણ માણસો હતા અને તેને જોઈ બીજા ત્રણ ચાર આવી પાસે બેઠા. સોક્રેટીસને એ વખતે મુંઝાયેલા હોય એવા જોઈ તેમણે તેને પૂછ્યું કે

"મહારાજ, આજ આપ આમ કેમ થઈ રહ્યા છો? આપના મોઢા ઉપર આજે આટલી બધી મુંઝવણ કેમ દેખાય છે?"

સોક્રેટીસે ઉત્તર આપ્યો: "હું ખરેખર આજ તો મુંઝાયો છું. તમે હમેશાં 'અમે ગરીબ છીએ, અમે ગરીબ છીએ' એમ કહી ફર્યાદ કર્યા કરો છો, પણ આજે હું તમારા ગામ તરફ આવતો હતો ત્યારે તમારા ખેતરમાં મેં પુષ્કળ ઉંદર તમારો પાક બીલકુલ ડર વગર ખાતાં જોયા, અને ત્યાં જયાં જોઈએ ત્યાં તેમનાં દર જ દર હતાં."

ગ્રામ્યજન: મહારાજ, એમાં અમે શું કરીએ? એ તો એમ જ ચાલે છે.

સોક્રેટીસ: આટલું બસ નથી. હું ગામની નજદિક આવ્યો ત્યારે પાદર સીમમાં તમારાં ઢોર ઉભાં હતાં અને તેમને ખાવા ત્યાં ખડ નહોતું. પાસે જ જંગલ છે પણ તેમાં જાતજાતનાં લીલા વેલા, છોડ અને ઝાડ જોઈ મેં ગોવાળને પૂછ્યું કે "અલ્યા, આ ઢોર આમ ભૂખ્યાં ઉભાં છે તે આ બધું લીલું લીલું છે તે કેમ ખવડાવતો નથી?" આ સાંભળી ગોવાળ હસ્યો અને કપાળે હાથ મૂકી બોલ્યો, "અરે, ભાઈ, તમને એટલી યે ખબર નથી કે એ બધું ઢોર ભૂખ્યાં મરતાં હોય તોયે ન ખાય?"

ગ્રામ્યજન: ખરી વાત. એટલું તો અમારૂં છોકરૂં યે જાણે.

સોક્રેટીસ: ત્યારે તમે એ બધું વાવતા શા માટે હશો?

આ પ્રશ્ન સાંભળી બધા હસ્યા. ત્યાર પછી એક જણ બોલ્યો: "મહારાજ, એ તો એની મેળે થાય છે."

સોક્રેટીસ કંઈક કહેવા જતા હતા ત્યાં એકાએક કુતરાઓનો ભસવાનો અને પરસ્પર લડવાનો શોરબકોર સંભળાયો અને કોઈએ આવી કહ્યું કે એક કુતરૂં હડકાયું થયું છે અને એ કોઈ બાળકને કરડયું છે. આ સાંભળી સોક્રેટીસ બોલ્યા કે "આ કુતરાઓ તમારે કાંઈ કામના છે ખરા કે?"

ગ્રામ્યજન: નાજી.

સોક્રેટીસ: તો પછી તમે તેમને રાખો છો શા માટે? હું તો તેમને દરેક ગામડામાં સંખ્યાબંધ જોઉં છું અને તેમનાં ગલુડીઆં પણ એટલાંજ છે. એ બધાં કામનાં ન હોય તો તેમને શા માટે રાખવાં?

ગ્રામ્યજન: એ તો એની મેળે થાય છે.

સોક્રેટીસ: મારા ભોળા ભાઈઓ, આ ગામના ધણી તમે છો ને?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે પછી આ બધામાં "એ તો એની મેળે થાય છે" "એ તો એની મેળે થાય છે" એમ શા માટે કહ્યા કરો છો? જો ઉંદરની જરૂર ન હોય તો તેમને શા માટે થવા દો છો? નકામા વેલા, છોડ કે ઝાડની જરૂર ન હોય તો એમને ઉગવા જ શા માટે દો છો? એમને બદલે ઘાસ અને બળતણ માટે સારાં સારાં ઝાડ વાવો તો તમને કેટલો બધો લાભ થાય? આ બધાં નકામાં ગંદા અને રોગી કુતરાઓને તમારા ગામમાં શા માટે

રહેવા દો છો? ઉંદરનો નાશ કરો તો તમારો પાક સારો થાય એ તમેય જાણો છો. તેમ ઢોર ચરાવવાની જમીનમાં આવાં નકામાં ઝાડ વગેરેને થવા દો છો એટલે એટલી જમીન નકામી જાય છે. તેને બદલે સારાં ઝાડ વાવો તો તમને બળતણ મળે, વખતે ફળફુલ પણ મળે અને ગામની શોભા વધે એ જુદું. એ જ પ્રમાણે આવાં કુતરાંઓને રહેવા દો છો એ પણ તમને બધી રીતે નુકશાનકારક છે. તેઓ ગામ મેલું કરે છે. વળી તમારા ઘરમાં આવી જેમાં તેમાં મોઢું નાખે છે અને બધું બગાડે છે. તેમાં કેટલાંક રોગી છે અને એમનો ચેપ લાગે તેવો હોય છે. જેને તેને ભસે છે અને વખતે કરડી પણ ખાય અને હડકાયાં થઈ માણસનો પ્રાણ પણ લે છે. કુતરાં રાખવાં તો તેમને પાળવાં અને તેમની બરાબર સંભાળ લેવી જોઈએ. એમ કરો તો તમને તેથી બહુ લાભ થાય પણ તેમની આવી સ્થિતિ હોય તેમાં એ તમને નુકશાનકારક છે. પણ આ બધી વાતમાં તમે બેદરકાર રહો છો અને આ બધું એની મેળે અને આપોઆપ થાય છે એમ માની નિરાધાર થઈ જાઓ છો એ તમને કોઈ રીતે લાભકારક નથી એટલુંજ નહિ પણ બધી રીતે નુકશાનકારક છે. આ તો તમારા ખેતરના ખરા માલેક તમે નહિ પણ સુવરડાં અને ઉંદર છેઃ તમારા ગૌચર અને પડતર જમીનના માલેક રખડુ કુતરાંઓ છે. મારા ભોળા ભાઈઓ, આ પ્રમાણે તમે તમારા ઘરમાં અને ગામમાં અને ખેતર વગેરેમાં પરાધીનતાથી કયારે મુકત થશો?

ગ્રામ્ય કુતરાઓ

સોક્રેટીસ એક વાર ગામ સોંસરા ચાલ્યા તે વખતે તેની સાથે થોડા માણસો હતા. જ્યારે તેઓ ગામ બહાર થોડે દૂર ગયા ત્યારે સોક્રેટીસે તેઓને કહ્યું કે "આપણે તમારા બધાના ઘરોથી આટલે દૂર આવ્યા છીએ ત્યારે જ ચોખ્ખી હવા લઈ શકીએ છીએ. વળી અંહિ કોઈ જાતની દુર્ગંધ નથી તેમ ધૂળ પણ ઉડતી નથી. ચાલો આપણે થોડી વાર અંહિ આવી સારી જગ્યામાં બેસી વાતો કરીએ. આજે મારે તમારી પાસેથી એક નવી વાત જાણવી છે. તમારા ગામમાં ઘણાં કુતરાં છે અને તેમનો કોઈ ધણી લાગતો નથી. તેમ આ કુતરાંઓ કોઈ ઉપયોગમાં આવતાં હોય એમ પણ લાગતું નથી અને તેમની સ્થિતિ બહુ દયાજનક છે. તેઓ ગંદાં, ખસલેલ અને ચીતરી ચડે એવાં હોય છે. ખરૂં કહું તો તે તમારાં છોકરાંઓ કરતાં પણ ખરાબ છે, એટલે ખરેખર બહુ ખરાબ છે. મને કહો જોઈએ, આ કુતરાંઓની તમે સંભાળ કેમ લેતા નથી?

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમારે વખત ક્યાંથી કાઢવો? વળી એ તો કુતરાંજ છે એટલે નકામાં છે.

સોક્રેટીસ: તો પછી તમે એમને રાખો છો શા માટે?

ગ્રામ્યજન: અમે નથી રાખતા: એ તો એની મેળે રહ્યાં છે.

સોક્રેટીસ: અરે મારા ભોળા બંધુઓ મારે તમને કેટલી વાર કહેવું કે તમારા ગામમાં જે બધું થાય છે તેને માટે તમે પોતે જવાબદાર છો? તમારા ગામના ધણી તમે છો અને

નહિ કે આ કુતરાઓ. આ કારણુથી તેમની હૈયાતી અને વર્તણુંક વગેરે માટે તમે જવાબદાર છો. તમે કહો છો કે તે કંઈ ઉપયોગનાં નથી. પણ તમારા ઘરમાં છાનાં આવી એ જે બધું ખાઈ જાય છે, અને આખો દિવસ ભસતાં રહી જે ઘોંઘાટ કરી મૂકે છે અને માણુસોને કરડે પણ છે અને હડકાયાં થાય ત્યારે માણુસોને તેઓ કરડે અને તેમાં માણુસોનો પ્રાણુ જવાનો પણ જોખમ હોય છે એ બધાનો વિચાર કરો તો એ ઉપયોગ વગરનાં છે એટલુંજ નહિ પણ બહુ નુકશાનકારક છે.

ગ્રામ્યજન : ખરી વાત.

સોક્રેટીસ : તો પછી તમે તેમનો નાશ શા માટે કરતા નથી?

ગ્રામ્યજન : એ તો અમારા ધર્મ અને રિવાજથી એમ કરવાની બંધી છે. એ કુતરાં છે એ ખરૂં, પણ જે ઈશ્વરે આખું જગત સૃજ્યું છે તેણેજ એમને પણ સરજ્યાં છે.

સોક્રેટીસ : તમે એ ઉત્તર બહુ સારો આપ્યો. માણુસની માફકજ કુતરાંઓ પણ ઈશ્વરનાં જ સરજેલાં પ્રાણી છે. પણ ઈશ્વરે એમને શા માટે સરજ્યાં હશે! કુતરૂં એ પાળી શકાય એવું પ્રાણી છે. જેમ ગાય ભેંસને પાળો છો અને તેમનો લાભ લો છો એ પ્રમાણે કુતરાનું પણ કરી શકો છો કુતરાં આ પ્રમાણે રહે અને એમને જોઈ આપણુને ચીતરી ચઢે અથવા એ આપણુને નુકશાન કરે એ માટે એ સરજાયાં નથી.

ગ્રામ્યજન : એ વાત તો ખરી લાગે છે.

સોક્રેટીસ : તો પછી મારા ભોળા ભાઈઓ, આમાં દોષ કોનો છે? ભગવાનનો ? આ તો તમે તમારી પોતાની મૂર્ખાઈનો તેમ ઘાતકીપણાનો દોષ ભગવાન ઉપર ઢોળો છો. દોષ આપણે કરવો અને નાંખવો ઈશ્વર ઉપર, એવી વાત થઈ.

ગ્રામ્યજન : ત્યારે મહારાજ, અમને મહેરબાની કરી કહો જોઈએ, ઈશ્વરે કુતરાં શા માટે સૃજ્યાં છે? તેમને પાળીને શો લાભ લઈ શકાય છે?

સોક્રેટીસ : સાંભળો મારા પ્યારા ભાઈઓ; ઈશ્વરે જેમ ગાયો તમારા ઉપયોગ માટે આપી એજ પ્રમાણે કુતરાંઓ ઉપયોગ માટે આપ્યાં છે. દુનિયાના ઘણા દેશમાં એક પણ કુતરો ન ધણીયાતો નથી હોતો. અને દરેક કુતરાની માવજત તેનો ધણી કરે છે. ત્યાં કુતરાઓને કેટલીક જાતનું કામ કરવાનું પણ શિખવવામાં આવે છે. તમે જાણો છો કે કુતરા જેવું નિમકહલાલ પ્રાણી બીજું ભાગ્યેજ હશે, અને એ પોતાના ધણીની સેવા બરાબર કરે છે એટલું જ નહિ પણ તેને માટે પોતાનો પ્રાણ પણ આપે છે. ઘરમાં કે ખેતરમાં ચોકી માટે કુતરા જેવું કામ બીજું કોણ કરી શકે તેમ છે? ઘરમાં કે ખેતરમાં કુતરૂં હોય તો તે ઉંદર કે શિયાળ કે ભુંડને બનતા લગી આવવા ન દે: સાપને પણ દૂર રાખે. આપણે ઘેર હોઈએ કે ન હોઈએ પણ કુતરૂં આપણી માફકજ ઘર સંભાળે છે. ખેતરમાં ઢોર આવવા ન દે એ તો તમે જાણો છો. વળી ધણમાં પણ કુતરાં કામ આવે છે. ગોવાળ કે ભરવાડ સાથે એકાદ બે કુતરાં હોય તો તેનું કામ બહુ ઓછું થઈ જાય અને ઢોરને ભાગી જવા ન દે. આ પ્રમાણે કુતરા પાસેથી ઘણું કામ લઈ શકાય છે. આ જે બધું કામ મેં ગણાવ્યું એટલું જ બસ નથી. કુતરાઓએ તો માણસોના પ્રાણ બચાવ્યા છે. આ બધાના બદલામાં એ આપણી પાસે માત્ર બચકું રોટલો માગે છે અને સ્હેજ પ્રેમ અને માવજત. ખરેખર, ઈશ્વરે કુતરાઓ પેદા કર્યા તે આ માટે કે આપણે તેમને આટલું થોડું દઈએ અને તેના બદલામાં ઘણું બધું લઈએ.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમે ખરૂં કહો છો. અમે જેમ બીજી બાબતમાં તેમ આમાં પણ મૂર્ખ છીએ. ઈશ્વરે બધું આપણા સારા માટે કર્યું છે પણ અમે એ જોઈ શકયા નથી.

સ્ત્રીઓનું સન્માન કરવું

એક દિવસ સોક્રેટીસ ગામના ચોરે આવી બેઠા. તે બહુ ખુશ મીજાજમાં હતા અને મંદમંદ હાસ્ય કરતા હતા. તેમને આ સ્થિતિમાં જોઈ ગામના મોટેરાઓને બહુ નવાઈ લાગી કારણ કે સોક્રેટીસ રોજ કંઈક વિચારમાં હોય તેથી તેનું મોઢું ભારેખમ લાગે. એકાદ બે પળ ગયા પછી ગામના મોટેરામાંથી એક જણે કહ્યું:

"પધારો, સોક્રેટીસજી. આજે શું છે તે આપ આવા આનંદમાં આવી ગયા છો? આપ શું કોઈ સ્વચ્છ ગામ જોઈ આવ્યા છો કે કોઈ મજાનું મેલ અને ઘરેણાં વગરનું બાળક જોઈ આવ્યા છો કે કોઈ ગ્રામ્ય ભણેલી સુઘડ સ્રી જોઈ છે કે છે શું?"

સોક્રેટીસ: ના રે, ભાઈ, એવું કંઈએ નથી. આજે તો હું હેરાન હેરાન થઈ ગયો (આમ કહી તે મંદમંદ હસવા લાગ્યા).

ગ્રામ્યજન: એમ હોય તો તમે આમ હસો નહિ. વારૂ, અમને તમારા આનંદની વાત તો કરો. તમે રોજ અમારા

ઉપર એવા રોષમાં રહો છો કે આજ કોક દિવસના કાળે તમે આનંદમાં છો તો તે આનંદની વાત તો કરો.

સોક્રેટીસ: (મ્હોટેથી હસીને) બહુ સારૂં. હું વાત તો કરીશ, પણ એક શરતે કે તમારે મારા ઉપર ગુસ્સે ન થવું.

ગ્રામ્યજન: નાજી, અમે ગુસ્સે નહિ થઈએ. આજે અમે તમારા આનંદમાં ભંગ નહિ પાડીએ, પછી ભલે તમે ગમે તે કહો.

સોક્રેટીસ: વારૂ, સાંભળો ત્યારે. આજે હું કોલેજમાં ભણતા એક વિદ્યાર્થીને મળ્યો અને અમે વાતો કરવા લાગ્યા. થોડી વાર તો અમે સારી વાત કરી પણ પછી તે ગરમ થતો ગયો અને પછી ક્રોધે ભરાઈ બોલ્યો કે "અમારૂં હિંદુસ્થાન, તેની પુરાતન સંસ્કૃતિ અને ઉચ્ચ સભ્યતા, એ સર્વનો પૃથ્વીમાં જેવો આદર થવો જોઈએ તેવો થતો નથી." આ સાંભળી હું હસી પડયો અને એથી એ વધારે ક્રોધે ભરાયો અને આખી દુનિયાની સાથે મને પણ ગાળો ભાંડવા માંડી.

મેં કહ્યું: ભાઈ, હું દિલગીર છું પણ આવી મ્હોટી મ્હોટી વાતો સાંભળી મારાથી હસ્યા વગર રહેવાયું નહિ.

તે બોલ્યો: એવી કઈ મ્હોટી મ્હોટી વાતો મેં કરી જેથી તમને હસવું આવે?

મેં ઉત્તર આપ્યો: ભાઈ, ધીરો થા. સાંભળ. તમે પોતે તમારો આદર ન કરો તો પછી દુનિયા તો શેનીજ કરે?

આટલું કહી હું ફરી હસ્યો.

ત્યારે તે બોલ્યો: હાં! તમે અસ્પૃશ્ય લોકની વાત કરો છો, ખરૂં ના? એ પણ અમે જાણીએ છીએ અને તેમાં કાંઈ નવું નથી: વળી તેને મહત્ત્વ આપો છો તેનું અર્ધું ય એમાં નથી.

મેં કહ્યું: ના, હું એમની વાત નથી કરવા માંગતો, જો કે એ એક જ વાત એટલી બધી ભુંડી છે કે આપણે સહુએ શરમાવું જોઈએ.

તે બોલ્યો: ત્યારે બીજી શી વાત તમારા મનમાં છે?

મેં કહ્યું: આપણી અર્ધી વસ્તી સ્ત્રીઓની છે, ખરૂં ના?

તેણે કહ્યું: હા એમાં શું નવું કહ્યું?

મેં કહ્યું: આપણે સહુ સ્ત્રીઓથી જન્મ્યા છીએ, ખરૂં કે?

તેણે કહ્યું: એમાં વળી પૂછવું શું?

મેં કહ્યું: વારૂ, ત્યારે જ્યાંસુધી તમે સ્ત્રીઓને માટે માન નહિ રાખો, અને ઢોરની કિમત સ્ત્રીઓનાં કરતાં વધારે ગણશો ત્યાંસુધી તમે તમારો પોતાનો આદર કરો છો એમ કઈ રીતે કહી શકાય, અને એ સ્થિતિમાં બીજા તમને માન આપે એની આશા જ શી રાખવી?

આ સાંભળી એ તો ઉલટાનો વધારે ગુસ્સે થયો અને "પુરાતન સંસ્કૃતિ" "પુરાતન સંસ્કૃતિ" એવા શબ્દો મ્હોટેથી બોલવા લાગ્યો એટલે હું ચાલતો થયો.

આ બધું સાંભળી ગ્રામ્યજનમાંથી એક યુવક જરા અકડાઈથી બોલી ઉઠ્યો: "સોક્રેટીસજી, આમાં હસવા જેવું અમે કાંઈ જોતા નથી. આ બધું સાંભળી તમને આનંદ શો થયો એ અમે સમજતા નથી."

સોક્રેટીસે ઉત્તર વાળ્યો: વારૂ, સાંભળો ત્યારે; તમારા ગામમાં કોઈ ગાય મારે તો મારામારી થાય, ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી; મારામારી થયા વગર ન રહે.

સોક્રેટીસ: વારૂ, કહો જોઈએ; કોઈ માણસ પોતાની

સ્રીને, અથવા સાસુ વહુને, બહુ સતાવતાં હોય અને સ્રી આપઘાત કરે, મરી જાય કે નાસી જાય ત્યારે મારામારી થાય ખરી કે?

ગ્રામ્યજન: નાજી.

સોક્રેટીસ: વારૂ, એવી રીતે સ્રી મરી ગઈ હોય તો તેને ત્યાં તમે આભડવા જાઓ ખરા કે નહિ? અને તેની સાથે બીજો બધો વ્યવહાર રાખો ખરા?

ગ્રામ્યજન: હાજી, અમે એ બધુંય કરીએ છીએ.

સોક્રેટીસ: ઠીક, હવે એ માણસ ફરી પરણે ત્યારે તમે તેને ત્યાં જાઓ ખરા?

ગ્રામ્યજન: અમે તો તેની જાનમાં પણ જઈએ છીએ.

સોક્રેટીસ: તમારે ત્યાં કોઈ માણસની સ્રી મરી જાય તો એ માણસનું ફરી લગ્ન કયારે થાય?

ગ્રામ્યજન: બે ત્રણ માસ તો લાગે.

સોક્રેટીસ: અને વેવિશાળ કયારે થાય.

ગ્રામ્યજન: સ્રી મરી ગયા પછી આઠ દસ દિવસમાં તો થઈ જ જાય અને એમ ન થાય તો લાજ જાય.

સોક્રેટીસ: અને સ્રીનો ધણી મરી જાય તો એ કેટલા દિવસમાં પરણે?

આ સાંભળી ગ્રામ્યજનમાંના બે ત્રણ બ્રાહ્મણ, વાણીઆ અને બીજા એક બે પાટીદાર હતા તે બોલી ઉઠયા:

"સોક્રેટીસજી, આ તમે શું બોલો છો? સ્રીનો ધણી મરી જાય એટલે એમનાથી કાંઈ ફરી પરણાય?"

સોક્રેટીસ: ત્યારે સ્રી વિધવા થાય એટલે ફરી ન જ પરણે?

પેલા માણસો: ના, નહિ જ; એમાં વળી પૂછવું શું?

સોક્રેટીસ: અને સ્રી ન્હાની ઉમરની હોય કે દસ બાર

વર્ષની છોકરી હોય તો?

પેલા માણસો: તો યે શું? એમનાથી કાંઈ પરણાતું હશે.

સોક્રેટીસ: ત્યારે પુરૂષો ગમે તેટલી ઉમરના હોય અને એમનો ઘરવાસ, ઘણા વર્ષ ચાલ્યો હોય અને ઘેર બે ચાર બાળકો હોય તોપણ પોતાની સ્ત્રી મરી જતાં તુરત અને તે પણ મહિના બે મહિનામાં અને કદાચિત્ એથી યે ઓછા વખતમાં પોતાનું વેવિશાળ કરે અને બે ચાર માસમાં પરણે ખરો, પણ સ્રી ન્હાની ઉમરની બાળા હોય અને વિધવા થાય તો યે ન પરણે, ખરૂં કે?

પેલા માણસો: ત્યારે પછી સ્ત્રી અને પુરૂષોમાં ફેર શો?

સોક્રેટીસ: વારૂ, હવે આપણે બીજી વાત કરીએ. એક જ ઘરમાં છોકરા છોકરીઓ વચ્ચે કાંઈ ભેદ રાખવામાં આવે છે ખરો કે?

ગ્રામ્યજન: એ તો હોયજ ને: છોકરાઓ તે છોકરાઓ અને છોકરીઓ તે છોકરીઓ. છોકરીઓનાં પુન્ય પાતળાં એટલે એ છોકરી થઈ અવતરી.

સોક્રેટીસ: કોઈને ઘેર છોકરી અવતરતી હશે ત્યારે તેના મનમાં એમ થતું હશે કે આને બદલે છોકરો આવ્યો હોત તો સારૂં હતું?

ગ્રામ્યજન: એવું તો બધાયના મનમાં થાય, પણ એ કાંઇ આપણા હાથની વાત થોડીજ છે. બધાયને છોકરાજ જોઈએ, પણ કરવું શું.

સોક્રેટીસ: ત્યારે છોકરીનો જન્મ થાય ત્યારે માબાપ એટલું પોતાનું કમનશીબ સમજતા હશે, નહિ વારૂ?

ગ્રામ્યજન: ઘણે ઠેકાણે તો એમ મનાય છે.

સોક્રેટીસ: અને છોકરી આવે ત્યારે આડોશીપાડોશી અને સગાંસંબંધી દિલાસો દેવા આવે છે, નહિ વારૂ?

ગ્રામ્યજન: એમ પણ બને છે.

સોક્રેટીસ: વારૂ, અને ઘરમાં છોકરા છોકરીઓ મ્હોટાં થાય ત્યારે તેમના ખાનપાનમાં અને બીજી રીતે તેમના વચ્ચે ભેદ રાખવામાં આવે છે ખરો કે?

ગ્રામ્યજન: છોકરાઓની માફક છોકરીઓને તો ન જ રખાય. દીકરીઓને પારકે ઘેર જવું એટલે તેમને બહુ ખવડાવીએ પીવડાવીએ કે મોઢે ચઢાવીએ તો કેમ પાલવે? દીકરી તો કચરાણી જ ભલી કારણ કે સાસરે વહુ થઈ ને તેને જવું છે.

સોક્રેટીસ: એટલે દીકરી સાસરે ય કચરાય અને માબાપને ઘેર પણ કચરાય, ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી, એ તો એમ જ છે.

સોક્રેટીસ: ત્યારે દીકરી જન્મે ત્યારે "પાણો આવ્યો" એમ કહી તેના પ્રત્યે પહેલેથીજ અભાવ રાખો; તેને રોજ "મર, રાંડ" એવી એવી ગાળો આપવામાં અથવા મરવાનું કહેવામાં તેમને જરા પણ આંચકો આવે નહિ અને દીકરાને એમ કહેતાં જીભ કપાઈ જાય; પ્રથમથીજ ઘરમાં દીકરાનો ભાગ મ્હોટો અને દીકરીનો નહાનો અને તે બધી બાબતમાં અને તે ડગલે અને પગલે: આ પ્રમાણે તે દીકરી હોય ત્યારે તેના ઉપર અનેક જાતના અન્યાય તમે માબાપ હોવા છતાં કરો: તેમને ભણાવો નહિ, તેમને તમારી મીલ્કતનો ભાગ આપો નહિ અને એવી એવી અનેક રીતે તેમના ઉપર અભાવ રાખો: અને એ બીચારી હજુ તો કાચી વયની બાળા હોય અને દરેક રીતે કચરાએલી હોય, અભણ હોય અને કેટલીકવાર

સમજ વગરની હોય એ સ્થિતિમાં તમે એને પરણાવી સાસ
મોકલો. ત્યાં તો તેના ઉપર ગુજરતા અન્યાયનું પૂછવું જ શું ? સા
અન્યાય કરે, નણંદો અન્યાય કરે, જેઠાણીઓ વગેરે સહુ તેમ
સતાવે અને ઓછામાં પૂરૂં ઘણી વાર ઘણી ન્હાની ઉમરનો અ
કાચા કાનનો હોવાથી તેને તિરસ્કાર કરે અને મારેકૂટે: કેટલી
વાર તો આ જાતનો જુલમ એટલો બધો થાય છે કે એ
બીચારીને કુવોઅવેડો ભરવો પડે. સ્ત્રી ઉપર આ બધું તે જીવતી
હોય ત્યારે થાય છે અને તે મરે ત્યારે "હાંડલું ફૂટયું" એમ
કહી અથવા મનમાં ગણી હજુ તો આઠ દસ દિવસે ય ન થય
હોય તેટલામાં તો વેવિશાળ પણ કરી લો છો અને બે ચા
માસમાં તો લગ્ન પણ થઈ જાય. કહો જોઈએ, આ બધાથી
બીજો કયો અન્યાય વધારે હોઈ શકે ? અને તે પળે પળે અ
ડગલે ડગલે વળી તમારા ઘરમાં અને તમારા અંગ ઉપર જ
કયાં તમારા મનુનું વચન કે "જયાં સ્ત્રીઓનું સન્માન થાય છે
ત્યાં દેવો આનંદથી વાસ કરે છે" અને કયાં તમારી સમાજની
સ્થિતિ ! હું પેલા વિદ્યાર્થીને કહેતો હતો કે તમે સ્ત્રીઓને તમાર
ઢોરથી યે ખરાબ રીતે રાખો છો એ ખોટું કહેતો હતો ? સા
ઢોર માંદું પડે ત્યારે તેની માવજત કરો છો એટલી યે ઘણી
વાર દીકરી કે સ્ત્રી માંદી પડે ત્યારે નથી કરતા, ખરૂં ને ?

ગ્રામ્યજન: (ઝંખવાણા થઈને) મહારાજ, આપ એ
બધું ખરૂં કહો છો: અમે ખરેખર ઈશ્વરના મ્હોટા અપરાધી
છીએ કારણ કે અમે અમારા અંગઅંગમાં ભેદભાવ રાખ્યે
છે અને દીકરીઓ ઉપર મ્હોટો અન્યાય કર્યો છે
અને રોજ કરીએ છીએ. ખરેખર, અમે અભાગી છીએ. અ
આ પ્રમાણે કરતા હોઈએ ત્યારે અમારૂં કે અમારા દેશ

કલ્યાણ કેવી રીતે થઈ શકે?

સોક્રેટીસઃ ત્યારે તમે અત્યારે જ પ્રતિજ્ઞા લો કે અમે અમારા ઘરમાં મન, વચન અને કર્મથી દીકરા અને દીકરી પુરૂષ અને સ્ત્રી વચ્ચે ભેદ રાખી દીકરી કે સ્ત્રી કે દીકરાની વહુ ઉપર કોઈ પ્રકારનો અન્યાય નહિ કરીએઃ આ પાઠ તમારે જેમ શિખવાનો છે તેમ તમારી સ્ત્રીઓને પણ શિખવવાનો છે, કારણ કે તેઓ પોતાને મનથી હલકી માને છે અને દીકરાને દીકરી કરતાં વધારે ગણી દીકરી ઉપર અન્યાય કરે છે અને દીકરાની વહુની તો વાત જ નહિ. વળી તમે એ પ્રતિજ્ઞા લો કે અમે જેમ દીકરાઓને ભણાવીએ છીએ તેમ દીકરીઓને પણ થોડુઘણું તો ભણાવીશું જ એટલે તેઓ ઘરકામમાં કુશળ થાય અને પોતાનાં બચ્ચાંઓને સારી રીતે સંભાળી અને ઉછેરી શકે. સંસારનું મ્હોટું કાર્ય બચ્ચાંઓનું રક્ષણ, જતન, પાલન અને શિક્ષણ છે અને તે માતાથી જ થઈ શકે છેઃ આ કાર્ય માટે તેમને પોતાને શિક્ષણની જરૂર છે અને તે શિક્ષણ આપવું એ તમારી માબાપ તરીકે ફરજ છે. વળી તમે એ પ્રતિજ્ઞા લો કે અમે દીકરીઓને ન્હાની વયે લગ્ન નહિ કરતાં તે યોગ્ય ઉમરની એટલે સોળ વર્ષથી વધારે વયની થાય ત્યારે તેમનાં લગ્ન કરીશું. તમે તેમનાં લગ્ન ન્હાની વયે કરો છો તેથી તેમનું શિક્ષણ બરાબર થતું નથી અને સહુથી વધારે ગેરલાભ તો તેમને, તેમના ધણીને અને તેમની પ્રજાને થાય છે. ન્હાની વયે પરણતાં તેમની પ્રજા કાચી થાય છે. અને એ ઉપરાંત સ્ત્રીઓ બરાબર શિખેલી નહિ હોવાથી તેમનાં બચ્ચાંને તે સંભાળી શકતી નથી. તમારાં બાળકોમાં લગભગ અર્ધાં બાળકો પહેલા વર્ષમાં મરી જાય છે તેનું એક મુખ્ય કારણ આ છે.

ગ્રામ્યજન: મહારાજ, અમે આ બધું કરવાની પ્રતિજ્ઞા લઈએ છીએ.

સોક્રેટીસ: મારે હજુ થોડું કહેવાનું છે. સાથે સાથે તમે એ પણ પ્રતિજ્ઞા લો કે સ્રીઓને અમે ઘરમાં વેઠીઆ તરીકે ગણીશું નહિ પણ અમારા સલાહકાર મિત્ર તરીકે ગણીશું અને બધી બાબતમાં તેમનો આદર કરીશું. ઘણી વાર એવું બને છે કે પુરૂષો મજાથી વાતોના તડાકા મારતા હોય છે અને સ્રીઓ તેમની સામે જ ભારે ભારે બોજા ઉંચકતી હોય છે અથવા એવું બીજું કાર્ય કરતી હોય છે જેમાં પુરૂષો તેમને સ્હેલાઈથી મદદ આપી શકે છે. વળી સ્રીઓ એ તો આપણી ચાકરી કરવા સરજાયેલી છે એમ માની તમે તેમને હુકમ ઉપર હુકમ કર્યા કરો છો અને એ બધા તેમણે પાળ્યે છૂટકો. તેઓ પોતે પોતાના મનમાં અમે પુરૂષોની દાસી છીએ એમ માને છે. આ સર્વ અન્યાય છે અને તે દૂર થવો જોઈએ.

ગ્રામ્યજન: મહારાજ, આપ ખરૂં કહો છો અને અમે એ પ્રતિજ્ઞા પણ લઈએ છીએ.

સોક્રેટીસ: આ સિવાય તમારે એ પ્રતિજ્ઞા લેવી જોઈએ છે કે સ્રી મરી જતાં અમે અત્યારે કરીએ છીએ તેમ તુરતમાં વેવિશાળ કે લગ્ન નહિ કરીએ. આ રિવાજ ખરેખર દુષ્ટ છે અને તે તમારે તુરતજ દૂર કરવો જોઈએ.

ગ્રામ્યજન: અમે તે દૂર કરીશું: સોક્રેટીસજી.

સોક્રેટીસ: આ પ્રમાણે તમે સ્રીઓને સન્માન આપશો તો તેથી કંઈ વિશેષ કરતા નથી. એ તો તમારી પ્રથમ ફરજ છે. એ તો તમને પોતાને માન આપવાનું કાર્ય છે. તોપણ આટલું કરશો તો તમારો અને તમારા હિંદુસ્થાનનો પૃથ્વીના સર્વ દેશોમાં જેવો જોઈએ તેવો આદર થશે.

રૂડા રિવાજ અને શિક્ષકનો આદર્શ

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમે તો અમારા ગામનું બધું તંત્ર ફેરવી નાખવા મથી રહ્યા છો અને તમારે એકેય વસ્તુ એમને એમ રહેવા દેવી લાગતી નથી.

સોક્રેટીસ: મારા ભાઈ, એમ કહેવું એ મને અન્યાય કરવા જેવું છે. હું કાંઈ બધું અવળુંચતું કરવા બેઠો નથી, પણ હું જ્યારે કેટલાક અનર્થ અને દુષ્ટ રિવાજ જોઉં છું ત્યારે મારાથી સહન નથી થતું અને હું બોલી નાંખું છું.

ગ્રામ્યજન: પણ તમે તો હમેશાં દોષ જ જોયા કરો છો અને ઠપકો આપતા રહો છો.

સોક્રેટીસ: હું બહુ દોષ જોઉં છું ખરો, પણ જે છે તે જોઉં છું.

ગ્રામ્યજન: તમે કોઈ દિવસ કાંઈ સારૂં જોયું ખરૂં ?

સોક્રેટીસ: હા, ઘણુંયઃ પણ જે સારૂં છે તેની બહુ વાત કરવાની જરૂર રહેતી નથી. એ તો ચાલ્યું આવે છે અને એ જોઈ મને બહુ આનંદ થાય છે. વૈદ કે ડાકટર હોય તે સાજા અને નિરોગી માણસને રોજ જોતા રહે છે. અને તેમનો વિચાર સરખો ય કરતા નથીઃ તેમનું કામ તો રોગીની સાથે રહે છે.

ગ્રામ્યજન: પણ જો સારાની સંભાળ બરાબર ન લેવાય તો તેઓ માંદા થઈ જવાનો સંભવ છે.

સોક્રેટીસ: હા, એ વાત ખરીઃ અત્યારે મને યાદ આવે છે કે તમે તમારા રૂડા રિવાજ ભૂલતા જાઓ છો અને ભૂંડા રિવાજને જ વળગી રહ્યા છો. વળી ખરાબ વાત તુરત શિખો છો અને સારૂં શિખતાં તમને વખત લાગે છે. દાખલા તરીકે

ચા, સીગારેટ વગેરે વસ્તુઓ તમે એકદમ ગ્રહણ કરી લીધી, પણ પાયખાના માટે અને કચરો વગેરે નાંખવા માટે ખાડા ખોદતાં તમને બહુ મુશિબત નડી.

ગ્રામ્યજન: હાજી: સારી વાત લેવી અને તેને વળગી રહેવાનું કામ બહુ મુશ્કેલ છે, પણ ભુંડી વાતો તુરત ગ્રહણ થાય છે. અમારા રૂડા રિવાજ પણ અમે મૂકી દઈએ છીએ.

સોક્રેટીસ: જુઓ: આગળ ગામડાનાં લોકો સદાચારી તેમ સાદા અને સરલ હતા: તેમને ઈશ્વરનો ડર હતો અને તેઓ ઈશ્વરની ભક્તિ કરતા: પણ આજે રેલ્વે, મોટર વગેરે થતાં તેઓ ધર્મહીન થતા જાય છે એટલું જ નહિ પણ નવા દુર્ગુણ લેતા જાય છે.

આમ વાત થતી હતી ત્યાં શિક્ષક આવ્યા.

સોક્રેટીસે તેને કહ્યું: આવો માસ્તર, સારા છોને? તમારૂં જ કામ છે!

શિક્ષક: વળી શું છે? અરે, સોક્રેટીસજી, અત્યારે ય અમારા કામનો બોજો કાંઈ ઓછો નથી: તેમાં વળી તમે આ શું વધારવા માંગો છો?

સોક્રેટીસ: માસ્તર, જે બધા રૂડા રિવાજ આગળના કાળથી ઉતરી આવ્યા છે તેના રખેવાળ તમે છો.

શિક્ષક: જો વળી નવું કામ આવ્યું! આને ય માટે પગાર મળશે ખરો કે?

સોક્રેટીસ: ના, માસ્તર, એમાં પગારની વાત નથી. ગામનું ભવિષ્ય તમારા હાથમાં છે. આ બધા ન્હાના છોકરાઓનું અને જે છોકરીઓ પણ હવે આવવા લાગી છે તે બધીનું જીવન

અને ચારિત્ર્ય જેવું ઘડાશે તે પ્રમાણે ગામનું ભવિષ્ય ઘડાશે.

શિક્ષક: પણ મારૂં કામ વાંચતા લખતાં અને થોડું ગણિત એ શિખવવાનું છે અને કંઈક ઈતિહાસ અને ભૂગોળ.

સોક્રેટીસ: ઇતિહાસ ભૂગોળને મૂકો તડકે, માસ્તર! તમારૂં ખરૂં કામ તો મગજ કેળવવાનું તેમ ચારિત્ર્ય ઘડવાનું છે.

શિક્ષક: આ બધું મારાથી કેમ થઈ શકે? મારે અત્યારે જ કયાં ઓછું કામ છે.

સોક્રેટીસ: તમે ભલા માણસ છો તેથી જે જૂના રિવાજ છે તે બધા સાચવી રાખવા અને ભૂંડાને દૂર કરવા એ આપણું કર્ત્તવ્ય છે એમ માનો છો, ખરૂં ને?

શિક્ષક: હાજી.

સોક્રેટીસ: તેમ તમારા વિદ્યાર્થી ખરાબ નવા રિવાજ શિખે એ તમે ઇચ્છતા નથી, ખરૂં કે?

શિક્ષક: નહિ.

સોક્રેટીસ: તો પછી તમારા પોતાના ચારિત્ર્ય અને રહેણી-કરણીથી અને કદિ કદિ મોઢાના શિક્ષણથી તેમ હમેશાં સારી વાતોનો પક્ષ લઈને અને ભૂંડીનો તિરસ્કાર કરીને તમે તમારા વિદ્યાર્થીઓને ઘણું શિખવી શકો છો!

શિક્ષક: હા, જીઃ આપ એ ખરૂં કહો છો.

સોક્રેટીસ: ત્યારે એ પ્રમાણે કરશો. એમાં પૈસા બેસવાના નથી અને ખાસ વખત આપવાનો નથી. તમે આ ગામના અંધકારમાં પ્રકાશરૂપ છો અને તમારૂં કર્ત્તવ્ય અંધકાર દૂર કરી પ્રકાશ આપવાનું છે.

શિક્ષક: એ તો બહુ મોટી જોખમદારી, પણ હું મારાથી બનતું કરીશ.

સોક્રેટીસ: આના પરિણામે તમારૂં ગામ તમને ધન્યવાદ આપશે. આ બાળકો તમારા હાથમાં આવ્યાં છે તો તેમનું બને તેટલું ભલું કરો. તેમને સારો દાખલો બેસાડો. હા, હવે મને એ યાદ આવ્યું. હું કાલે તમારી શાળા પાસે થઈ જતો હતો ત્યારે મેં જોયું તો છોકરીઓ અને કોઈ કોઈ છોકરાઓએ પણ હાથ, પગ, કાન કે ડોકામાં ઘરેણાં પહેર્યાં હતાં પણ તેઓ બહુ ગંદાં હતાં.

શિક્ષક: હાજીઃ એમ છે ખરૂં.

સોક્રેટીસ: પણ આ પ્રમાણે બાળકોને ઘરેણાં પહેરાવવાં અને તેમાં પૈસો ખર્ચવો અને બાળકોનાં કપડાં તેમ શરીર ગંદાં રહેવા દેવાં એ કાંઈ સારૂં કહેવાય?

શિક્ષક: એ મૂર્ખાઈ કહેવાય.

સોક્રેટીસ: તો પછી તેમને આ મૂર્ખતામાં રહેવા દઈ વાંચવાનું કે લખવાનું શિખવાથી શો લાભ?

શિક્ષક: બાળકો શાળામાં એ જ શિખવા આવે છે, અને મને પગાર પણ એટલા માટેજ મળે છે.

સોક્રેટીસ: પણ તમારૂં કાર્ય બાળકોને સારાં, સ્વચ્છ અને સુઘડ બનાવવાનું છે, ખરૂં ના? સાચું શિક્ષણ એ જ છે.

શિક્ષક: એ વાત તો સારી, પણ એ મારૂં કામ ગણાતું નથી.

સોક્રેટીસ: ત્યારે કોનું કામ છે?

શિક્ષક: એ પ્રભુ જાણે. મારૂં કામ નથી એટલું હું જાણું છું. માબાપનું હશે.

સોક્રેટીસ: માબાપનું તો ખરૂં જ. પણ જેવું શિક્ષણ તમે આ બાળકોને આપવા માંગો છો તેવું જ તેમનાં માબાપને બહુ

બહુ તો મળેલું છે તેથી તેઓ પોતાની ફરજ સમજતાં નથી. માટે કયાંય તો નવો રસ્તો લેવો જોઈશે ના?

શિક્ષક: એ હોય તે ખરૂં: પણ અમારી શાળાનાં પાઠ્ય પુસ્તકોમાં એ વાતો નથી માટે અમારે એ શિક્ષણનું કામ નથી.

સોક્રેટીસ: એ પુસ્તકો જેણે લખ્યાં હશે તેમને ગામડાંના જીવનની સ્થિતિ વિષે કદાચિત્ કાંઈપણ માહિતી નહિ હોય.

શિક્ષક: એ બનવાજોગ છે.

સોક્રેટીસ: વારૂ, તમારી શાળામાં અપાતા શિક્ષણનું ધ્યેય શું છે?

શિક્ષક: વાંચતાં લખતાં આવડે તે.

સોક્રેટીસ: અને વાંચવાનું કે લખવાનું શા માટે કરવાનું છે?

શિક્ષક: એ હું જાણતો નથી; વાંચતાં લખતાં આવડે એ હશે.

સોક્રેટીસ: પણ એનો અંતિમ હેતુ તો કાંઈ હશે ના?

શિક્ષક: એ હું ન જાણું; કદાચિત્ પેટ ભરવા માટે એ હશે.

સોક્રેટીસ: પણ એ લોકો પોતાના પૈસા આમ ઘરેણાંમાં ખર્ચી નાંખે તો પેટ ભરવાનું મુશ્કેલ પડશે ના? અને જો ગંદાં રહેશે તો રોગ વગેરે થાશે અને વહેલા મરશે.

શિક્ષક: સોક્રેટીસજી, તમે તો તમારા પ્રશ્ન અને વાતોથી મને મુંઝવી નાંખો છો.

સોક્રેટીસ: વારૂ, ત્યારે હું એમ કહેવા માગુ છું કે શિક્ષણનો હેતુ છોકરા છોકરીઓને સારા કરવાનો છે અને તેઓ તંદુરસ્ત, સ્વચ્છ અને સુખી થાય એ છે. તેઓ વાંચવાનું શિખે છે તે એટલા માટે કે તેઓ સારાં પુસ્તકો વાંચી પોતાના જીવન, ઘર અને ખેતી વગેરે સુધારે.

શિક્ષક: હાજી: શિક્ષણનો ખરો હેતુ તો એજ હશે.

સોક્રેટીસ: તો પછી જે વસ્તુ પ્રથમ શિખવાની છે તે બારક્ષરી નથી, પણ હાથ, પગ, મોઢું વગેરે સ્વચ્છ રાખવાની વાત છે: ઘરેણાં પહેરવાનું પ્રથમ ન જોઈએ પણ તંદુરસ્ત રહેવું અને સારા થવું એ છે.

શિક્ષક: ખરૂં.

સોક્રેટીસ: એથી બીજો કોઈ પાઠ વધારે ઉપયોગી હશે કે?

શિક્ષક: નાજી.

સોક્રેટીસ: ત્યારે એ શા માટે ન શિખવવો?

શિક્ષક: એમ કરૂં તો પરીક્ષામાં છોકરાંઓ નાપાસ થાય અને મારો પગાર વધતો અટકે.

સોક્રેટીસ: માસ્તર, એમ નથી. ખરૂં શિક્ષણ આ છે અને એ બધું બરાબર શિખવશો તો છોકરાંઓ પરીક્ષામાં પણ સારી રીતે પાસ થશે. તેમની બુદ્ધિ સતેજ થશે અને તેમની સ્ફુર્ત્તિ વધશે. પરિણામે તેઓ વાંચી લખી શકશે અને પરીક્ષામાં સારી રીતે પાસ થશે. આ બધું કરશો તો જ તમે ખરી કેળવણી આપશો અને છોકરા છોકરીઓને તેમની જીંદગીના મ્હોટા કાર્ય માટે બરાબર તૈયાર કરી શકશો.

આ વાત થતી હતી ત્યાં કોઈ બાઈ પોતાના બાળકને મ્હોટે અવાજે ભુંડી ગાળો દેતી સંભળાઈ. આ બધું સાંભળી બીજાઓને કાંઈ લાગ્યું નહિ પણ સોક્રેટીસના મોઢા ઉપર ત્રાસ છવાઈ રહ્યો.

સોક્રેટીસ બોલ્યા: આ કેવો ભુંડો રિવાજ છે!

શિક્ષક: શો? તમે શેને વિષે કહો છો?

સોક્રેટીસ: આ ભુંડી ગાળો તમે ન સાંભળી?

શિક્ષક: હં, એ! એમાં શું? એવું તો અમે ઘેર ઘેર બોલીએ છીએ અને કેટલીક વાર તો છોકરાંઓ તેમ જ ઢોરને પ્યારથી એમ કહીએ છીએ. એમાં કંઈ અમારા મનમાં હોતુ નથી.

સોક્રેટીસ: પણ આવા ભુંડા શબ્દો બોલવા એ તમને સારૂં લાગે છે?

શિક્ષક: ના, એમ તો નહિ. પણ એ તો અમને ટેવ પડી ગઈ છે તે અમારાથી બોલાઈ જાય છે, પણ અમારા મનમાં કાંઈ હોતું નથી. વળી એથી નુકશાન શું?

સોક્રેટીસ: માસ્તર એમ કેમ બોલો છો? નુકશાન તો ખરૂં જ ના? તમે જાણો છો કે નુકશાન તો છે જ.

શિક્ષક: હા જીઃ એમ વિચારો તો નુકશાન છે.

સોક્રેટીસ: તો પછી એ બંધ કરવું જોઈએ અને તમારાં બાળકોને આવી ભુંડી ગાળો પરસ્પર ન દેવા વિષે તમારે શિક્ષણ આપવું જોઈએ. તમે સહુ આવા ભુંડા શબ્દો બોલો તો પછી તમારે માટે કે પોતાનાં માબાપ કે ભાઈબ્હેન માટે છોકરાંઓને માન કેમ રહે?

શિક્ષક: સોક્રેટીસજી, તમે તો બહુ ચાપચીપીઆ છો, ભાઈ: પણ તમારી વાત સાચી છે. આવી ગાળો દેવાની ટેવ બહુ ભુંડી અને દુ:ખદાયી છે.

સોક્રેટીસ: તો પછી તમારા ગામમાં તો તે દૂર કરવાનો પ્રયત્ન કરો. હુ જ્યારે ન્હાનો હતો ત્યારે કોઈ વાર એવું કાંઈ બોલું તો મારી મા સાબુ લઈ મારૂં મોં ધોતી અને પીછી વતી મારી જીભ સાફ કરતી કેમ જાણે તેમાં કાંઈ ભુંડી વસ્તુ આવી ગઈ હોય. પરિણામે હુ એવા શબ્દો બોલતો બંધ થયો.

શિક્ષક: સોક્રેટીસજી, અમે એવું કરીએ તો પછી અમારે તો આખી જીભ ઘસી નાખવી પડે, અને તે માત્ર અમારાં છોકરાંઓની નહિ, પણ અમારી પોતાની પણ.

સોક્રેટીસ: તમે શરૂઆત તો કરો. તમે શિક્ષકો ઘણું કરી શકો છો, માત્ર એ વાત તમારાં મનમાં આવવી જોઈએ.

ગામનો પટેલ

પટેલ: સોક્રેટીસ મહારાજ, હું તો લોકોને તેમના રીતરિવાજ અને ગામ સુધારવાનું કહી કહી થાકયો, પણ કોઈ માનતું નથી.

સોક્રેટીસ: આપણે હવે ઢોલ પીટાવીએ કે "કહી કહી અમે થાકયા, પણ એ તો એનું એ".

પટેલ: ખરી વાત છે. મહારાજ. લોક એવા જ છે અને કોઈનું કહ્યું માનતા નથી. અમારા હુકમ પણ માનતા નથી તો?

સોક્રેટીસ: શું કહો છો! એમ કેમ બને! તમે ગામના પટેલ એટલે તમારૂં તો માનવું જ જોઈએ.

પટેલ: હું પટેલ છું એ વાત ખરી અને એ રીતે ગામમાં મારૂં વજન પણ છે. છતાં અમારા હુકમ તો કોઈ માનતા નથી.

સોક્રેટીસ: તમે જે સુધારા કરવા માંગો છો તે તમે તમારા જીવન અને ઘરમાં તો કર્યા જ હશે અને તેથી તમારાં

આરોગ્ય, આબાદી અને સુખમાં વધારો પણ થયો હશે. તો પછી આ બધું જોઈ લોકો તમારો દાખલો કેમ નહિ લેતા હોય ?

પટેલ: આપ શું કહો છો? હું આપનું કહેવું બરાબર સમજ્યો નહિ.

સોક્રેટીસ: હું એમ કહું છું કે દાખલા તરીકે તમારે ત્યાં કોસને બદલે રહેંટ વપરાતો જોઈ લોકોને તેના ફાયદા સમજાય અને તેઓ પણ તેમ કરવા લાગે.

પટેલ: સોક્રેટીસજી, રહેંટ તો મેં પણ હજુ નાંખ્યો નથી.

સોક્રેટીસ: પણ તમે લોકોને તો એ લેવાનું કયારનું યે કહી રહ્યા છો ?

પટેલ: હાજીઃ ઘણાં યે વર્ષ થયાં અને તે રોજ રોજ, પણ કોઈ માનતું નથી. કહી કહી થાકયો, પણ એ તો એનું એ.

સોક્રેટીસ: પટેલ, એ વાત યાદ રાખવી કે બહુ બોધ આપવા કરતાં થોડું પણ વર્તન વધારે કામ કરે છે. તમે લોકોને કહ્યા કરો પણ તેઓ તમને મોઢે ન કહે તો પાછળથી કહેશે કે "ડાહ્યો તો બહુ થાય છે પણ એ રહેંટ એવો સારો હોય તો પોતે પોતાને ત્યાં કેમ નાંખતો નથી."

પટેલ: સોક્રેટીસજી, એ મારા ખ્યાલમાં ન રહ્યું. હું એમ માનતો હતો કે મારૂં કામ તો લોકોને માત્ર કહેવાનું જ છે.

સોક્રેટીસ: ખરી વાત એ છે કે તમે મોઢેથી સુધારો સુધારો કહો છો, પણ હજી તમારૂં મન તો જૂના કઢંગા રીતરિવાજને વળગી રહ્યું છે.

પટેલ: નાજી, એમ તો નથી.

સોક્રેટીસ: વારૂ, તમે લોકોને કુતરાંઓની માફક ગામ બહાર કે ગામની અંદર જ્યાંત્યાં ઝાડે ન બેસવાનું કહો છો, તો પછી તમે તો તમારે માટે તેમ તમારા ઘરનાં બૈરાંઓ અને છોકરાંઓ માટે બરાબર બંદોબસ્ત કર્યો હોવો જોઈએ, અને તેમ કરી સ્વચ્છતા અને સ્વમાનનો દાખલો પણ બેસાડયો હોવો જોઈએ.

પટેલ: સોક્રેટીસજી, મને કહેતાં શરમ આવે છે કે અમે પણ એનું એ કરીએ છીએ.

સોક્રેટીસ: તો પછી તમે સુધારાની બાબતમાં અમે કહીએ છીએ એમ કયાં કરો છો?

પટેલ: આપ ખરૂં કહો છો: અમે પણ નથી કરતા.

સોક્રેટીસ: ત્યારે તમે પટેલ શાના? તમે ય બીજાના જેવાં. બીજા સુધારો કરે ત્યારે તમે પ્રથમ તેમને ગાળો ભાંડો, અને પછી તેમને એ સુધારાથી લાભ થતો જુઓ ત્યારે પણ તે પ્રમાણે કરવામાં ઢીલ કરો અને બીજાને સુધારા કરવાનું કહ્યા કરો. ગામના પટેલને આ ન શોભે. તમારે શરમાવું જોઈએ.

પટેલ: સોક્રેટીસજી, એ અમારે માટે ખરેખર શરમની વાત છે, પણ શું કરવું? ગામના મ્હેણું અને હાંસી અમારાથી સહન થતાં નથી.

સોક્રેટીસ: કોઈએ તો પહેલો પગ માંડવો જોઈએ ના? એમ ન થાય તો પછી ગાડું આગળ જ કેમ ચાલે?

પટેલ: ખરી વાત.

સોક્રેટીસ: ત્યારે તમારા સિવાય બીજો કોણ પહેલો પગ માંડે? વળી તમે ન્યાત અને ગામના પટેલ રહ્યા, અને તમારી પાસે બે પૈસા પણ છે. નવી નવી વસ્તુઓ પ્રથમ

લાભકારક ન થાય તોપણ તેથી તમને બહુ નુકશાન થવાનું નથી. તેથી તમારી પાયમાલી તો નહિ જ થાય. નવા પ્રયોગો ગરીબ માણસથી ન થાય અને એ લોકો તો તમારા જેવાનો દાખલો લઈ આગળ ચાલે. ખરૂં પૂછો તો આપણે આપણા પ્રાંતમાં જે જે સુધારા દાખલ કર્યા છે તે બધા ફતેહમંદ થયા છે. પહેલાં એ બધાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો અને તેમાં સફળ નીવડયા પછી જ તે જાહેર કરવામાં આવ્યા છે.

પટેલ: સોક્રેટીસજી, તમે ખરૂં કહો છો. હું પટેલ છું તો મારે મોખરે રહેવું જોઈએ. હું હવે તેમ કરીશ.

સોક્રેટીસ: (ગામના બીજા મ્હોટા માણસો તરફ ફરીને તેમને કહે છે) અને તમે પણ આ પ્રમાણે મોખરે રહો તો જ તમારી શોભા કહેવાય.

ખેડુત: હાજીઃ અમે પણ એમ કરીશું. નવી વાતો લેવી એ સ્હેલી નથી અને તેમાં ય લોક નિંદા કરે એટલે અમારા પગ ઢીલા થઈ જાય.

સોક્રેટીસ: નિંદા તો હમેશાં થવાની જ, પણ જે પ્રથમ હાંસી કરે તે જ પાછળથી વખાણે એવો નિયમ છે, માટે આપણે તેથી ડરવું નહિ. આપણને સારૂં લાગે તે કરવું. સારા કામમાં ઢીલ ન હોય.

પરદેશના પાઠ

સોક્રેટીસ એક દિવસ ગામમાં આવ્યા ત્યારે ત્યાં તેણે કેટલાક નવા માણસો જોયા. આ બધા પરદેશથી પોતાના ગામ પાછા આવ્યા હતા અને ત્યાં કાંઈ પૈસો કમાઈ આવેલા હોવાથી તેમનાં કપડાં સ્વચ્છ અને સારાં હતાં. પણ તેઓ જ્યાં બેઠેલા હતા ત્યાં પાસે એક મ્હોટો ઉકરડો હતો અને તેમાંથી દુર્ગંધ નીકળતી હતી છતાં તેઓ તેની પરવા કર્યા વગર ગપ્પા મારતા હતા. તેમના બધાના મ્હોંમાં સીગારેટ હતી. તેઓને જોઈ સોક્રેટીસે તેમને "રામ રામ" કહ્યા અને પછી બોલ્યા "વાહ! તમે સહુ સુંદર દેખાઓ છો. તમને જોઈ મારા મનમાં શું વિચાર આવે છે તે જણાવું?"

પેલા માણસો: હા, જણાવોને.

સોક્રેટીસ: ઉકરડા ઉપર બેઠેલા મોરની તમે મને યાદ આપો છો.

પેલા માણસો: (સ્હેજ ચીડાઈને) સોક્રેટીસજી, અમે તમારે વિષે સાંભળ્યું છે અને તમને મળવાને ઇચ્છતા હતા, પણ તમે આવા તોછડા હશો એ અમને ખબર નહોતી. આવી રીતે અમારૂં અપમાન કરવાનું શું કારણ છે?

સોક્રેટીસ: તમે મજાનાં કપડાં પહેર્યાં છે અને ફાંકડા દેખાઓ છો, પણ જુઓને, આ તમારૂં ગામ કેવું ગંદું પડયું છે. તમે અંહિ ઉકરડા પાસે જ બેઠા છો.

પેલા માણસો: સોક્રેટીસજી, એ વાત ખરી, પણ જુઓને, તમે કહો છો તે પ્રમાણે ઉકરડા ઉપર મોર બેસે છે ના?

સોક્રેટીસ: પણ મોર ઉકરડા કરતા નથી.

પેલા માણુસો: ના.

સોક્રેટીસ: પણ તમે તો આ ગામ મેલું કરવામાં બીજાના જેટલાજ જવાબદાર છો, ખરૂં કે નહિ?

પેલા માણુસો: હાજી, એમ કંઈક તો ખરૂં,

સોક્રેટીસ: વારૂ, આજે અંહિ શું ચાલી રહ્યું છે—કોઈને ત્યાં લગ્ન છે કે બાગની ઉજાણી છે? આ શી ધમાલ છે?

પેલા માણુસો: અંહિ બાગ કેવા ને બગીચા કેવા?

સોક્રેટીસ: બાગબગીચા નથી તો પછી તમારી સ્ત્રીઓ પોતાનાં ન્હાનાં બાળકોને હવા કે કસરત માટે કયાં લઈ જાય છે?

પેલા માણુસો: કયાંય નહિ. અંહિ ફરવાનું કેવું? સોક્રેટીસજી, તમે કયા દેશમાં વસો છો?

સોક્રેટીસ: (પેલા માણુસોમાંનો એક જે પોતાના હાથમાં એક અમૂલ્ય હીરાની વીંટી પહેરેલી હોવાથી ધનાઢય દેખાઈ આવતો હતો તેને સંબોધી કહે છે) પણ ખરેખર, શેઠજી, તમારાં ઘરનાં બૈરાં તો તમારા જેવાં જ સુઘડ અને સ્વચ્છ હશે, અને તે બીજા લોકોનાં બૈરાંઓની માફક ગામની ગંદી હવામાં કે અંધારામાં રહેવાનું પસંદ નહિ જ કરતાં હોય.

પેલા શેઠ: (જરા શરમાઈ જઈ) ના, જીઃ એમ નથીઃ અમારે ત્યાં પણ બીજાના જેવું જ છે. અમે બૈરાંઓને ઘણું કહીએ પણ માને કોણ?

સોક્રેટીસ: ત્યારે તમે પરદેશ જઈ આવ્યા, ત્યાંની સારી રીતભાત જોઈ આવ્યા, મ્હોટાં મ્હોટાં શહેરો જોયા અને તમે કેટલું ય સારૂં સારૂં જોયું, જાણ્યું, પણ એનું પરિણામ શું? જો

તમે એમાંનું કંઈ અંહિ પાછું ન લાવો અને તમારા ગામમાં સારી અને સુઘડ રીતભાત અને રહેણીકરણી દાખલ ન કરો તો તમે દૂર દેશાવર જઈ આવ્યા અને પૈસા કમાઈ આવ્યા એનું ફળ શું ?

પેલા શેઠ: સોક્રેટીસજી, અમારે શું કરવું કહો જોઈએ. તમને કોઈ રીતે સંતોષ મળે એમ લાગતું નથી.

સોક્રેટીસ: તમે ઘણું કરી શકો છો. જે સ્વચ્છતા, સુઘડતા વગેરે તમે બહાર જોયાં હોય, જે નવું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે બધાનો કંઈક અંશ તમારે તમારી સાથે લાવવો જોઈએ; અને કંઈક સુધારો તમારા ઘરમાં, શેરીમાં અને ગામમાં દાખલ કરવો જોઈએ. તમારા ઘર વધારે પ્રકાશ અને હવાવાળાં થાય તો તમે સહુ નીરોગી થાઓ અને તમારો દાખલો લઈ બીજા પણ સુખી થાય. વળી તમે પૈસા કમાઈ આવો છો તો વાડી કે બાગ પણ કરી શકો છો કે ત્યાં જઈ તમે તેમ તમારા કુટુંબીજનો અને પાડોશી વગેરે આનંદ લઇ શકો.

પેલા શેઠ: સોક્રેટીસજી, આપ કહો છો તે બધી વાત સાચી, પણ કોણ જાણે શું છે કે અમે ભેગા મળી કામ કરી શકતા નથી અને કોઈ પહેલો પગ માંડતુ નથી.

સોક્રેટીસ: પાછી એની એ વાત આવી. ઘાંચીનો બળદ એકને એક ઠેકાણે આવી ઉભો રહે એ પ્રમાણે તમે પણ કરો છો. ભુંડા કામને માટે ભેગા થઈ કામ થાય અને તેમાં પહેલો પગ માંડવો હોય તો ઘણા યે તૈયાર થાય, પણ સારૂં કામ કરવાની વાત આવી ત્યાં સહુ પાછી પાની કરવા માંડે.

પેલા શેઠ: હાજી, એ તો અનાદિ કાળનું છે.

સોક્રેટીસ: પણ મનુષ્યનું કર્ત્તવ્ય એ સ્થિતિ બદલવાનું છે.

તમે બધા પૈસા કમાઈ આવ્યા છો તો ભેગા મળી થોડા થોડા પૈસા કાઢી એક વાડી લો એટલે તમે તેમ તમારાં બૈરાંઓ અને બાળકો ત્યાં જઈ આનંદ કરી શકશો. આવી આવી અનેક વાત તમે કરી શકો છો. વળી આ બધામાં પૈસા ખર્ચવાની જ વાત છે એમ નથી. કેટલુંક તો એવું છે કે તેમાં ઉલટાનો આર્થિક લાભ થાય તેમ છે, જેમ કે સારૂં બી વાવવું, લોઢાના હળનો ઉપયોગ કરવો, કોસને બદલે રહેંટ નાંખવો વગેરે વગેરે. અને ગંદવાડ વગેરે દૂર કરશો તો તેમાં કાંઈ બહુ પૈસા બેસવાના નથી અને બદલામાં તમારૂં આરોગ્ય વધશે અને તમે સારા થશો તેમ તમારી પ્રજા સુખી થશે. કંઈક તો કરો.

પેલા શેઠઃ હાજી, આપ કહો છો તે પ્રમાણે અમે કરીશું.

પ્રજાના હાકેમ કે સેવક!

સોક્રેટીસ એક દિવસ ગામમાં આવ્યા ત્યારે તલાટી, વહીવટદાર, સરવેયર અને મુખી વગેરે નવી વીઘોટી દાખલ કરવાની હતી તે સંબંધી વાતો કરતા બેઠા હતા. ગામ બરાબર સાફ થયું ન હતું અને ઘણા દિવસનો કચરો ભેગો થયો હતોઃ છાણાના ઢગલાઓ જયાં ત્યાં પડયા હતા અને ઉકરડામાંથી દુર્ગંધ નીકળતી હતીઃ ઓછામાં પૂરૂં કુતરાંઓએ ભસીને ગામ ગજાવી મૂક્યું હતું. આ બધું જોઈ સોક્રેટીસ ખીજાયા હતા અને પોતાના દિલની ઉભરો કાઢવા બરાબર તત્પર હતા.

બધાને બેઠેલાં જોઈને તેણે "રામ રામ" કહ્યા, પણ

કોઈએ જવાબ આપ્યો નહિ. તેથી તેણે મ્હોટે અવાજે કહ્યું: "રામ રામ, ભાઈઓ, રામ રામ."

આ સાંભળી તલાટી જે સોક્રેટીસને ઓળખતો ન હતો તે બોલી ઉઠયો: "ચૂપ! અલ્યા ડોસા, તું જોતો નથી કે આ બધા કોણ બેઠા છે? અંહિ મ્હોટા અધિકારી બેઠા છે એ તો ધ્યાન રાખ."

સોક્રેટીસ: કયા અધિકારી? ઉદ્ધત છોકરા?

તળાટી: અરે બુઢા, મ્હોં સંભાળીને બોલ નહિ તો વાંધો આવી જશે. હું તલાટી છું અને આ બીજા ન્હાના મ્હોટા સરકારી નોકર છે.

સોક્રેટીસ: મને માફ કરો, સાહેબ, પણ હમણાં જ તમે કહ્યું હતું ને કે અમે અધિકારી છીએ.

તલાટી: અલબત્ત, અમે બધા અધિકારી છીએ.

સોક્રેટીસ: પણ નોકર અધિકારી કેમ હોઈ શકે?

તલાટી: કેમ નહિ: બધા રાજ્યના નોકર એ અધિકારી છે.

સોક્રેટીસ: પણ નોકરની ફરજ પોતાના ધણીની સેવા કરવાની છે. એ અધિકારી કેમ થઈ શકે?

તલાટી: અમે સરકારી નોકર છીએ એટલે અધિકારી છીએ. અમારે કહેવું કેટલી વાર? અમારૂં અપમાન કરવું છે કે શું?

સોક્રેટીસ: નાજી, મારે અપમાન નથી કરવું: પણ મને માફ કરો મારી ઈંતેજારી માટે, મારે તમને એ પૂછવું છે કે તમે કોના નોકર છો?

તલાટી: સરકારના નોકર: એટલી યે સમજ પડતી નથી?

સોક્રેટીસ: પણ સરકાર એટલે કોણ? એ કોઈ માણસ છે કે કોઈ વસ્તુ કે શું છે? એ સરકાર કોને કહેવી?

વહીવટદાર: તલાટીજી, હું હવે એને ઉત્તર આપું છું. તમે વીઘોટી નક્કી કરવાનું કામ કરતા હતા તે કરો. વારૂ, ડોસા, સરકાર એ એક જાતની સંસ્થા છે અને તેનું કામ દેશની વ્યવસ્થા કરવાનું છે. આ સંસ્થા જમીનવેરા અને કર વતી નભે છે.

સોક્રેટીસ: બહુ સારી વાત, વહીવટદારજી: આ કર અને વેરો કોણ ભરતા હશે?

વહીવટદારજી: ખેડુતો અને વેપારી.

સોક્રેટીસ: તો પછી આ મ્હોટું રાજ્ય તો તેમનું થયું, કારણ કે એ તેમના પૈસાથી નભે છે.

વહીવટદાર: હાજી, એ ખરૂં.

સોક્રેટીસ: ત્યારે તો એ રાજ્ય તેમના લાભ માટે રહેવું જોઈએ.

વહીવટદાર: હાજી.

સોક્રેટીસ: અને આ બધા સરકારી નોકર જેની વાત તલાટીજી કરતા હતા તે પણ આ સંસ્થાના જ નોકર ખરાને?

વહીવટદાર: હાજી.

સોક્રેટીસ: વારૂ, ત્યારે આ રાજ્ય જે લોકો વેરો ભરે છે તેમનું થયું તો એ રાજ્યના નોકર પણ એમના જ થયા. ખરૂં ના?

વહીવટદાર: હાજી.

સોક્રેટીસ: ત્યારે આ ગામના લોકો વેરો ભરે છે એટલે આ ગામમાં કામ કરતા સરકારી નોકરો પણ આ ગામના લાભ માટે જ છે ના?

વહીવટદાર: ખરૂં.

સોક્રેટીસ: તો પછી આ અધિકારી ને અમલદાર ને હાકેમ વગેરે શબ્દો વાપરી મ્હોટી મ્હોટી વાતો કરવી એનો અર્થ કાંઈએ નથી. તમે ને આ તલાટી ને આ બધા પ્રજાના અને આ ગામના નોકર છોઃ કેમ નહિ?

વહીવટદાર: ખરી વાત.

સોક્રેટીસ: ત્યારે આ યુવક તલાટી જે આવો ઉદ્ધત છે અને પોતે લોકોનો હાકેમ છે એમ માની તેમને સતાવે છે તેને પોતાની જીભ વશ રાખવી અને પોતે લોકોનો ધણી નહિ પણ સેવક છે એવું સમજાવવાની જરૂર નથી?

વહીવટદાર: સોક્રેટીસજી, હું એ કરીશ.

સોક્રેટીસ: તમે બધા સરકારી નોકર કેળવાયેલા છો, ખરૂં ના?

વહીવટદાર: હાજીઃ નહિ તો અમારાથી આવું કામ ન થાય.

સોક્રેટીસ: ત્યારે તમે ખાતરના ખાડા, સ્વચ્છતા, શિક્ષણ, સુધારા વગેરે સંબંધે જે જાહેર ખબર આપવામાં આવી છે તે જોઈ હશે અને તમે ડીસ્ટ્રીકટ ગેઝટ પણ વાંચતા હશો?

વહીવટદાર: હાજી, મેં એ બધું જોયું છે.

સોક્રેટીસ: અને તમે ડેપ્યુટી કમીશનરને આ બધી વાતના સંબંધમાં શું કરવું જોઈએ તે વિષે વ્યાખ્યાન આપતાં સાંભળ્યા હશે.

વહીવટદાર, તલાટી વગેરે બધા: અમે તો એ બહુ સાંભળ્યું છે અને સાંભળી સાંભળી ધરાઈ ગયા છીએ. એવું તો કોઈ દિવસ નહોતું સાંભળ્યું. એ બધાનું અમારે કામ શું છે? કેટલીકવાર મામલતદાર પણ એ વાતો લઈ અમારૂં માથું કુટયા કરે છે, એટલું સારૂં છે કે અમે એમાંનું કાંઈ અંહિ દાખલ કર્યું નથી.

સોક્રેટીસ: (પોતાના મનમાં) આ વાતોને તમે ગાંડપણુ કહેતા હો તો ભલે ડેપ્યુટી કમીશનર પૂરા ઘેલા થઈ તમને બધાને કરડી ખાય. (મ્હોટેથી અને ગુસ્સાના આવેશમાં) તમે બધા નિમકહુરામ છો.

વહીવટદાર: (ક્રોધે ભરાઈ) સોક્રેટીસ, તમે મ્હોં સંભાળી બોલો: વધારે બોલવામાં સાર નથી. તમે વૃદ્ધ છો એટલે અમે તમારૂં માન રાખીએ પણુ તમારે મર્યાદા જાળવવી જોઈએ. નહિ તો પસ્તાવું પડશે.

સોક્રેટીસ: શા માટે એ હાકેમ—નહિ હું ભૂલ્યો—એ પ્રજાના સેવક! તમે આ બધા કામ વિષે જાણો છો, અને તમે એ પણુ જાણો છો કે એ કામ સારૂં છે અને તેથી લોકોને લાભ થશે: છતાં તમે તેને તિરસ્કારી કાઢો છો અને જે લોકો એ બધું કરવાનું કહે છે તેની હાંસી કરો છો અને તેમને સહાય કરવાને બદલે આડા આવો છો.

વહીવટદાર: એ કાંઈ અમારૂં કામ નથી.

સોક્રેટીસ: પણુ તમે હમણાં જ કહ્યું કે અમે પ્રજાના નોકર છીએ અને પ્રજા એટલે આ બધાં ગામડાંઓના લોકો જે નકામાં દુઃખ અને દારિદ્રયમાં રહી પીડાય છે અને ગંદવાડ અને રોગ વગેરેથી હેરાન હેરાન થઈ મરી જાય છે તેમના તમે નોકર છો.

વહીવટદાર: અમારે અમારી ફરજો બજાવવાની છે અને તેમાં આ વાતોનો સમાવેશ થતો નથી.

સોક્રેટીસ: પણુ આ લોકોની પાસેથી ઉઘરાવેલા કરવેરામાંથી તમને પગાર મળે છે અને તેમના પૈસાથી કરવામાં આવેલ શાળાઓ, ઈસ્પીતાલો, રસ્તાઓ વગેરેનો તમે છૂટથી ઉપયોગ

કરો છો છતાં તેમની સ્થિતિમાં સુધારો થાય અને તેમનાં જીવન, ગૃહ અને ગામ સુધરે એ વાત વિષે તમારી જવાબદારી હોય એમ તમે માનતા જણતા નથી.

વહિવટદાર: અમારે બીજું ઘણું કામ છે, અને આજ સુધી આ કામ એમાંનું ગણાયું નથી.

સોક્રેટીસ: ત્યારે પછી આ ગામડાંઓના લોકો આવી ભયાનક સ્થિતિમાં રહે એમાં નવાઈ શી? તમે કેળવાયેલા છો અને શું કરવું જોઈએ એ તો તમે જાણો જ છો, છતાં લોકોને લાભ થાય એવાં કામો વિષે તમારી જવાબદારી માનતા નથી. કોઈ છોકરી કે ગાય કે સ્ત્રી (અહિં સ્ત્રીને છેલ્લી મૂકવા માટે મને માફ કરો પણ હું અનુભવથી કહું છું કે સ્ત્રીની કિંમત બહુજ ઓછી અંકાય છે) કુવામાં પડે ત્યારે તમે એમ કહો છો કે, મારે બીજાં ઘણાં કામ છે પણ કોઈને બોલાવી એને કુવામાંથી કાઢવાનું કામ મારૂં નથી?"

વહીવટદાર: સોક્રેટીસ, તમે એમ અવળું કેમ બોલો છો? માણુસ કુવામાં પડે ત્યારે ઉભા ઉભા ન જોઈએ એ સહુ કોઈ સમજી શકે. એવું થાય ત્યારે બીજાને બોલાવીએ એટલું જ નહિ પણ પાણીમાં ઉતરી કે પાઘડી નાંખી જીવ બચાવીએ.

સોક્રેટીસ: પણ એટલો વખત જાય ના? અને વળી પાઘડી બગડે એ જુદું.

વહીવટદાર: તેથી શું?

સોક્રેટીસ: અને કોઈ ઘર બળતું હોય ત્યારે?

વહીવટદાર: ત્યારે પણ એમજ, પછી ભલે બધાં કપડાં બગડે કે અમે દાઝીએ.

સોક્રેટીસ: એ કર્ત્તવ્ય ખરૂં ને?

વહીવટદાર: હા જી.

સોક્રેટીસ: તો પછી બચ્ચાંઓ આંખે આંધળાં થાય છે અને બીજા અનેક રોગોથી પીડાઈ સંખ્યાબંધ મરી જાય છે અને જે જીવે છે તે ગંદવાડ, રોગ અને અજ્ઞાનમાં રહી દુઃખમાં ઉછરે છે. અને લોકો પોતાનો અર્ધો પાક અજ્ઞાનને લઈને અથવા એવાં બીજાં નિવાર્ય કારણો ને લીધે ગુમાવી બેસે છે, ત્યારે તેઓએ શું કરવું જોઈએ એ તેમને કહેવાની તમારી ફરજ ખરી કે નહિ?

વહીવટદાર: આજ સુધી આ વાત મને આમ સમજાઈ ન હોતી, પણ તમારૂં સાંભળી મને લાગે છે કે તમે ખરૂં કહો છો અને અત્યાર સુધી અમે અમારૂં ખરૂં કર્ત્તવ્ય કર્યું નથી. પ્રજાના સેવક તરીકે તો અમે કશુંય કર્યું નથી અને નીમકહરામ થયા છીએ.

સોક્રેટીસ: કોઈ બાળક કુવામાં પડી મરે કે શીતળાથી કે મરડાથી મરે એમાં બહુ ફેર નથી, ઉલટાનું કુવામાં પડી મરવું એ તો એક રીતે સ્હેલું છે કેમકે તેથી બહુ લાબું પીડાવાનું હોતું નથી.

વહીવટદાર: સોક્રેટીસ, તમે ખરૂં કહો છો. તમે પ્રજાના સેવક તરીકે અમારૂં ખરૂં કર્ત્તય સમજાવ્યું. આજથી તમારા કહેવા પ્રમાણે હું વર્તીશ અને તમારા સુધારાને અમે સહુ સહાય્ય આપીશું (બીજાને સંબોધી) તમે સહુ આ વાત ધ્યાનમાં રાખજો. આપણી વગ ઘણી છે તેમ કામ કરવાની તક પણ આપણને ઘણી મળે છે, માટે આપણે એનો સારો ઉપયોગ કરીએ અને જેટલી બને તેટલી લોકસેવા કરીએ. આપણે તેઓનું અન્ન ખાઈએ છીએ તો તેમનું ભલું કરવું એ

આપણું પ્રથમ કર્ત્તવ્ય છે. નમસ્કાર, મહારાજ, અમે આપનો આપની આવી સારી શિખામણ માટે બહુ બહુ ઉપકાર માનીએ છીએ, અને આપને વચન આપીએ છીએ કે અમે એ કદિ ભૂલીશું નહિ.

એ બધા ગયા પછી ત્યાં બેઠેલા એક શેઠે સોક્રેટીસને કહ્યું: "શાબાશ, મહારાજ, શાબાશ! તમે આજે બહુ કરી! આ અમલદારો તો અમારા ઉપર સીતમ ગુજારી રહ્યા છે. તમે તેમને ઠીક કહ્યું."

સોક્રેટીસ: (જરા ચીડાઈને) અને તમે શેઠ લોકો, તમે વળી બીજું શું કરો છો? તમે એમનાથી કાંઈ સારા નથી. તમે મુંબઈ, કરાંચી, કલકત્તા, જેવાં મ્હોટાં શહેર જોઈ આવો છો અને ત્યાં રહી પણ આવો છો: તમારામાંના કેટલાક તો પરદેશ પણ ખેડે છે અને તમે આ બધા સ્થળોમાં શહેર-સુધરાઇ, સ્વચ્છતા વગેરેના ઘણા પાઠ શિખો છો, પણ આ બધું તમે તમારા ગામડાઓમાં આવતાં વેંતજ ભૂલી જાઓ છો. તમારી અંહીની કમાણી આ ગરીબ ખેડુત વર્ગ ઉપર છે છતાં તમે તેમને માટે કશી લાગણી રાખતા નથી અને તેઓ, તેમની ખેતી, તેમનાં ઘરબાર, તેમની રીતભાત, રહેણીકરણી કેમ સુધરે એ વાતની તમને જરાયે ચિંતા કે પરવા રહેતી નથી: ઉલટાનું તેઓને કેમ વધારે કચરવા એ વાત ઉપર જ તમારૂં લક્ષ રહે છે. એટલુંજ નહિ પણ તમે તમારા પોતાનાં ઘરબાર સુધારવાં જોઇએ એ પ્રમાણે સુધારતા નથી: એટલું એ કરો તો તમારૂં તો સુધરે અને તમારો દાખલો લઇ બીજા એ પ્રમાણે આચરે એટલું વિશેષ. તમારાં છોકરાંઓને તમે ભણાવો છો પણ તે માત્ર તેઓ હુશીયારી વાપરી પેટ ભરવામાં વધારે કુશળ થાય એ

માટે અને નહિ કે બીજાઓનું ભલું કરે અને તેમ કરતાં પોતાનું પણ ભલું કરે. તમારૂં કામ અંહિ આદર્શરૂપ થવાનું છે તેને બદલે તમે લોકોને આ અમલદારોની માફકજ અથવા કદાચિત તેથી પણ વધારે કચરો છો.

શેઠ: સોક્રેટીસજી, એ બધી ખરી વાતઃ પણ તેમ છતાં અમે આ અમલદારોથી સારા છીએ: એમની માફક સીતમ ગુજારતા નથી.

સોક્રેટીસ: (ક્રોધથી) તમે એવો ઉઘાડો જુલમ ગુજારત નથી એ ખરૂં, પણ તમે છાનો છાનો જુલમ કરો છો. તમે જે રીતે વ્યાજ લો છો અને જે રીતે તમારૂં લેણું પાછું લો છો એ કાંઈ ઓછો જુલમ નથી.

શેઠ: સોક્રેટીસજી, તમે કડવાં વચન કરો છો, પણ તે ખરાં છે અને અમારા ભલાને અર્થે છે.

સોક્રેટીસઃ મારૂં કહેવું તમે એમ સવળું લો છો એ ખુશીની વાત છે: કડવાશને માટે મને ક્ષમા કરો, પણ મારાથી રહેવાતું નથી એટલે એ રીતે કરી નાંખું છું.

મનુષ્ય અને જાનવર વચ્ચેનો ભેદ

સોક્રેટીસ: (ગામના મોટેરાઓને) મેં આજે તમારા ગ્રામ્ય જીવન વિષે બહુ વિચાર કર્યો એટલે જણાયું કે તમે તમારી રીતભાતમાં જંગલી જાનવર કરતાં બહુ ઉત્તમ નથી, જો કે તમે તમને પોતાને બહુ ઉત્તમ સમજો છો.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, વળી આજ આ શું માંડયું ? આ તો અમને ગાળ આપવા જેવું કરો છો.

સોક્રેટીસ: હું આજે સવારે ચાલ્યો આવતો હતો ત્યારે મેં ઘણા લોકોને ખેતરોમાં અને કેડીઓ અને રસ્તા પાસે કળશે બેઠેલા જોયા: હવે આ બાબતમાં તમે જાનવરથી કઈ રીતે જુદા છો ? પશુઓ જેમ આ કાર્ય મર્યાદા રાખ્યા વગર કરે છે અને તેમાં સ્વચ્છતા અસ્વચ્છતાનું ભાન રાખતાં નથી તેમ જ તમે કરો છો.

ગ્રામ્યજન: ઝાડે જવું તો જોઈએ નાઃ એ વિના કાંઈ ચાલે છે ! પણ એટલું ખરૂં કે આ બાબતમાં અમે કંઈક જંગલી છીએ અને દુર્ગંધ વિષે બેદરકાર છીએઃ પણ અમે ટેવાઈ ગયા છીએ એટલે એ વિષે અમને બહુ લાગતું નથી. પણ તમે શું કહેવા માગો છો ?

સોક્રેટીસ: હવે તો પેલા ખાડા ખોદ્યા છે, ખરૂં ના ? કચરા અને ખાતર માટે હવે તમે ખાડા ખોદવા લાગ્યા છો, નહિ વારૂ ?

ગ્રામ્યજન: હાજીઃ એ તમારૂં કામ છે અને તેના પરિણામે ગામ બહુ ચોખ્ખાં થયાં છે, અમારાં બાળબચ્ચાં વધારે નિરોગી અને સબળ બન્યાં છે, તેમની આંખો ખરાબ થતી નથી, માંખીઓ ઓછી થઈ છે, ધુળ બહુ ઉડતી નથી અને ખાતર વધતાં પાક વધ્યો છે. આ ખાડાથી અમને બહુ લાભ થયો છે એ વાતની અમારાથી ના પાડી શકાતી નથી.

સોક્રેટીસ: ત્યારે આ ખાડાઓનો પાયખાના તરીકે ઉપયોગ કાં ન કરો ? ખાડા ઉપર બબે પાટીઆં આડાં મૂકો, અને તેને દિવાલ કરી લો અથવા બાંધી લો એટલે થયાં ખાસાં પાયખાનાં.

એમાંનાં થોડાં પુરૂષો માટે રાખો, અને થોડાં સ્રીઓ માટે, અને તે ગામની ચારે બાજુ એટલે ગામના બધા લોકોને ઠીક પડે. આમ કરશો તો તમારૂં ખાતર વધશે, દુર્ગંધ આવતી બંધ થશે અને મર્યાદા જળવાશે એ જુદું. એ ખાડાઓમાં રોજનો કચરો, છાણ અને રાખ વગેરે મેલાં ઉપર પડશે એટલે તેમાંથી સ્હેજ પણ દુર્ગંધ નહિ નીકળે અને માંખીનો ઉપદ્રવ નહિ થાય. આથી તમારી તંદુરસ્તી સુધરશે કેમકે માંખીઓ મેલા ઉપર બેસી આપણા ખાનપાનની વસ્તુઓ ઉપર બેસે છે અને પરિણામે ઘણા રોગ ઉત્પન્ન થાય છે.

ગ્રામ્યજનઃ આવાં પાયખાનાં અમે સ્રીઓ માટે પ્રથમ કરીશું અને પછી અમારા માટે કરીશું.

સોક્રેટીસઃ પણ આટલું બસ નથી. તમે બીજી ઘણી રીતે પશુ જેવા છો.

ગ્રામ્યજનઃ દાખલા તરીકે ?

સોક્રેટીસઃ તમારાં ઘરમાં પુષ્કળ અંધારૂં રહે છે અને તેમાં બારીઓ હોતી નથી, કેમ જાણે એ ઉંદરનાં કે શાહુડી જેવાં પ્રાણીનાં દર હોય.

ગ્રામ્યજનઃ સોક્રેટીસજી, એ ખરી વાતઃ પણ અમે હવે બારીઓ મૂકવા માંડી છે. તમે અમને વારંવાર ટોકયા કરો છો એટલે અમારે એમાંનું કાંઈક કાંઈક કર્યા વિના છૂટકો નથી.

સોક્રેટીસઃ ત્યારે તમે જાનવર કરતાં કંઈક સારા થયા લાગ્યા ખરા.

ગ્રામ્યજનઃ નહિ, અમે તો જાનવર કરતાં બહુ ઉત્તમ છીએ. જુઓ અમારાં પુસ્તકો, અમારાં મ્હોટાં મ્હોટાં મકાનો, આ રેલ્વેઓ, આ સંચા વગેરે બધું.

સોક્રેટીસ: વારૂ, તમે લખી શકો છો ?

ગ્રામ્યજન: નાજી:

સોક્રેટીસ: તમે ઘર બાંધી શકો છો ?

ગ્રામ્યજન: એ તો કડીઆનું કામ છે.

સોક્રેટીસ: તમે સંચા કે બાઈસીકલ કે ગાડું ય બનાવી શકો છો ?

ગ્રામ્યજન: એ સુતાર અને લુહારનું કામ છે, અમારૂં નહિ:

સોક્રેટીસ: તમે રેલ્વે બનાવી શકો છો ?

ગ્રામ્યજન: અમે ખેડુત રહ્યાઃ એ તો ઈજનેર વગેરેનું કામ.

સોક્રેટીસ: તો પછી આ બધી બાબતોના સંબંધમાં પશુઓમાં અને તમારામાં શો ભેદ?

ગ્રામ્યજન: કેમ નહિ: અમે તેમનો ઉપયોગ કરી શકીએ છીએ.

સોક્રેટીસ: તેમનો ઉપયોગ તો ઉંદર પણ કરી શકે. તે રેલગાડીમાં જઈ આવી શકે છે. વળી, તમારૂં સાઈકલ કે શીવવાનો સંચો ખોટવાઈ જાય તો તમે તેને સુધારી શકશો ખરા કે?

ગ્રામ્યજન: એ ભલે ન કરી શકીએ, પણ અમે બીજાં પ્રાણીઓથી બહુ ચઢીયાતા છીએ.

સોક્રેટીસ: ચઢીયાતા! નહિ. પણ જૂદા ખરા! સાંભળો હું કહું કે કઈ રીતે જુદા છો. પ્રથમ તો તમારાં બાળકો મેલાં રહે છે અને તમે તેમને નવડાવવા ધોવડાવવામાં સમજતા નથીઃ તમારાં ઘર પણ ગંદાં રહે છે. પ્રાણીઓ પોતાનાં બચ્ચાંઓને બહુ સ્વચ્છ રાખે છે અને તેમનાં દર વગેરે પણ સ્વચ્છ હોય છે. બીજું, પ્રાણીઓ નિરોગી રહે છે અને તેમનાં બચ્ચાંઓની આંખો તમારાં બચ્ચાંઓની આંખો જેવી ખરાબ રહેતી નથી. વળી તેઓ પોતાના

બચ્ચાંઓમાં નર અને માદા વચ્ચે જેવો તમે છોકરાઓ અને છોકરીઓ વચ્ચે ભેદ કરો છો એવો કરતાં નથી. તેઓ સહુને સમાન ગણે છે. તેઓ એક બીજા સામે કાયદે લડતા નથી. તેમ પીવાનું તમે ઘણી વાર બગાડો છો એમ બગાડતાં નથી. આ પ્રમાણે ઘણી રીતે પશુથી તમે જુદા છો અને કેટલીક રીતે ઉતરતા પણ છો.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, હવે તો બહુ થઈ. અમને માફ કરો અને લજાવો મા.

સોક્રેટીસ: હું સાચું કહું છું કે ખોટું?

ગ્રામ્યજન: સાચું, સાચું: પણ એ અમારાથી સાંભળ્યું જતું નથી.

સોક્રેટીસ: ત્યારે હું મીઠું મીઠું પણ અસત્ય કહું?

ગ્રામ્યજન: નાજી: એથી અમને કંઈ લાભ થવાનો નથી. એ તો અમે આજ સૈકાઓ થયાં સાંભળતા આવ્યા છીએ. પણ મહેરબાની કરી ધીમે ધીમે કહો. એકેક પગલું મંડાવશો તો અમે ચાલી શકીશું, નહિ તો થાકી જઈશું. “ધીમે ધીમે સુધારાનો સાર” એવું અમારા કવિનું વચન છે. અમારે અમારી સ્ત્રીઓને અને બીજા ભાઈઓને સમજાવવાનું રહે છે અને એ કામ બહુ સ્હેલું નથી.

સોક્રેટીસ: એ બરાબર, પણ મને અધિરાઈ આવી જાય છે અને કેટલીક વાર નિરાશ પણ થઈ જાઉં છું.

ગ્રામ્યજન: અમે કંઈક સુધર્યા પણ છીએ એ તમે સારી રીતે જાણો છો.

સોક્રેટીસ: હા, કંઈક ફેરફાર થયો છે. ખાતરના ખાડાઓ, ઘરમાંની બારીઓ, ઓછાં ઘરેણાં વગેરે કેટલીક વસ્તુઓ

સુધારાના લક્ષણ તરીકે દેખાય છે ખરી.

ગ્રામ્યજન: એ બધું તમારા ચાબખાનું પરિણામ છે અને એ માટે અમે તમારો પાડ માનીએ છીએ.

સોક્રેટીસ: (પોતાના ઘેર જતાં જતાં મલકાતે મોઢે) હા, એક વાતમાં તમે જાનવર કરતાં બહુ ઉત્તમ છો, અને તે મારે કહેવું જોઈએ. જાનવર નથી પીતાં દારૂ કે નથી જાણતાં બીડી કે હોકો પીવાનું. એ તો તમે જ જાણો છો. વારૂ, રામ રામ.

ભુંડી ટેવો

સોક્રેટીસ એક દિવસ ગામમાં આવી ચોરે ગયા ત્યાં કેટલાક માણસો હોકો પીતા પીતા અને ગપ્પાં મારતા બેઠા હતા. તેમને "રામ રામ" કર્યા બાદ સોક્રેટીસે કહ્યું: "મારે તમારા ગામમાં આવી રહેવું છે અને જોવું છે કે તમે કેમ રહો છો."

આ સાંભળી ત્યાં બેઠેલાઓમાંના મોટેરાઓએ માથું હલાવ્યું અને જરા ગમ ખાઈ બોલ્યા: "સોક્રેટીસજી, તમે અમારે ત્યાં ક્યાંથી. પણ......એ કેમ બનશે?"

સોક્રેટીસ: વળી શું થયું? મેં એવો શો દોષ કર્યો? ભાઈઓ, હું અંહિ આવી તમારી સાથે રહી તમારી રહેણીકરણી જોઉં એમાં તમને શો વાંધો છે?

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમે મહેરબાની કરી મારું

લગાડશો નહિ, પણ એ બને એમ નથી. અમે ઘરબારી રહ્યા એટલે એ ન થઈ શકે.

સોક્રેટીસ: પણ શા માટે ?

ગ્રામ્યજન: એ તો ન જ થાય.

સોક્રેટીસ: કાંઈ કારણ તો આપશો ના ?

ગ્રામ્યજન: વારૂ, સાંભળો ત્યારે: તમે રહ્યા વૃદ્ધ અને આવા ડાહ્યા અને મ્હોટા માણસ, એટલે અમારા ઘરનાં બૈરાંઓને છૂટથી જવાય અવાય નહિ અને બહારનું કામકાજ પણ થાય નહિ: આ મ્હોટી હરકત આવે.

સોક્રેટીસ: (ખૂબ હસીને) વાહવાહ! કેવી વાત! પણ હું યે તમારા જેવો ઘરબારી છું ના! મારી શી બીક છે ?

ગ્રામ્યજન: (જરા ભોંઠા પડીને) પણ, એમ ન બને, સોક્રેટીસજી! તમારાથી ગામમાં તો ન રહેવાય.

સોક્રેટીસ: ત્યારે હું ગામની બહાર રહીશ અને જયારે ગામમાં આવવા દેશો ત્યારે આવીશ.

ગ્રામ્યજન: (વધારે ગમ ખાઈને) એ પણ બની શકે એમ નથી, સોક્રેટીસજી.

સોક્રેટીસ: કેમ શું છે? ગામમાં બૈરાંઓ શરમાશે પણ બહાર તો કોઈ શરમાય એમ નથી ના? ત્યાં તો ઢોર હોય અને તે શરમાવાનાં નથી, તો પછી મારે ત્યાં રહેવામાં શો વાંધો છે ?

ગ્રામ્યજન: નાજી, ઢોર તો ન શરમાય, પણ તો યે એ બની શકે એવું નથી.

સોક્રેટીસ: વારૂ, તમે કોઈ વાત છાની રાખો છો. મને કહો તો ખરા કે શું છે. મારે તમને હરકત નથી કરવી, પણ મારી એ

ઈચ્છા છે કે હુ તમારી સાથે રહુ અને જોઉં કે તમે કેમ રહો છો.

ગ્રામ્યજનઃ ખરેખર, સોક્રેટીસજી, અમે માનીએ છીએ કે તમે અમારા ખરા હિતેચ્છુ છો, પણ મુશ્કેલી એ છે કે ગામની બહાર જ્યાંત્યાં ઉકરડાના ઢગલા પડયા છે અને અમે કળશે ય ત્યાં જઈએ છીએ એટલે તમારાથી ત્યાં રહેવાય નહિ. તમને ચોખ્ખાઈ બહુ જોઈએ એટલે તમારાથી તો ત્યાં ઉભું ય નહિ રહેવાય. વળી અમારાં બૈરાંઓ પણ બહાર ત્યાં જ જાય છે.

સોક્રેટીસઃ પણ તમે હમણાં જ કહેતા હતા ને કે તમારાં બૈરાંઓ શરમાય અને લાજ કાઢે છે.

ગ્રામ્યજનઃ એ ખરી વાત છે.

સોક્રેટીસઃ ત્યારે પછી આ શરમ અને લાજ તે કઈ જાતનાં? ઘરમાં અને ગામમાં લાજ અને બહાર કળશે જવામાં લાજ કે શરમ નહિ. વાહ! આ તો બહુ ભલી લાજ!

ગ્રામ્યજનઃ એ તો રાતનાં બહાર જાય.

સોક્રેટીસઃ તો તો ઉલટાનું ખરાબ. રાત્રે સ્ત્રીઓને બહાર જવામાં કેટલું જોખમ રહ્યું છે એ તમે જાણો છો. વળી, ધારો કે દિવસે જવાનું થયું તો?

ગ્રામ્યજનઃ બનતા લગી તો રાત સુધી જેમ તેમ ચલાવીએ.

સોક્રેટીસઃ એ કેવું ખરાબ! એથી પેટમાં હરકત થાય અને તંદુરસ્તી બહુ બગડે. તમને પુરૂષોને એ પ્રમાણે દબાવવું પડે તો?

ગ્રામ્યજનઃ અમારાથી તો ન રહેવાય.

સોક્રેટીસઃ તો પછી તમે તમારાં બૈરાંઓ પ્રત્યે કેવા નિર્દય છો?

ગ્રામ્યજન: દિવસનાં ખેતરોમાં અથવા ખાડામાં સ્ત્રીઓ બેસી શકે છે.

સોક્રેટીસ: પણ ખેતરમાં કાંઈ હમેશાં પાક હોતો નથી કે તેઓ દેખાય નહિ, તેમ દરેક ઠેકાણે ખાડાઓ કે ખાઈઓ હોતાં નથી.

ગ્રામ્યજન: એ ન હોય તો ભોથાં હોય કે છોડ હોય કે એવું કાંઈ હોય તેમાં ઢંકાઈ બેસે.

સોક્રેટીસ: હા, પણ એમાં ખરી રીતે લાજમર્યાદા રહેતી નથી એ તમે બધા જાણો છો. છોડ આડે આખું શરીર ઢંકાતું નથી તેમ ખાઈ ખાડાઓનું પણ એમ જ છે. વળી એ સ્થિતિમાં કોઈ નીકળે કે તુરત જ ઉભા થઈ જવું અથવા ચાલી જવું પડે. એ કેટલું બધું ખરાબ!

ગ્રામ્યજન: વાત તો ખરી છે.

સોક્રેટીસ: આનો અર્થ તો એમ થયો કે તમે પૂરા ઘાતકી છો એટલું જ નહિ પણ તમે તમારાં બૈરાંઓને પૂરાં નિર્લજ બનાવો છો અને ડોળ એવો કરો છો કે અમે સહુથી ઉંચા વર્ણના અને આબરૂદાર છીએ. તમારા રિવાજ તમારી સ્ત્રીઓ માટે ઘાતકી, ગંદા અને નિર્લજ બનાવનારા છે.

ગ્રામ્યજન: વારૂ, ત્યારે અમને કંઈ રસ્તો બતાવો ને?

સોક્રેટીસ: એમાં શું રસ્તો બતાવવો છે? તમે ખાતર માટે ખાડા કર્યા છે ના?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે તેને બાંધી લો અને ઈંટની કે પાણાની દિવાલ કરશો તો વધારે સારૂં કેમકે એથી માંખીઓને તેમાં ભરાવાનું સ્થાન મળશે નહિ. અને ખાડાઓ ઉપર આડાં

પાટીઆં મૂકો એટલે થયાં ખાસાં પાયખાનાં. ગામની ચારે બાજુ આવા થોડાં પાયખાનાં કરો અને તેમાં થોડાં સ્ત્રીઓ માટે રાખો અને થોડાં રાખો પુરૂષો માટે એટલે સ્ત્રીઓ દિવસે કે રાત્રે સહેલાઇથી અને સલામતીથી ત્યાં જઈ શકશે. તમે સહુ ત્યાં મ્હોટે ભાગે સવારમાં જઈ આવવાના અને દિવસ આખો એ ઉપર કચરો, છાણ વગેરે પડવાનું, એટલે ત્યાં નહિ રહે માંખી કે નહિ થાય દુર્ગંધ અને તમારૂં ખાતર વધશે તે જુદું.

ગ્રામ્યજન: અમે એ પ્રમાણે કરીશું, અને તમે અમને આ કુરિવાજ દૂર કરવાનો માર્ગ બતાવ્યો એ માટે અમે તમારો પાડ માનીએ છીએ. અમારૂં અજ્ઞાન એટલું બધું છે કે અમે એ કુરિવાજ છે એટલું જાણી પણ શકતા નહોતા. આ જ્ઞાન અમને આપ્યું એ માટે તમારી મહેરબાની.

ત્રણ ધણી

સોક્રેટીસ: રામ રામ, ભાઈઓ, રામ રામ.

ગ્રામ્યજન: રામ રામ, સોક્રેટીસજી, પધારો.

સોક્રેટીસ: આજે કેમ તમારૂં ગામ આવું ગંદુ અને ગંધાતું છે? મને તો ઉલટી આવે એવું થતું હતું.

ગ્રામ્યજન: હા, એમ છે ખરૂં. ભંગીઆઓમાં લગ્ન છે એટલે ગામ વાળ્યાચોળ્યા વિનાનું પડયું છે.

સોક્રેટીસ: પણ હું તો એમ માનતો હતો કે આ ગામ કણબી અને રાજપુતનું છે. મારા સમજવામાં એમ હતું કે આ

ગામના ધણી ભંગી નહિ પણ તમે બધા છો.

ગ્રામ્યજન: અમે તો છીએ જ. એમ શા ઉપરથી કહો છો કે અમે નથી.

સોક્રેટીસ: વારૂ, જો વર્ષાદ ન થાય તો પાક ન થાય અને તમે બધા ભૂખે મરો, ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: વર્ષાદ ભગવાન મોકલે છે, નહિ વારૂ?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને એ માટે તમે ભગવાનને ધણી કહો છો?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: વારૂ, અને જો સરકાર કે રાજ્ય તરફથી રક્ષણ માટે પોલીસ કે લશ્કર કે અદાલત કે રસ્તા વગેરે ન હોય તો વ્યવસ્થા ન રહે, નહિ વારૂ?

ગ્રામ્યજન: વ્યવસ્થા ન રહે. સરકાર તરફથી રક્ષણ ન હોય તો ચોર વગેરે આવી લુંટી જાય અને લોકોથી દૂર જવાય નહી.

સોક્રેટીસ: ત્યારે તમે સરકારને પણ તમારો ધણી ગણો છો, ખરૂં ના?

ગ્રામ્યજન: હાજી: સરકાર અમારૂં રક્ષણ કરે છે માટે એ અમારો ધણી કહેવાય.

સોક્રેટીસ: ત્યારે ભંગી પણ તમારો ધણી?

ગ્રામ્યજન: તમે આવું અવળું શું બોલો છો, સોક્રેટીસજી?

સોક્રેટીસ: સાંભળો ત્યારે: જો ભંગીઆ તમારૂં ગામ સાફ ન કરે તો ગંદવાડને લીધે તમે બધા મરી જાઓ, તમારાં છોકરાંઓને ઝાડા કે મરડો થાય, તેમની આંખો ખરાબ થાય અને ગામ એવું બગડી જાય કે તેમાં રહેવાય નહિ. જુઓને

આજે એ કેવું ખરાબ છે?

ગ્રામ્યજન: સોક્રેટીસજી, એ બધી ખરી વાત છે. અમારૂં ગામ કોકજ દિવસ ચોખ્ખું રહે છે: ભંગીઆઓ બેદરકાર બની ગયા છે અને અમારૂં માનતા નથી.

સોક્રેટીસ: તો પછી તે તમારા ધણી થયા ના?

ગ્રામ્યજન: એમ કહો તો એમ, બીજું શું.

સોક્રેટીસ: ત્યારે તમારે ત્રણ ધણી થયા–ભગવાન, સરકાર, અને ભંગી.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમારા ઉપર દયા કરો. તમારી વાતની ના પાડી શકાય તેમ નથી.

સોક્રેટીસ: અને આ ત્રણમાં ભંગી સહુથી વધારે અગત્યનો થયો કારણ કે જો તે મહેરબાન ન હોય તો દસ દિવસમાં ગામ એવું થઈ જાય કે તમે અંહિ પળવાર પણ રહી ન શકો.

ગ્રામ્યજન: ખરૂં કહો છો.

સોક્રેટીસ: હું ધારૂં છું કે બધા દેશમાં ભંગીઆ તો હશે, નહિ વારૂ? ઇંગ્લંડ દેશ બહુ સ્વચ્છ રહે છે માટે ત્યાં ભંગીઆ બહુ હુશિયાર તેમ સમજુ હોવા જોઈએ.

આ સાંભળી એક માણસ લડાઈના સમયમાં ઇંગ્લંડ જઈ આવ્યો હતો તે બોલ્યો: “નાજી: ઇંગ્લંડમાં હું રહી આવ્યો છું, પણ ત્યાં મેં ભંગી જોયા નહિ.”

બીજો વેપાર અર્થે પાલેસ્તાઈન જઈ આવેલ હતો તે બોલી ઉઠ્યો: “મેં પણ પાલેસ્તાઈનમાં ભંગી જોયા નહિ.”

ત્રીજો માણસ મેસોપોટેમિયા ગયો હતો તે બોલ્યો: “મેસોપોટેમિયામાં મેં પણ ભંગી જોયા નહિ.”

સોક્રેટીસ: ત્યારે તો એમ દેખાય છે કે ભંગીઆ માત્ર

હિંદુસ્થાનમાં જ છે.

ગ્રામ્યજન: આ બધાના કહેવા ઉપરથી એમ લાગે છે.

સોક્રેટીસ: તો તો પછી હિંદુસ્થાન દુનિયામાં સહુથી વધારે સ્વચ્છ દેશ હોવો જોઈએ ?

પેલા પરદેશ જઈ આવેલા માણસો બોલી ઉઠ્યા: “ના જી, એમ નથી: અમે ઇંગ્લંડ, ફ્રાંસ, જર્મની વગેરે દેશ જોઈ આવ્યા છીએ અને એ દેશ બહુ ચોખ્ખા છે. ખરૂં પૂછો તો આ ગામડાંઓ જેવાં મેલાં ગામ અમે કયાંય જોયાં નથી.”

સોક્રેટીસ: ત્યારે તો તમારા દેશમાં ગામ સ્વચ્છ રાખવા માટે આવો એક વર્ગ ખાસ રાખવામાં આવ્યો છે છતાં તે સહુથી વધારે સ્વચ્છ હોવાને બદલે સહુથી વધારે મેલો છે.

ગ્રામ્યજન: એમ જણાય છે, પણ એનું કારણ કંઈ સમજાતું નથી.

સોક્રેટીસ: તે હું તમને કહું. જે માણસને જે કામની ગરજ રહી તે માણસ જ તે કામ સહુથી સારી રીતે કરે. તમારૂં ગામ જેમ વધારે સ્વચ્છ રાખો તેમ તમારાં ખેતરને વધારે ખાતર મળવાનું. વળી ગામ જેમ વધારે સ્વચ્છ તેમ તમારૂં અને તમારાં છોકરાંઓનું આરોગ્ય વધારે રહેવાનું. હવે તમારો પાક વધારવાની કે તમારૂં બધાનુ આરોગ્ય રાખવાની ગરજ કોને વધારે, તમને કે ભંગીને ?

ગ્રામ્યજન: એ તો અમારે જ હોય ના ? ભંગીને શી પડી છે?

સોક્રેટીસ: ત્યારે તો ગામને સ્વચ્છ રાખવું હોય તો તે તો તમારે જ કરવું રહ્યું.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, આપ આ શું બોલો છો ? અમે ઉંચા વર્ણના લોક રહ્યા એટલે અમારાથી આ મેલું કેમ ઉપડે?

એને અમારાથી અડાય પણ નહિ. તમે થઈને આ શું બોલો છો ?

સોક્રેટીસ: મારા પ્યારા ભાઈઓ, મને માફ કરો. મને તમારા આ ઉંચા નીચા વર્ણના ભેદની અને તમે આવું કામ કરી નહિ શકતા હો એ વાતની ખબર નહોતી, એટલે મારાથી આવી ભૂલ થઈ ગઈ. પણ હું અહિં આવતો હતો ત્યારે વા વાતો હતો અને ઢોર ગામની બહાર જતાં હતાં તેને લીધે ધૂળ ઉડી અને તે મારા મ્હોંમાં અને ફેફસામાં ગઈ. મને લાગે છે કે એ કારણથી મારૂં મગજ ઠેકાણે નહિ રહ્યું હોય.

ગ્રામ્યજન: હાજી, ધૂળ એમ ઉડે છે ખરી અને એથી અમે સહુ હેરાન પણ થઈએ છીએ. પણ તમે એમ બોલ્યા એથી અમને બહુ અપમાન લાગે એવું હતું એટલે અમે તમને જરા કહ્યું. તમે એ વાતનું માઠું લગાડશો નહિ.

સોક્રેટીસ: હું દિલગીર છું અને હવેથી એમ નહિ કહું. પણ તમને એક પ્રશ્ન પૂછું? આ ધૂળ જે પવનથી કે માણસો કે ઢોરના હાલવા ચાલવાથી ઉડે છે તે ઉકરડામાંથી ઉડતી હશે, નહિ વારૂ ?

ગ્રામ્યજન: હાજી: બધેય ઉકરડા છે એટલે ધૂળ ત્યાંથી ઉડે એમાં શી નવાઈ?

સોક્રેટીસ: અને આ ટીંબો જેના ઉપર આ ગામ બાંધું છે તે પણ આગળના ઉકરડાનો બન્યો હશે, નહિ વારૂ ?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને આ ઉકરડાની ધૂળ ઉડી તમારા પેટમાં જાય છે અને ખાવાપિવાની વસ્તુઓમાં પડે છે અને કુવા વગેરેમાં પડે છે, ખરૂં કે? અને એ કુવાનું કે તળાવનું પાણી તમે પીઓ છો, નહિ ?

ગ્રામ્યજન: હાજી. એમાં શું? એ તો અમે અનાદિ કાળથી કરતા આવ્યા છીએ. એમાં તમને શું ખોટું લાગ્યું?

સોક્રેટીસ: મારા બંધુઓ, મને માફ કરો, પણ આ ધૂળ જે તમારા ખાવામાં અને પીવામાં પડે છે અને પ્રત્યેક પળે તમારા શ્વાસ વાટે તમારા ફેફસામાં જાય છે તે મેલાંનીજ બનેલી છે.

ગ્રામ્યજન: એ વાતની યે ના ન કહેવાય.

સોક્રેટીસ: ત્યારે તમે ઉંચા વર્ણના હોવાનો દાવો કરો છો પણ દરેક પળે તમારા પેટમાં મેલું જાય છે એનું કેમ? અને હું તમને એમ કહું છું કે તમે તમારૂં ગામ સ્વચ્છ કરો એટલે તમારૂં ખાનપાન અને તમારે લેવાની હવા અને તમારાં છોકરાંઓનાં ખાનપાન અને હવા સ્વચ્છ થાય તેમાં તમારૂં મ્હોટું અપમાન થઈ ગયું. તમે ઉંચા વર્ણના લોકો રહ્યા એટલે ગામ ગંદુ કરવાનું કામ તમારૂં, અને પછી ભલે એ એમને એમ રહે! એ વાતનું તમારે કાંઈ નહિ. વાહ! તમારા ઉચ્ચ નીચના ભેદ બહુ ભારે છે, હાં!

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમને માફ કરો: અમારી ભૂલ અમે હવે જોઈ. ઉલટાનું અમે તમારૂં અપમાન કર્યું. પણ અમે શું કરીએ: રિવાજ પડ્યો ના! અમે આ ગંદવાડમાંજ મ્હોટા થયા છીએ એટલે એથી ટેવાઈ ગયા છીએ, અને એમાં સુધારો કરવાનું કામ જરા અઘરૂં રહ્યું એટલે અમે એ કરતાં પાછા પડીએ અને જે ચીલો પડ્યો છે તેના ઉપર ચાલ્યા જઈએ છીએ.

સોક્રેટીસ: હું એ કબુલ કરૂં છું. સુધારાનું કામ કાંઈ સ્હેલું નથી. પણ તમારાં છોકરાંઓને સુધારો અને શિક્ષણ

આપો એટલે તેઓ જ્ઞાન પ્રાપ્ત કરશે અને આગળના ભુંડા રિવાજ પ્રમાણે ચાલશે નહિ.

ગ્રામ્યજન: જી, અમે એ પ્રમાણે કરીશું: પણ એ કરવાનો કંઈ સ્હેલો ઉપાય હોય તે બતાવો.

સોક્રેટીસ: બૉય સ્કાઉટસ વિષે તમે સાંભળ્યું છે. એ સંસ્થામાં છોકરાઓને સ્વચ્છ થવાનું તેમ તેમનું ઘર વગેરે સ્વચ્છ રાખવાનું શિખવવામાં આવે છે. તેઓ સ્વાશ્રયી રહી શકે અને બીજાની સેવા કરે એવા પાઠ તેમને શિખવવામાં આવે છે. આ કારણથી તમારા છોકરાઓને એ સંસ્થામાં ભળવા દો. તેઓ ત્યાં સ્વમાન, સ્વચ્છતા અને સેવાના પાઠ શિખશે અને પોતાનું તેમ બીજાનું ભલું કરશે.

શિક્ષણ

સોક્રેટીસ: રામ રામ, પટેલ, છો તો મજામાં ને?

પટેલ: હાજી: આપ કેમ છો?

સોક્રેટીસ: ઠીક ઠીક છીએ: હું હવે ઘરડો થયો એટલે તો પછી એમ જ ને! વળી એકલો રહ્યો. પણ તમારો દીકરો આજે ક્યાં જતો હતો?

પટેલ: આજે એ બળદને પલોટવા ગયો છે.

સોક્રેટીસ: પલોટવું એટલે શું?

પટેલ: બળદને સાંતીડે કે ગાડે જોડવા પહેલાં તેને એ કામ માટે તૈયાર કરવા જોઈએ.

સોક્રેટીસ: એમ બળદને તૈયાર કરવા પડતા હશે એ વાતની મને ખબર ન હોતી.

પટેલ: હાજી: એમ કર્યા વિના છૂટકોજ નહિ. બળદ કે ઘોડા વગેરે જાનવરને કામમાં જોડ્યા પહેલાં તેમને ધીમે ધીમે તૈયાર કરવા જોઈએ.

સોક્રેટીસ: એમ! એ વાતની મને ખબર ન હોતી. ત્યારે તો બધા ખેડુતોએ આ પ્રમાણે બળદ કે ઘોડાને તેમની પાસેથી કામ લેતા પહેલાં તૈયાર કરવા જોઈએ એ તો બહુ મુશ્કેલ કામ.

આ વાત થતી હતી ત્યાં પટેલને ઘેર તેની દીકરીનું લગ્ન થવાનું હતું તેથી તેની વહુએ તે સંબંધમાં કામકાજ હોવાથી હાક મારી.

સોક્રેટીસે લગ્ન થવાનું છે એ જાણી કહ્યું: "વાહ, પટેલ, વાહ! આ તો બહુ ખુશીની વાત કે તમારી દીકરી પરણે છે."

પટેલ: હાજી: કાલે માંડવો નાંખશું.

સોક્રેટીસ: ત્યારે તો તમે તમારી દીકરીને તેની ભવિષ્યની પરણેલી જીંદગી માટે શિક્ષણ આપી તૈયાર કરેલી હશે જ.

પટેલ: શું કહો છો? હું કાંઈ સમજ્યો નહિ.

સોક્રેટીસ: તમે હમણાં નહોતા કહેતા કે જાનવરને પણ તેમને કામમાં જોડવા પહેલાં તૈયાર કરવાં જોઈએ છે?

પટેલ: એ વાતને અને આને શો સંબંધ છે?

સોક્રેટીસ: હવે જેમ જાનવરને કેળવવાની જરૂર છે તેમ દીકરીઓને પોતાના કામ માટે કેળવવાની જરૂર ખરી કે નહિ?

પટેલ: એ તો અમારી દીકરીઓને દળતાં, વાસીદું વાળતાં, રાંધતાં અને એવું એવું થોડું કામ કરતાં આવડે જ. એમાં વળી શિખવાનું શું હોય? વળી એ તો સ્ત્રી જાત રહી એટલે એમ જ ચાલે.

સોક્રેટીસ: વાહ! આ તો ઘણું કહેવાય. એવી દીકરીઓના ધણી નશીબદાર ખરા કે એમને એવી તૈયાંર થયેલી સ્ત્રીઓ મળી.

પટેલ: એમાં શી નવાઈ! અને વળી મેં ઘરેણું કર્યું છે એ તો વધારાનું. છોકરોએ સારો મળ્યો છે. ઈશ્વર એમને સાજાંનરવાં રાખે ને એમનો વેલો ખૂબ વધારે. અત્યારસુધી એમના ઘરમાં છોકરાં જીવતાં નથી. મારી છોકરીને બે જેઠાણી છે પણ તેમાં કોઈનું છોકરૂં રહેતું નથી.

સોક્રેટીસ: તમારામાંના દરેકના મનની ઉંડી ઈચ્છા એવી તો ખરી કે તમારાં છોકરાં મજબુત અને નિરોગી થાય, ખરૂં ના?

પટેલ: હાજી: અમે તો એની જ ઝંખના કરીએ છીએ.

સોક્રેટીસ: છોકરાંઓને ઉછેરે કોણ?

પટેલ: એમની મા વળી. એમાં શું પૂછવું?

સોક્રેટીસ: માનું આ કામ સહુથી મ્હોટું, ખરૂં ના?

પટેલ: મ્હોટામાં મ્હોટું.

સોક્રેટીસ: ત્યારે ગામમાં આટલાં બધાં દરદો આવતાં હોવાથી, કેટલીક વાર અકસ્માત થવાથી તેમ તમારાં ગામ આવાં ગંદા રહેતાં હોવાથી એ કામ બહુ જ મુશ્કેલ હોવું જોઈએ?

પટેલ: હાજી: મેં તમને કહ્યું ને કે અમારા વેવાઈને ત્યાં છોકરાઓનાં છોકરાં જીવતાં નથી. એનું કારણ એજ છે.

સોક્રેટીસ: ત્યારે માની જબાબદારી મ્હોટી હોવી જોઈએ, નહિ વારૂ?

પટેલ: હાજી: મારી દીકરી એમાં કહેવાપણું નહિ રાખે.

સોક્રેટીસ: ચોક્કસ: તમે આટલું બધું શિક્ષણ આપ્યું છે એટલે પછી કહેવાપણું કેમ રહે.

પટેલ: વળી તમે મને બનાવવા માંડયું ખરૂં. કહો જોઈએ

તમારા મનની વાત.

સોક્રેટીસ: તમે મને હમણાં જ નહોતા કહેતા કે તમારાં બધાં જાનવરને તમે પલટાવી પછી જ કામમાં જોડો છો. ત્યારે તમારી દીકરી તો જાનવર કરતાં વધારે ના ? અને એમ હોય તો પછી તમે તેને બરાબર કેળવો એમાં નવાઈ શી? એને આગળ ઉપર બાળકોને મ્હોટાં કરવાં વગેરે બહુ મુશ્કેલ કામ કરવાનાં છે માટે તૈયારી તો થવી જ જોઈએ ના ?

પટેલ: મેં તમને નહોતું કહ્યું કે એને ઘરનું કામકાજ જેવું કે રાંધવું, દળવું વગેરે આવડે છે, પછી બીજું શું જોઈએ ?

સોક્રેટીસ: આની સાથે તમારી દીકરીને તમે બચ્ચાંઓને નવડાવવા ધોવડાવવાનું, ખવરાવવાનું અને તેમની એ પ્રકારની બીજી માવજત કરવાનું તેમ તે માંદા થાય કે તેમને પેટમાં દુઃખે કે તેમની આંખો ખરાબ થાય ત્યારે શું કરવું એ વિષે થોડું ઘણું તો શિખવ્યું હશે જ ના ? વળી ઘર કેમ સાફસુફ રાખવું કે ગામમાં ઓરી કે શીળીનો રોગ કે મોટી ઉધરસ ચાલતાં હોય ત્યારે કેમ બચ્ચાંને સંભાળવા વગેરે બાબતોનું શિક્ષણ પણ આપ્યું હશે ?

પટેલ: નારે ભાઈ, એવું કાંઈ મેં શિખવ્યું નથી. એવું શિખવવાનો અમારે ત્યાં રિવાજ નથી. એમાં અમે પોતે જાણીએ નહિ તો શિખવીએ શું? વળી એવું બધું જાણીને કરવું છે શું અને તેમાં ય વળી સ્ત્રી જાતને બહુ જાણવું શું ? એ તો ભગવાને ધાર્યું હોય તે થાય. એની ઈચ્છા હોય તો બચ્ચાં જીવે ને ન હોય તો ન જીવે. એ તો નશીબમાં માંડયું હોય તે થાય.

સોક્રેટીસ: ત્યારે તમે શીળી કેમ કઢાવો છો ? અને માંદા પડો છો એટલે તો તુરત વૈદને ત્યાં જઈ દવા લો છો.

જો નશીબમાં માંડયું હોય એમ થાય એમ માનતા હો તો પછી ઉધમ શા માટે કરો છો? તાવ આવે છે ત્યારે જે લોકો કવીનાઈન ખાય છે એટલે સારા થાય છે અને જે નથી ખાતા તે સારા નથી થતા એ તમે જુઓ છો તો પછી નશીબની વાત કયાં રહી?

પટેલ: હાજી, એ વાત તો ખરી, પણ એમાં સ્ત્રીને શું સમજવાનું હોય.

સોક્રેટીસ: ઘણું યે, પટેલ: જો તેને પોતાનાં છોકરાંઓને સાજાંસારાં રાખવાં હોય તો આ બધું જાણવું જોઈએ. વારૂ, તમારી દીકરીને કપડાં શીવતાં આવડે છે?

પટેલ: નાજીઃ એવું શિખવાનો વખત કયાંથી કાઢવો? અમારી સ્ત્રીઓને છાણાં થાપવાનાં હોય, પાણી ભરવાનું હોય અને એવું એવું ઘણું કામ હોય એમાં શીવવાનું વળી કયાંથી બને? વળી એ શિખવે કોણ? છોકરીની માને ય નહિ આવડતું હોય.

સોક્રેટીસ: પણ તમે આટલી બધી ઘંટી રાખવાને બદલે <u>એક મ્હોટો ઘંટ રાખતા હો તો ઘણાં ઘરનું દળાણું એક બળદથી થઈ શકે અને એટલો વખત બચે</u>. અને છાણાં તો થાપવાં જ શા માટે જોઈએ? બળતણને માટે ખરી રીતે તો લાકડાનો વપરાશ રાખવો જોઈએ. આમ કરશો તો તમને ખાતર ઘણું મળશે અને તમારો પાક દોઢો બમણો થશે.

પટેલ: આ બધું થાય તોયે સ્ત્રીને વળી વધારે શિખવવાનું કે કેળવવાનું કામ શું?

સોક્રેટીસ: પણ તમે કહેતા હતા ને કે છોકરાં ઉછેરવાં એ સ્ત્રીઓનું મ્હોટામાં મ્હોટું કામ છે?

પટેલ : હા.

સોક્રેટીસ: અને તમારા કુટુંબનું નામ રાખવું હોય તો બચ્ચાં નિરોગી જોઈએ ના?

પટેલ: હાજી.

સોક્રેટીસ: તમે વળી કહેતા હતા કે છોકરાંઓ ન્હાની ઉમરમાં બહુ મરી જાય છે.

પટેલ: હાજી.

સોક્રેટીસ : અને આપણે હમણાં જ વાત કરી કે આપણે સંભાળ રાખીએ તો રોગ ઓછો આવે અને રોગ આવે ત્યારે દવા વગેરે લઈએ તો સાજા થઈએ, ખરૂં ના?

પટેલ: હાજી.

સોક્રેટીસ: આપણે જોયું કે "નશીબમાં માંડયું હોય તેમ થાય" એમ આપણે ભલે બોલીએ, પણ ઉધમ તો કરીએ જ છીએ, અને ઉધમ કરવો જ જોઈએ.

પટેલ: હાજી.

સોક્રેટીસ: તો પછી જે છોકરી ભવિષ્યમાં માતા થવાની છે તેને તેના આ સહુથી વધારે અગત્યના કાર્યમાં શા માટે તૈયાર ન કરવી.

પટેલ: કઈ રીતે?

સોક્રેટીસ: તેને નિશાળમાં મોકલીને.

પટેલ: પણ આ ગામમાં છોડીઓની નિશાળ નથી એનું કેમ?

સોક્રેટીસ: છોકરાઓની નિશાળ તો છે ના?

પટેલ: હાજી.

સોક્રેટીસ: છોકરાંઓને ઉછેરે છે કોણ—મા કે બાપ?

પટેલ: મા જ.

સોક્રેટીસ: ત્યારે પ્રથમ છોકરીઓની શાળા જો એની વધારે જરૂર છે. વળી તમારી દીકરી અને (દીકરો એક જ નિશાળે જાય તો એમાં શું ખોટું છે?

પટેલ: સોક્રેટીસજી, આપ આજ આમ કેમ બોલે છોકરાઓ અને છોકરીઓને સાથે કેમ ભણાવાય?

સોક્રેટીસ: શા માટે નહિ?

પટેલ: છોકરાઓ તે છોકરાઓ અને છોકરીઓ છોકરીઓ: એ બન્ને સાથે કેમ ભણી શકે?

સોક્રેટીસ: ગામમાં બધાં સાથે રમે છે કે નહિ?

પટેલ: હા, રમે છે. એમાં શું?

સોક્રેટીસ: ત્યારે તેમની ચોકી કોઈ રાખતું નહિ વારૂ?

પટેલ: નાજી.

સોક્રેટીસ: ત્યાં કાંઈ હરકત નથી આવતી, ખરૂં ન

પટેલ: ના: હરકત શા માટે આવે?

સોક્રેટીસ: ત્યારે નિશાળમાં તો દેખરેખ પણ રહે છે

પટેલ: હાજી.

સોક્રેટીસ: ત્યારે ત્યાં શા માટે હરકત આવે?

પટેલ: આમ સમજાવો છો એટલે તમારી વાત લાગે છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: ત્યારે તમારી છોકરીઓને નિશાળમાં મો જાઓ એટલે ત્યાં તેઓ કેળવાશે અને ઘરના કામ માટે છોકરાંઓ ઉછેરવા માટે તૈયાર થશે. આમ કરશો "નશીબ" "નશીબ" કહી જે કરવાનું છે તે કેટલીક વા

કરતા એમ નહિ બને, અને તમારાં બચ્ચાંઓ આવી મ્હોટી સંખ્યામાં તમારાં અજ્ઞાન અને બેદરકારીને લીધે મરી જાય છે તે મરતાં બચશે.

પટેલ: સોક્રેટીસજી, મારૂં ને મારાં છોકરાંઓનું તો થયું, પણ મારાં છોકરાંઓનાં છોકરાંઓનું હું હવે સુધારીશ અને અમારા ઘરની બધી છોકરીઓને તેમના ભવિષ્યના કામ માટે તૈયાર થવા ભણાવીશ.

સુધારાનો ખર્ચ

એક દિવસ સોક્રેટીસ ગામને ચોરે ગયા ત્યારે ત્યાં ધમાલ મચી રહી હતી અને સહુ વાત કરવામાં લાગી ગયા હતા. આ જોઈ સોક્રેટીસ બોલ્યા: “આજે આ છે શું? કોઈએ કાંઈ નવું કાપણી કરવાનું યંત્ર શોધી કાઢયું છે કે ગામમાં કોઈ નવી જાતનો પાણી કાઢવાનો બંબો આવ્યો છે કે શું?

ગ્રામ્યજન: ના રે ના: એવું કંઈયે નથી અને તમારે તો એની એ વાત છે. અમારે એવું કાંઈ જોઈતું નથી. અમારે છે એ બધું ઘણું છે.

સોક્રેટીસ: વારૂ, પણ છે શું તે આટલી બધી ધમાલ થઈ રહી છે?

ગ્રામ્યજન: લણણી વખતે દર વર્ષે અમારે ત્યાં ઉઘરાણું થશે અને તેમાં અમારે કાંઈક ભરવું પડશે.

સોક્રેટીસ: એ તો જુલમ કહેવાય !

ગ્રામ્યજન: જુલમ! આથી બીજો કયો મ્હોટો જુલમ ! અમે તો વેરા અને કર દઈ દઈ કચરાઈ ગયા છીએ અને તેમાં વળી આ વધારાનું આવ્યું.

સોક્રેટીસ: મને તમારી દયા આવે છે, ખરેખર. પણ તમે પૈસા ફાળામાં ભરવાના નથી, ખરૂં ના ?

ગ્રામ્યજન: નહિ જ.

સોક્રેટીસ: બરાબર. વારૂ, આ પૈસા શા માટે ભરવાનું કહે છે ? સરકારને કોઈ મકાન બાંધવું છે કે શું ?

ગ્રામ્યજન: નાજી, મકાન માટે તો નથી. એમ કહે છે કે સુધારણાના કામ માટે એ જોઈએ છે.

સોક્રેટીસ: ત્યારે તો એવું ખરાબ ન કહેવાય. એને હું જુલમ ન કહું.

ગ્રામ્યજન: શા માટે નહિ ? આ બધા સુધારા દાખલ કરવાનું કામ સરકારનું ખરૂં ના ?

સોક્રેટીસ: અલબત્ત; પણ તમારે ય તેમાં સરકારને મદદ આપવી જોઈએ ના ?

ગ્રામ્યજન: નાજી; શા માટે આપવી જોઈએ ?

સોક્રેટીસ: વારૂ, પૈસાની જરૂર બધા કામમાં પડે છે, ખરૂં ના ? આપણે હાથે કામ કરીએ તો કદાચિત્ ન પડે.

ગ્રામ્યજન: એ ખરૂં.

સોક્રેટીસ: ત્યારે જો સુધારાના કામ માટે સરકાર કે રાજ્ય તમારે ત્યાં ખાસ માણસો મોકલે તો ખર્ચ લાગે કે નહિ ?

ગ્રામ્યજન: હા, લાગે ખરો.

સોક્રેટીસ: પ્રથમ તો આ માણસોને શિક્ષણ આપવું

જોઈએ. તેમની મુસાફરીનું ખર્ચ થાય એ જુદું અને તેમનો પગાર તો ખરો જ.

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : આ માણસો આ પ્રકારની સેવા કરતા હોય તો પણ તેમને પોતાની આજીવિકા તો ચલાવવી જોઈએ જ ના?

ગ્રામ્યજન : બરાબર.

સોક્રેટીસ : સુધારાના કામ માટે ખાસ માણસો રોકયા હોય તો તેનું ખર્ચ, તમે તમારા બચત વખતમાં અને મરજીમાં આવે ત્યારે માત્ર એ પ્રકારનું કાર્ય કરો એમાં જે ખર્ચ થાય તેના કરતાં વધારે થાય જ, નહિ વારૂ ?

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : ત્યારે એ ખર્ચ કાઢવો કયાંથી ?

ગ્રામ્યજન : કેમ ? સરકાર આપે.

સોક્રેટીસ : પણ આ છેલ્લાં છ વર્ષમાં તમારે ત્યાં ઘણો રસ્તો સમરાવ્યો અને કેટલોક નવો થયો, ખરૂં કે ?

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : અને આટલામાં જ બે ઈસ્પીતાલો નવી બંધાઈ અને ઘણી નવી શાળા ખોલવામાં આવી, નહિ કે ?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ : ત્યારે હમણાં હમણાં સુધારણાનું કામ ઝપાટાબંધ ચાલ્યું છે, ખરૂં ના ?

ગ્રામ્યજન : હાજી, એમાં ના નહિ કહેવાય.

સોક્રેટીસ : એના પ્રમાણમાં તમારા કરવેરા વધ્યા છે ?

ગ્રામ્યજન : નાજી.

સોક્રેટીસ : અને આગળ કરતાં અત્યારે મોંઘવારી વધારે

છે, ખરૂં ના ?

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : ત્યારે આ બધા સુધારાનો પ્રચાર કઈ રીતે કરવો ?

ગ્રામ્યજન : સરકાર પોતાના પૈસાથી એ કરી શકે છે.

સોક્રેટીસ : હા, પણ સરકાર તો તમે જ છો કે બીજું કોઈ છે ? તમારા કરવેરાથી આખું રાજ્યતંત્ર ચાલે છે. સરકાર પાસે કાંઈ ધન દાટેલું નથી કે નથી કોઈ બીજો ખજાનો કે તેમાંથી તે આવું બધું કામ કરે ?

ગ્રામ્યજન : હાજી, એ ખરૂં. કરવેરા તો અમેજ ભરીએ છીએ.

સોક્રેટીસ : ત્યારે તમે પૈસા વધારે ન આપો તો આ વધારાનું કામ કેમ થાય ?

ગ્રામ્યજન : પણ અમે એવા ગરીબ છીએ કે અમારાથી વધારે બોજો સહન થઈ શકે તેમ નથી.

સોક્રેટીસ : પણ આ સુધારાનું કામ શું એવું નથી કે તેથી તમારી આવક વધે ?

ગ્રામ્યજન : કેમ ?

સોક્રેટીસ : દાખલા તરીકે આ પંજાબના ઉંચા ઘઉં ૮-એના છે તે જો બી તરીકે વાપરો તો દાણો ય મ્હોટો થાય અને પરાળ વધારે થાય.

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : એ બી વાવતાં એક એકરે કેટલો ફેર પડતો હશે ? દસથી પંદર રૂપીઆનો તો પડતો હશે ખરો.

ગ્રામ્યજન : હા, એટલો થાય છે ખરો.

સોક્રેટીસ : ત્યારે દસ હજાર એકરમાં ઘઉં વાવો તો

બધું થઈ કેટલો ફેર પડે ? દસથી પંદર લાખ રૂપીઆ વધી જાય, નહિ વારૂ ?

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : હવે આ હીસારના* બળદનો દાખલો લઈએ આપણા આ જીલ્લામાં સાતસો હીસાર જાતના બળદ છે.

ગ્રામ્યજન : હાજી, એમ કહે છે.

સોક્રેટીસ : આમાંના પ્રત્યેક દર વર્ષે પચાસ બચ્ચાંઓ પેદા કરતો હશે.

ગ્રામ્યજન : એથી વધારે થતાં હશે : પોણોસોથી સો થાય તો યે નવાઈ નહિ.

સોક્રેટીસ : આપણે પચાસ ગણીશું. વારૂ, ત્યારે સાતસો બળદથી કેટલાં બચ્ચાં થાય ?

એક છોકરો બેઠેલો હતો તે બોલ્યો : પાંત્રીસ હજાર.

સોક્રેટીસ : (તેને) શાબાશ ! આવું ગણતાં તારા બાપાને વાર લાગત. (ગ્રામ્યજન પ્રત્યે) હવે સાધારણ ખૂંટીઆથી બચ્ચું થાય અને આ જાતના બળદથી બચ્ચું થાય એ બે વચ્ચે કેટલો ફેર હશે ?

ગ્રામ્યજન : પ્રત્યેક ગાય કે બળદની કિમતમાં પચીસથી સો રૂપીઆ સુધીનો ફેર પડતો હશે.

સોક્રેટીસ: અને એમાં યે દિવસે દિવસે સુધારો થતો જવાનો, કેમકે આજે સામાન્ય ગાયને હિસારના બળદથી બચ્ચું થાય છે, પણ પાંચ વર્ષ પછી એ વાછડી ગાય થશે

---

* પંજાબમાં હીસારમાં સરકારી ઢોરશાળા છે અને ત્યાંના બળદ ઓલાદ માટે બહુ સારા છે. કાઠીયાવાડમાં કાંકરેજ નામના બળદ ઓલાદ માટે સારા ગણાય છે.

અને તેને બચ્ચું થવાનું તે તેનાથી સારૂં થવાનું. એમ ઓલાદ સુધરતી જવાની, ખરૂં ના ?

ગ્રામ્યજન : હાજી. એ અમે રોજ જોઈએ છીએ.

સોક્રેટીસ : વારૂ, આપણે પ્રત્યેક બચ્ચાં દીઠ ત્રીસ રૂપીઆનો ફેર ગણીએ.

ગ્રામ્યજન : હાજી, એટલો તો જરૂર થાય.

સોક્રેટીસ : પાંત્રીસ હજારને ત્રીસે ગુણીએ તો કેટલા થાય ?

પેલો છોકરો : એક લાખ પાંચ હજાર.

સોક્રેટીસ : ફરી ગણ, બચ્ચા.

પેલો છોકરો : સાડા દસ લાખ.

સોક્રેટીસ : બરાબર. દર વર્ષે સાડા દસ લાખ રૂપીઆ વધે. હવે આપણે ખાતરનો હિસાબ કરીએ. તમે ખાતરના ખાડા કરવા માંડયા છે ત્યારથી ખાતર વધ્યું છે, નહિ વારૂ ?

ગ્રામ્યજન : ઘણું જ.

સોક્રેટીસ : અને વળી આ ખાતર તમારા ઉકરડાના ખાતર કરતાં વધારે ગુણવાળું છે, નહિ ?

ગ્રામ્યજન : આ ખાતર ઓના કરતાં કયાંય ચઢે.

સોક્રેટીસ : વારૂ, આપણા પ્રાંતમાં પચાસેક હજાર ખાડા આપણે ગણીએ તો વધારે નહિ કહેવાય, ખરૂં ના ?

ગ્રામ્યજન : હાજી, એટલા તો હશે.

સોક્રેટીસ : અને આ ખાડા દર વર્ષે એક વાર ઠલવાતા હશે, અને કોઈ કોઈ તો બે વાર પણ ઠલવાતા હશે, નહિ ?

ગ્રામ્યજન : હાજી.

સોક્રેટીસ : વારૂ, હવે આ દરેક ખાડાથી પાકમાં ત્રીસ રૂપીઆનો ફેર પડતો હશે, ના ?

ગ્રામ્યજન : સોક્રેટીસજી, એથી તો સો રૂપીઆ સુધી અધિક લાભ થતો હશે.

સોક્રેટીસ : આપણે ત્રીસ રૂપીઆ ગણીશું. ત્યારે બધું લેતાં વર્ષે કેટલો વધારે લાભ થાય ?

પેલો છોકરો : પંદર લાખ, સોક્રેટીસજી.

સોક્રેટીસ : શાબાશ ! અને તમારૂં ગામ વધારે સ્વચ્છ રહે છે અને રોગ ઓછો થઈ ગયો છે એ તો બધું વધારાનું.

ગ્રામ્યજન : આ ખાડા કરવાથી અમે બધી રીતે સુખી થયા છીએ, સોક્રેટીસજી.

સોક્રેટીસ : આપણે ત્યાં અત્યારે લગભગ હજાર બારસો રહેંટ ચાલુ થયા છે, નહિ ?

ગ્રામ્યજન : હાજી; અને એથી લાભનો પાર નથી.

સોક્રેટીસ : વળી ઘરેણાં ઓછાં થયાં અને લગ્ન વગેરે પ્રસંગોના ખર્ચમાં ઘટાડો થયો એ જુદું.

ગ્રામ્યજન : હાજી; એમાંયે ફેર પડી ગયો.

સોક્રેટીસ : અને સહકારી બેંકની લાખો રૂપીઆની મુડીને લીધે વ્યાજ કેટલું બચ્યું ?

ગ્રામ્યજન : એ પણ ઘણું બચ્યું.

સોક્રેટીસ : આ બધો લાભ થયો એ ગણીએ તો તમારા પ્રાંતમાં પચાસેક લાખનો લાભ નહિ થયો હોય ?

ગ્રામ્યજન : એટલો તો ઓછામાં ઓછો થયો હશે.

સોક્રેટીસ : ચાલો, આપણે એટલો ગણીએ. અને આ પ્રાંતનો જમીનવેરો કેટલો ?

ગ્રામ્યજન : સોળ લાખનો કહેવાય છે.

સોક્રેટીસ : ત્યારે આ સુધારાના કામના પરિણામે તમને

તમારા વેરા કરતાં ત્રણ ગણી રકમ તો વધારાની મળી, ખરૂં ના?

ગ્રામ્યજન : હાજી: તમારા ગણાવ્યા પ્રમાણે એમ થાય છે.

સોક્રેટીસ : તેમ છતાં તમે સુધારાના કાર્ય માટે પૈસા આપતાં અચકાઓ છો એ કેવી વાત?

ગ્રામ્યજન : અમે એમ કરતા હતા એ ખરૂં, પણ તમારૂં સાંભળી એમ ન કરવાનું મન થાય છે.

સોક્રેટીસ : જો વિચાર કરશો તો માલુમ પડશે કે આ કામમાં એક રૂપીઓ ખર્ચતાં તમને દસથી પંદર રૂપીઆનો લાભ થાય છે.

ગ્રામ્યજન : એથી યે વધારે થતો હશે.

સોક્રેટીસ : ત્યારે તમારે ખુશીથી વધારે પૈસા આપવા જોઈએ ના?

ગ્રામ્યજન : હાજી, એમ લાગે છે ખરૂં. આ તો અમને જ લાભ છે.

સોક્રેટીસ : આવા સુધારાવધારાના કામમાં પૈસો ખર્ચવો એ એક પ્રકારની ઉત્તમ ખેતી છે કારણ કે તેથી આપણે જે ખર્ચ્યું હોય તેના કરતાં ઘણું વધારે આપણને મળે છે. તમારો પાક વધે, તંદુરસ્તી વધે અને સુખ વધે.

ગ્રામ્યજન : હાજી, એ ખરી વાત.

સોક્રેટીસ : ત્યારે કોઈ વ્યાજબી રીતે પૈસા માગે ત્યારે તે આપવામાં અચકાવું નહિ. અમુક પૈસા ખર્ચવાથી કે વેરો વધારવાથી પણ આપણને ભવિષ્યમાં ખરેખર લાભ જ થવાનો હોય તો એમ કરવામાં શા માટે અચકાવું? આપણને કોઈ એવી રીતે પૈસા ન આપવાનું કહે તો તે ખરી રીતે આપણો હિતેચ્છુ નથી એમ જાણવું.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, આપ કહો છો તે પ્રમાણે અમે કરીશું.

સોક્રેટીસ: મારા ભોળા ભાઈઓ, એક વધારે વાત કહી લઉં. તમે જમીનવેરા વગેરેમાં જે પૈસા આપો છો તેના કરતાં દસ ઘણા પૈસા ઘરેણામાં, ન્યાતવરામાં, એક બીજા સાથે વઢવેડ કરી કાયદે ચઢવામાં, વેપારીઓને વ્યાજનાં વ્યાજ આપવામાં અને એવી એવી અનેક રીતે ખર્ચી નાંખો છો.

ગ્રામ્યજન: એ સારી વાત છે અને અમે અમારો દોષ કબુલ કરીએ છીએ.

સોક્રેટીસ: હજાર રૂપીઆ લાંચના આપવા હોય કે વકીલને દેવા હોય તો તમે તે રાજીખુશીથી આપો છો, પણ તમને પાંચ રૂપીઆ બોય સ્કાઉટસ માટે કે બાળ-પ્રદર્શન માટે આપવાનું કોઈ કહે તો બહુ ભારે પડી જાય અને "અમને લુંટી લીધા, અમને લુંટી લીધા" એમ પોકાર કરી મૂકો છો.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમે અમારૂં પોતાનું ભલું શેમાં છે એ સમજતા નથી. અમને માફ કરો. હવે એમ નહિ કરીએ.

ખેતીનો સુધારો

સોક્રેટીસ અને ગામનો પટેલ ગામમાં ચાલ્યા આવતા હતા. એકાએક સોક્રેટીસ ચમકયા અને પોતાની પાઘડીનો છેડાનો ડુચો મ્હોઢે દઈ બોલ્યા: "આ કેવી ભયાનક દુર્ગંધ આવે છે!"

પટેલ: કોઈ રેઢીયાળ છોકરૂં લાગે છે. આ ગમાર જેવાં છોકરાંઓ! ગામ બગાડયા જ કરે. એનું કરવું શું?

સોક્રેટીસ: (હસતાં હસતાં) પટેલ, મારે મન તો તમે બધા ય છોકરાં છો: આ તમારા બધાના ઢંગ જોઉં છું અને જ્યાં હોઉં ત્યાં નાકે ડુચો મારવો પડે છે એ ઉપરથી તો તમારા અને આ છોકરા વચ્ચે બહુ ભેદ જણાતો નથી. વારૂ, આ છોકરાંઓને ઉછેરી મ્હોટાં કોણ કરે છે?

પટેલ: એમની માચો.

સોક્રેટીસ: ત્યારે છોકરાંઓ તો જે તેમની મા શિખવે તે પ્રમાણે કરે ના?

પટેલ: હાજી, એમાં શી નવાઈ?

સોક્રેટીસ: અને તેઓ તેમની મા જેમ કરતી હોય અને તેમના બાપ જેમ કરતા હોય એમ કરે ના?

પટેલ: હાજી, એ તો એમજ.

સોક્રેટીસ: ત્યારે પછી જ્યાંસુધી તેમની મા અને બાપ ગામ બગાડતાં ન અટકે ત્યાંસુધી છોકરાંઓ કયાંથી એમ કરતાં અટકે?

પટેલ: સોક્રેટીસજી, તમે ખરૂં કહો છો અને મને લાગે છે કે માબાપ જ છોકરાંઓને બગાડે છે.

આ વાત ચાલતી હતી ત્યાં એક માણસ પોતાના માથે બીનો કોથળો લઈ ત્યાંથી નીકળ્યો.

સોક્રેટીસે તેને કહ્યું: "રામ રામ, ભાઈ! આ માથે શું લીધું?"

પેલો માણસ: એ તો ઘઉં બી માટે લઈ જાઉં છું.

સોક્રેટીસ: કયાંથી લીધા?

પેલો માણસ: એ તો અહિં શેઠને ત્યાંથી.

સોક્રેટીસ: કઈ જાતના ઘઉં લીધા ?

પેલો માણસ: જાતબાત શી, મહારાજ! એ તો રોજ ખાઈએ છીએ એના એ.

સોક્રેટીસ: પણ આ તમારા શેઠ બી માટે સારા ઘઉં સંઘરી રાખતા હશે, નહિ વારૂ ?

પેલો માણસ: નારે ભાઈ, એ એવડું બધું શા માટે કરે ? એ તો મોસમમાં લીએ અને તેમાંથી વેચાતાં વધે તે અત્યારે અમને બી માટે આપે.

સોક્રેટીસ: વારૂ, તમારે કંઈ લોઢાની જણુસ જોઈતી હોય તો તમે ક્યાંથી લો ?

પેલો માણસ: લુહારને ત્યાંથી.

સોક્રેટીસ: ઘરેણું લેવું કે ઘડાવવું હોય તો ક્યાં જાઓ ?

પેલો માણસ: સોનીને ત્યાં.

સોક્રેટીસ: અને મીઠાઈ જોઈતી હોય તો ?

પેલો માણસ: તો કંદોઈને ત્યાં જઈએ.

સોક્રેટીસ: ત્યારે બી લેવું હોય તો બીના ખાસ વેપારી હોય તેને ત્યાં જવું જોઈએ કે નહિ ? દાણાના વેપારીને દાણાની ખબર હોય પણ બી કેવું જોઈએ એ વાતની તેને ખબર હોય ખરી કે ?

પેલો માણસ: એને ન હોય એ તો અમેય જાણીએ, પણ બીનો વેપારી અહિં કાઢવો ક્યાંથી. બીનું તો અમે જાણીએ, પણ અમારાથી શું થાય ?

સોક્રેટીસ: પણ આ આઠ–એ જાતના ઘઉં આવ્યા છે તે બી માટે છે. તે કેમ લેતા નથી ?

પેલો માણસ: હાજી, એ લઈએ તો લેવાય, પણ તેમાં રૂપીએ બશેર ઓછા આવે તે કેમ પોષાય?

સોક્રેટીસ: પણ એક એકરે પાકમાં એ બી વાવતાં કેટલો ફેર પડતો હશે?

પેલો માણસ: કહે છે કે વિઘે* મણથી બે મણનો ફેર પડી જાય છે.

સોક્રેટીસ: એટલે એકરે પાંચથી દસ મણ સુધી વધે ના?

પેલો માણસ: હાજી.

સોક્રેટીસ: વારૂ, અને એકરે બી કેટલું જોઈએ?

પેલો માણસ: બે મણ.

સોક્રેટીસ: ત્યારે ૮–એ જાતનું બી વાવો તો એકરે કેટલું વધારે ખર્ચ થાય?

પેલો માણસ: આઠ આનાથી રૂપીઆ સુધીનું.

સોક્રેટીસ: અને ઘઉંનો વધારો દસથી વીસ રૂપીઆ સુધીનો થાય, ખરૂં ના?

પેલો માણસ: હાજી.

સોક્રેટીસ: ત્યારે સરકારી બી વેચનાર પાસેથી આ જાતનું બી લો તો તમને તમારા શેઠ પાસેથી લો એના કરતાં વધારે લાભ થાય, ખરો ના?

પેલો માણસ: હાજી, એમ થાય છે એ અમે જાણીએ છીએ, પણ સરકારને તો રોકડા પૈસા જોઈએ એ કયાંથી કાઢવા?

સોક્રેટીસ: તગાવી નથી મળતી?

પેલો માણસ: તગાવી તો મળે.

સોક્રેટીસ: વારૂ, આ તમારો શેઠ વ્યાજ શું લે?

---

*એકરનો પાંચમો ભાગ અહિં લેવાનો છે.

પેલો માણુસ: વ્યાજ! એની તો વાતજ ન કરવી. એ તો સવાયા ય કરે અને દોઢા ય કરે.

સોક્રેટીસ: અને તમારે ત્યાં સહકારી બેંક છે ના?

પેલો માણુસ: હાજી.

સોક્રેટીસ : ત્યાં શું વ્યાજ લે છે?

પેલો માણુસ: બાર ટકા.

સોક્રેટીસ: તમે આ બેંકમાં જોડાયા છો કે નહિ?

પેલો માણુસ: ના જી, હજુ સુધી તો નથી જોડાયો.

સોક્રેટીસ: ત્યારે માત્ર આળસને લીધે ન લેવી તગાવી કે ન જોડાવું સહકારી બેંકમાં કે ન લેવું સરકારી બી, અને એના બદલામાં સવાયાં દોઢાં કરી બી લેવું અને એ બીના પરિણામે પાક ઓછો ઉતરે એ જુદું. આટલું બધું નુકશાન માત્ર આળસને લીધે ભોગવો છો: આ તે શું ડહાપણુ કહેવાય?

પેલો માણુસ: ખરી વાત છે, સોક્રેટીસજી, પણુ આળસનો ઉપાય શો?

સોક્રેટીસ: વળી તમે મ્હોટા શહેરની નજદિક રહો છો તો પછી ઘઉં શા માટે વાવો છો?

પેલો માણુસ: બધાય ખેડુત એમ કરે છે.

સોક્રેટીસ: પણુ તમારે આ પાસેના શહેરમાં જવા માટે બધી જાતની સગવડતા છે ના?

પેલો માણુસ: એ તો છે, પણુ એથી શું?

સોક્રેટીસ: મ્હોટા શહેરમાં શાકભાજી, લસણુ, તમાકુ, ગદબ વગેરે બહુ જોઈએ તો પછી એ બધું કેમ વાવતા નથી?

પેલો માણુસ: એ વાવીએ તો બે પૈસા પેદા થાય, પણુ હજુ અમને એવું વાવેતર કરવાની બહુ ટેવ પડી નથી. આ

તો જે આગળથી કરતા આવ્યા છીએ તે કર્યે જઈએ છીએ.

સોક્રેટીસ: વળી ઘઉંને ગેરૂ લાગે કે હીમ પડે તો નુકશાન થાય એ જુદું.

પેલો માણસ: હાજી, એ પણ ખરૂં.

સોક્રેટીસ: વળી ઘઉંની લણણી કરો ત્યારે સહુને લણણી કરવી હોય એટલે મજુરી મોંઘી મળે.

પેલો માણસ: એ પણ ખરૂં.

સોક્રેટીસ: આ જોતાં ઘઉંનું વાવેતર બહુ મોંઘુ પડે, ખરૂં: ના?

પેલો માણસ: હાજી.

સોક્રેટીસ: એના બદલામાં શાકભાજી વગેરે કરતા હો તો શહેરમાં લઈ જવાય અને પૈસા સારા મળે.

પેલો માણસ: કોઈ કોઈ એમ કરવા લાગ્યા છે ખરા, પણ એમાં જરા મહેનત પડે એટલે ન કરીએ.

સોક્રેટીસ: મહેનત તો પડે. મહેનત વગર કંઈએ થતું નથી. તમારો ઘઉં બાજરો યે કંઈ મહેનત વગર થાય છે? પણ લાભ થતો હોય તો મહેનત શા માટે ન કરવી? પૈસો આવે તો તમે સુખી, તમારાં બચ્ચાં સુખી અને બધી રીતે આનંદની વાત.

પેલો માણસ: મહારાજ, તમે ખરૂં કહો છો. અમારામાં એટલી સમજણ હોય તો શું જોઈએ?

સાક્રેટીસ: વળી તમે તો હવે રહેંટ નાંખ્યો છે ના?

પેલો માણસ: નાંખ્યો તો છે.

સોક્રેટીસ: પણ છ મહિના તો એનો ઉપયોગ કરતા નથી, એનું શું?

પેલો માણુસ : એ તો ઉનાળુ પાક માટે ઉપયોગમાં લઈએ છીએ.

સોક્રેટીસ : ત્યારે છ મહિના કુવાનું પાણીયે એમનું એમ રહે અને રહેંટ પણ પડ્યો રહે.

પેલો માણુસ : જી, ખરૂં.

સોક્રેટીસ : કંઈક ને કંઈક બારે માસ વાવતા રહેતા હો, જેમકે પોપૈયાં, કેળાં વગેરે, તો પાણીનો અને રહેંટનો ઉપયોગ થાય, વળી બળદ પણ કામ કર્યા કરે અને લણુણી વખતે અત્યારે કામનો ભાર બહુ રહે છે અને મજુરી દોઢી બમણી આપવી પડે છે તે આપવી ન પડે. અને ફળફળાદિ શાકભાજી વગેરેમાં પૈસા વધારે આવે એટલો અધિક લાભ.

પેલો માણુસ : મહારાજ, આપ વ્યાજબી કહો છો અને અમારે એમ જ કરવું જોઈએ.

સોક્રેટીસ : ત્યારે હવેથી એવું કરો કે બારે માસ કંઈક ને કંઈક કામ તમારે તેમ બળદને રહ્યા કરે. આમ કરવાથી તમને બધી રીતે લાભ થશે.

સેવાનો ભાવ

સોક્રેટીસ : મ્હારા ગ્રામ્ય બંધુઓ, આજે હું બહુ નિરાશ થયેલો છું. મારે નમુનારૂપ ગામડાં જોવાં હતાં.

ગ્રામ્યજન : ત્યારે તમે તે ન જોયાં કે શું?

સોક્રેટીસ: નમુનારૂપ તો ખરાં, પણ સ્વચ્છતાના નમુના નહિ પણ ગંદવાડ અને કંગાળીયતના નમુના છે.

ગ્રામ્યજન: તમે કયાં ગયા હતા?

સોક્રેટીસ: મારા મનમાં એમ હતું કે જે ગામડામાં દવાખાનું હોય ત્યાં જઉં તો ત્યાં બાળબચ્ચાંઓ નિરોગી અને સ્વચ્છ જોવામાં આવશે અને ગામનાં ઘર, શેરી વગેરે બધું સ્વચ્છ દેખાશે.

ગ્રામ્યજન: ત્યારે ત્યાં એમ નહોતું શું?

સોક્રેટીસ: જરાયે નહિ: એ ગામડામાં દવાખાનું છે: વળી ત્યાં હુશીયાર અને ભણેલો ડાકટર છે: છતાં એ ગામડું બીજાં ગામડાં જેટલુંજ મેલું રહે છે. દવાખાનાની પાસે પણ એટલોજ ગંદવાડ. એ ગામ અને બીજા ગામમાં મેં તો જરાયે ફેર ન જોયો.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, એમાં તમને નવાઈ શી લાગી? અમે તો એ જાણીએજ છીએ. ઘણાયે ગામડાંઓમાં ભણેલા માસ્તરો રહે છે છતાં એ તો એવાંજ છે. જેવા માસ્તર એવા ડાકટર. એમાં બીજું શું હોય?

સોક્રેટીસ: ત્યાર પછી હું એક બીજા ગામડામાં ગયો. આ ગામડું ઈજારે છે અને તેનો ઈજારદાર બહુ ભણેલો ગણેલો કહેવાય છે. કપડાં પણ સાહેબ જેવાં પહેરે છે.

ગ્રામ્યજન: ત્યાં શું જોવા ગયા હતા?

સોક્રેટીસ: મેં એમ માન્યું હતું કે આ આવા સાહેબ જેવા ઈજારદાર છે માટે એનું ગામડું તો પહેલા નંબરનું હશે.

ગ્રામ્યજન: પણ જોયું શું?

સોક્રેટીસ: પહેલાં તો મને એમ થયું કે હું ભૂલો પડી

બીજે ગામ ગયો હોઈશ, કારણ કે એ ગામ પણ એવુંજ મેલું હતું. ઘણી વારે હું માની શકયો કે ના, આ તો જે ગામડું પેલા સાહેબ જેવા ભણેલાગણેલા ઈજારદારનું છે તેજ છે. એના પણ એજ હાલ જોયા.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમને ઉજળું એટલું દૂધ દેખાય છે. પણ એ તો દૂરથી ડુંગર રળીયામણા લાગે. અમે તો જાણીએ જ છીએ કે તમારા ભણેલા કંઈ અમારાથી બહુ ચઢી જાય એવા નથી. સહુને પેટ ભરવાની વાત છે અને કોઈ પાસે વધારે પૈસા હોય તો પોતે મોજમજા માણે.

સોક્રેટીસ: આ તો બહુ દુઃખદાયક વાત. આવું હોય એમાં સુધારાની શી આશા રાખી શકાય ?

ગ્રામ્યજન: ખરૂં કહો છો, મહારાજ !

સોક્રેટીસ: મને લાગે છે કે હવે તો ન્હાની ઉમરનાં બાળકોને સુધારવાં જોઈએ. તમે બધા મ્હોટા તો પલળો એવા નથી.

ગ્રામ્યજન: જી, એ વાત ખરી છે. છોડ ન્હાનો હોય ત્યારે વાળ્યો વળે: અમે તો બરડ થઈ ગયા છીએ.

સોક્રેટીસ: ત્યારે આપણે છોકરાંઓને પ્રથમથી જ એવું શિક્ષણ આપીએ કે મનુષ્યનું જીવન એ માત્ર ખાવા પીવા કે કપડાં પહેરવા માટે નથી, પણ પોતે સારા થઈ બીજાનું ભલું કરવા માટે છે.

ગ્રામ્યજન: એ તો બહુ ભારે વાત, સોક્રેટીસજી! પણ એ કરશો કેમ ?

સોક્રેટીસ: હા, મને યાદ આવ્યું: "બોય સ્કાઉટસ" નામની એક સંસ્થા છે, ખરૂં ના ?

ગ્રામ્યજન: હાજી, એક સંસ્થા છે ખરી. અમે એ સંસ્થાના છોકરાઓને મેળામાં જોયા હતા. તેઓ બહુ ભલા હતા અને જેને તેને અને ખાસ કરી વૃદ્ધ માણસો અને બાળકોને બહુ મદદ કરતા હતા. એ છોકરાઓ એવા ભલા અને પ્રેમી હતા કે તેમને મેલું વાળવા જેવું હલકું કામ કરવામાં યે વાંધો નહોતો. એ તો બહુ ભારે વાત! એવાને પગે પડીએ તોયે કલ્યાણ થાય.

સોક્રેટીસ: વાહ, વાહ! મારે તો એજ જોઈએ છે. બીજાને મદદ કરવા માટે આવું હલકું કામ કરે એથી બીજી કઈ મ્હોટી વાત? આવી સેવા છોકરાઓને શિખવે એવા શિક્ષક આપણે જોઈએ. છોકરાઓમાં સ્વાર્થવૃત્તિ ઓછી થાય અને પોતે સુધરી બીજાને સુધારવા મહેનત કરે એવું તેમને શિખવનાર જોઈએ છે.

ગ્રામ્યજન: એમ થાય તો તો ભારે વાત! આ બોય સ્કાઉટસમાં કામ કરનારાઓને અમે શોધી કાઢીશું. કદાચ તેઓ તમને કામ લાગશે.

સોક્રેટીસ: પણ મારે ન્હાના છોકરાઓને જ શિખવવું છે એમ નથી. મારી ઈચ્છા એવી છે કે આ બધું કોલેજોમાં પણ શિખવવું એટલે માણસ મ્હોટો થતાં ભલે સરકારી નોકર હોય કે શિક્ષક હોય તોપણ તે બીજાની સેવા કરવાનું ભૂલી ન જાય.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમને થોડાથી સંતોષ થાય તેમ નથી. તમારે તો શાળામાં ને કોલેજોમાં એમ બધેય આવું શિક્ષણ આપી સહુને સેવક બનાવવા છે.

સોક્રેટીસ: હા, મારી તો એવી ઈચ્છા છે. આપણા

લોકમાં એટલે બધાયમાં અને તેમાંય ખાસ કરીને ભણેલા લોકોમાં એક નવો જ ભાવ, સેવાનો ભાવ ઉત્પન્ન કરવાની જરૂર છે, એટલે પછી તેઓ ભલે ધંધો ગમે તે કરે પણ સેવાનું કામ તેઓ કર્યા જ કરે.

ગ્રામ્યજન: પણ જો ડાકટર ગામ સુધારવાનું કહે કે ઈજનેર ઘરમાં બારીબારણા મૂકવાની વાતો કરે કે શાળાના મહેતાજી છોકરાંઓને કેમ સ્વચ્છ રાખવાં અને સાંભળવા એ બધું કહેવા બેસે તો તેઓ વધારે પગાર માગશે એનું કેમ?

સોક્રેટીસ: ના, એનો પગાર માગે નહિ. જો એમને આવું શિક્ષણ કોલેજોમાં મળે તો તેઓ ત્યાંથી સેવાનો ભાવ લેતા આવે. તેઓ નિશાળમાં હોય ત્યારે બોય સ્કાઉટસ થાય અને ત્યાંથી જ સ્વાશ્રય અને નિઃસ્વાર્થ સેવાના પાઠ શિખશે: અને મ્હોટા થઈ કોલેજમાં જાય ત્યારે ત્યાં એજ પાઠ વધારે શિખશે. પછી જ્યારે તેઓ ભણી રહેશે ત્યારે ગમે તે ધંધો લે પણ આ પાઠ ભૂલશે નહિ અને બીજાની સેવા કરવામાં અને તમારાં ઘર અને ગામ સુધારવામાં પોતાનો મ્હોટો લ્હાવો અને આનંદ માનશે.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, ઈશ્વર આપની આ શુભ ઈચ્છામાં અને શુભ પ્રયાસમાં સફળતા આપે અને અમારાં ઘર અને ગામ સહુ સ્વર્ગ જેવાં થાય એ અમારી પ્રાર્થના છે.

સાચા ધનનો નાશ

સોક્રેટીસ એક દિવસ કેટલાક કણબી સાથે ખેતરોમાં થઈ જતા હતા. ત્યારે મોલની સ્થિતિ ખરાબ જોઈ સોક્રેટીસે કહ્યું કે "મોલ આવા કેમ છે?"

કણબીઓએ જવાબ આપ્યો: "જમીન ખોટી થઈ ગઈ છે અને દિવસે દિવસે વધારે ખોટી થતી જાય છે."

સોક્રેટીસ: એમ કેમ હશે?

કણબીઓ: એ અમે જાણતા નથી, પણ ખોટી થતી જાય છે એ વાત સાચી.

સોક્રેટીસ: એમ ઘણા કહે છે. પણ તમે છાણને છાણાં કરી બાળો છો, નહિ વારુ?

કણબીઓ: હાજી: એ તો હમેશ કરતા આવ્યા છીએ તેમ કરીએ છીએ.

સોક્રેટીસ: તમે તમારી જમીન પણ હમેશાં ખેડતા આવ્યા છો, ખરું ના?

કણબીઓ: હાજી: અમારે ખેડવી પડે છે. વસ્તી વધે એટલે જમીન તો બધી વર્ષોવર્ષ ખેડવી પડે.

સોક્રેટીસ: પણ આગળ બે ત્રણ વર્ષે જમીન પડતર રહેવા દેતા, ખરું ના?

કણબીઓ: એમ થતું ખરું.

સોક્રેટીસ: તમે તમારી જમીનમાં બહુ ખાતર નહિ નાંખતા હો, નહિ વારુ?

કણબીઓ: ખાતર બધા ખેતર માટે કાઢવું ક્યાંથી?

સોક્રેટીસ: ખાતર એ તો જમીનનો ખોરાક કહેવાય છે, ખરૂં ના ?

કણબીઓ: હાજી.

સોક્રેટીસ: અને આ છાણ જે તમે બાળી નાંખો છો તેના જેવું ખાતર બીજું એકેય નથી, નહિ ?

કણબીઓ: એ પણ ખરૂં.

સોક્રેટીસ: આ છાણનું ખાતર કરીએ તો તેથી પાક વધે, ખરૂં ના ?

કણબીઓ: હાજી, ચોક્કસ.

સોક્રેટીસ: ત્યારે તો તમે જમીનમાંથી દર વર્ષે કસ ખેંચી કાઢો છો, પણ તેને બદલે તેને કંઈ પાછું આપતા નથી ?

કણબીઓ: એ ખરી વાત.

સોક્રેટીસ: ત્યારે દરેક વર્ષે જમીનને ભૂખી રાખવી અને તેની પાસે કામ તો લીધેજ જવું, એવું થયું ના ?

કણબીઓ: હાજી.

સોક્રેટીસ: આગળ તમે જમીન બે ત્રણ વર્ષે એકાદ વર્ષ પડતર રાખતા તેથી જમીનમાં પાછો કસ આવી જતો, પણ હવે તો તમે તેને દર વર્ષે ખેડ્યા રાખો છો અને તેને કાંઈ ખોરાક આપતા નથી તો પછી એ નબળી પડતી જાય એમાં નવાઈ શી છે ?

કણબીઓ: સોક્રેટીસજી, હવે અમને સમજાયું કે જમીનમાંથી પાક કેમ ઓછો ઉતરતો જાય છે.

સોક્રેટીસ: ખરી રીતે તમારે કહેવું એમ જોઇએ કે “જમીનને અમે ભૂખે મારી નાંખી છે તેથી એમાં કસ રહ્યો નથી.” પણ તેને બદલે તમે તો એમજ કુટયા કરો છો કે

જમીન નબળી અને ખોટી પડતી જાય છે.

કણબીઓ: સોક્રેટીસજી, ખરી વાત કહો છો.

સોક્રેટીસ: ત્યારે જમીનમાંથી કસ કાઢવો હોય તો કાં તો છાણાંને બદલે બીજું બળતણ બાળવું જોઇએ અથવા કોઇ બીજી જાતનું ખાતર તૈયાર કરવું જોઇએ. એ સિવાય બીજો ઉપાય નથી. અત્યારે જે પ્રમાણે કરો છો એમ કરતા રહેશો તો કદિ પણ તમારો પાક વધવાનો નથી: ઉલટાનો ઘટશે.

કણબીઓ: એ ખરી વાત છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: મને લાગે છે કે સારામાં સારો ઉપાય તો બળતણ માટે છાણાંને બદલે કાંઈ બીજું વાપરો એ છે.

કણબીઓ: બીજું શું બાળીએ ?

સોક્રેટીસ: તમારે છાણાંની ખરી જરૂર તો માત્ર દૂધ ઉકાળવા માટે છે, બીજા માટે નહિ. દૂધ ધીમે તાપે ઉકળે એ માટે છાણાં જોઇએ, નહિ વારૂ ?

કણબીઓ: હાજી: બીજું તો લાકડાંથી થાય.

સોક્રેટીસ: પણ હવે ઘણા લોકો દૂધને ગરમ કર્યા વગર મેળવે છે.

કણબીઓ: એમ કરે છે ખરા, પણ અમારે એ ન પોષાય.

સોક્રેટીસ: ત્યારે છાણાંને બદલે એને માટે ય લાકડાં બાળો તો શી હરકત ?

કણબીઓ: હરકત એટલી કે દૂધ ઉકળે ત્યાંસુધી તેની પાસે કોઇકને બેસી રહેવું પડે. એ વખતે બીજું કામ ન થાય.

સોક્રેટીસ: બીજું કામ શું હોય ?

કણબીઓ: છાણાં થાપવાનું, દાખલા તરીકે.

સોક્રેટીસ: પણ છાણાંજ ન જોઇએ ત્યાં છાણાં થાપવાનું

કામ પછી ક્યાં રહ્યું ? વળી દૂધ લાકડાના તાપે ગરમ થતું હોય ત્યારે સ્ત્રીઓ પાસે બેસી કંઈ શીવવાનું કે ગુંથવાનું કે ભરતકામ કરી શકે છે. તમારી સ્ત્રીઓને ભરતકામ બહુ સારૂં આવડે છે, પણ એ હવે ધીમેધીમે ભૂલાતું જાય છે.

કણબીઓ: સોક્રેટીસજી, એ વાત ખરી છે. અમારૂં એક મ્હોટું કામ છાણાં થાપવાનું ને સુકવવાનું ને સુકાઇ જાય ત્યાર પછી તેમને ભેગાં કરવાનું અને ખડકવાનું છે. એ કામ જો આળસી જાય તો સ્ત્રીઓ ઘણું બીજું કરી શકે. તેમાંય હવે તો છોકરીઓ નિશાળે જઈ નવું નવું શિખી લાવે છે. આ બધુંય ચાલુ રહે અને ભરત વગેરે ઘણું કરી શકે. સ્ત્રી ભણી હોય તો એ વખતે છોકરાંઓને વાંચતાં લખતાં પણ શિખવી શકે.

સોક્રેટીસ: ત્યારે છાણાં થાપવાનું બંધ કરો અને તેને બદલે દૂધ ગરમ કરવામાં યે લાકડાનું બળતણ બાળો અને ત્યાં બેસી સ્ત્રીઓ બીજું કંઇક કામ કરે એમ કરો.

કણબીઓ: પણ આટલા બધાં લાકડાં લાવવાં ક્યાંથી ?

સોક્રેટીસ: લાકડાંનું પણ ઘઉં બાજરાની માફક છે. તેને વાવો તો તે ઉગે.

કણબીઓ: ઝાડ વાવવાનું તો આજે સાંભળ્યું !

સોક્રેટીસ: ડાહ્યો માણુસ જેમ બીજું વાવે તેમ આ પણ વાવે. ઝાડનું લાકડું ઘરના બાંધકામ માટે તેમ ફરનીચર માટે જોઇએ: વળી બળતણ માટે જોઇએ. ત્યારે આ બધું એની મેળે ન થાય.

કણબીઓ: હાજી, એ ખરૂં કહો છો, અને અમે એ વાવીશું પણ ખરા. પણ એને વાવવાં ક્યાં ?

સોક્રેટીસ: કેમ ? બધેય. જ્યાં પડતર જગ્યા દેખો

ત્યાં. તમારા ફળીમાં, વાડામાં, ગામમાં, ગામને પાદર, સીમમાં, નદી કે તળાવને કાંઠે, રસ્તા ઉપર વગેરે વગેરે અનેક ઠેકાણે તમે ઝાડ વાવી શકો છો. ઘણે ઠેકાણે તમારાં ગામ ઉંચા ટેકરા ઉપર કે ધારાળી જમીન ઉપર બાંધેલાં છે. ત્યાં ઝાડ શિવાય બીજું કશું ઉગી શકે તેમ નથી. વળી એવી ઘણી જમીન પડતર રહે છે કે જેમાં ઝાડ શિવાય બીજું કંઈ નીપજે નહિ. આ બધી જમીનનો ઉપયોગ ઝાડ વાવવા માટે બહુ સારો થઇ શકે.

કણુબીઓ: એ બધું કરીએ તો પણ બળતણનું પૂરૂં નહિ થાય ?

સોક્રેટીસ: થાય તેટલું તો કરો અને પછી વાત કરો. ધારો કે આટલું કરતાંયે પૂરૂં ન થાય તો પછી કોલસા વાપરશો તોયે તમને આ છાણાં કરતાં મોંઘું નહિ પડે એ નક્કી સમજજો. જરૂર પડે તો રેલગાડીમાં કોલસો બાળે છે તે પણ બાળી શકો.

કણુબીઓ: હાજી: એ બધુંય થાય. માત્ર મન હોય તો માળવે જવાય એવી વાત છે અને અમે એ પ્રમાણે કરીશું.

સોક્રેટીસે જતાં જતાં કહ્યું: અને હવે તો એક નવો અગ્નિ પેદા થયો છે. એનું નામ વીજળી છે. તેને પાણીમાંથી કાઢે છે અને તાર ઉપર લઈ જાય છે. આ અગ્નિના જોરથી મ્હોટી મ્હોટી ગાડીઓ વગેરે ચાલે છે અને ઘરની રસોઇ પણ થાય છે. આગળ ઉપર એવું પણ બને કે લાકડાં ન મળે તો તમે વીજળી દૂરથી કે પાસેથી લાવી શકો અને એ દ્વારા કેટલુંક કામ લઈ શકો. આમ કરશો તોપણ તમારાં છાણાંમાં જે ખર્ચ લાગે છે તેટલો નહિ લાગે.

કણબીઓ: સોક્રેટીસજી, તમે બહુ દૂરના ભવિષ્યકાળની વાત કરો છો એટલે એ સમજવું બહુ મુશ્કેલ છે. પણ એટલું ખરૂં કે તમે અત્યાર સુધી હમેશાં સાચા ઠર્યા છો એટલે આ વાત બનવી અશક્ય નથી.

સોક્રેટીસ: વારૂ, એ વાત રહેવા દો: પણ આજથી એ પ્રતિજ્ઞા લો કે અમે આ છાણરૂપી અમારૂં સાચું ધન આ પ્રમાણે ગુમાવી નહિ દઈએ. તમે જેમ તમારો ખોરાક બાળતા નથી તેમ જમીનનો ખોરાક તમારાથી બળાય જ કેમ?

કણબીઓ: એ ખરૂં છે: નજ બળાય.

સોક્રેટીસ: થોડા વખત પહેલાં મેં એક દૂધમાંથી માંખણ કાઢતો સંચો જોયો. કહે છે કે એથી ઘી વધારે ઉતરે છે તેમ ચોખ્ખું રહે છે અને એમાં વખત પણ બહુ થોડો લાગે અને બળતણ તો નહિ જેવું જોઈએ. એનો ઉપયોગ જો એ ઠીક પડતું હોય તો શા માટે ન કરવો?

કણબીઓ: જી, અમે એ પણ કરી જોઈશું.

ઉડાઉપણું

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમે તો રોજરોજ ગરીબ થતા જઈએ છીએ.

સોક્રેટીસ: હું એ વાત માનું છું અને મને એમાં કાંઈ નવાઈ લાગતી નથી.

ગ્રામ્યજન: શા માટે?

સોક્રેટીસ: તમારી પાસે જે કાંઈ છે તે બધાને તમે ઉડાવી દો છો.

ગ્રામ્યજન: અમે ઉડાવી દઈએ છીએ! આ શું બોલો છો, સોક્રેટીસજી? અમારી પાસે છે શું તે અમે ઉડાવી દઈએ?

સોક્રેટીસ: તમારા જેવા ઉડાઉ લોક મેં ક્યાંય જોયા નથી.

ગ્રામ્યજન: અમને સમજાવો તો ખરા, સોક્રેટીસજી, કે અમે કઈ રીતે ઉડાઉ છીએ. અમારે નથી ગાડીઘોડા કે નથી રહેવા માટે હવેલીઓ. અમારાં લુગડાં જોયાં હોય તો એ ખાદીનાં છે. આમાં ઉડાઉપણું ક્યાં આવ્યું?

સોક્રેટીસ: ધનને ઉડાવવાના રસ્તા અનેક છે.

ગ્રામ્યજન: ત્યારે અમને મહેરબાની કરી કહો તો ખરા કે અમને ખબર પડે.

સોક્રેટીસ: સાંભળો ત્યારે. પ્રથમ તો તમે તમારો કચરો ઉકરડે નાંખી ઉડાવી દો છો. એ કચરો ત્યાંથી ઉડીને ધૂળમાં ભળી જાય છે અને એ રીતે નકામો જાય છે. ઉકરડે પડ્યો હોય ત્યારે એ પવનથી ઉડે અથવા ઢોરના આવવાજવાથી ઉડે, સૂરજના તાપથી સૂકાઈ જાય અને વરસાદ આવે ત્યારે ધોવાઈ જાય. આ બધી રીતે એ વ્યર્થ જાય છે.

ગ્રામ્યજન: એ વાત તો ખરી.

સોક્રેટીસ: એ સિવાય તમને ઈશ્વરે એક બહુ મ્હોટું ધન આપ્યું છે તે પણ તમે ઉડાવી દો છો.

ગ્રામ્યજન: એ કયું વારૂ?

સોક્રેટીસ: તમે તમારૂં બધું છાણુ બાળી નાંખો છો.

ગ્રામ્યજન: એ પણ ખરૂં.

સોક્રેટીસ: વળી તમે તમારો વખત તેમ મહેનત સારૂં

બી વાવવાને બદલે નઠારૂં વાવી ઉડાવી દો છો.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમે બધું બહુ ઝીણી નજરે જુઓ છો. બી સુધીની વાત પણ તમારા ધ્યાન બહાર જતી નથી.

સોક્રેટીસ: વળી તમારાં ઢોરમાં પણ તમારી ઉડાઉગીરી દેખાય છે. તમે ઢોર પાળો છો તેની જાત પણ સારી હોતી નથી અને તમે તેને બરાબર પાળી પણ શકતા નથી. સારાં ઢોર રાખો તો તમને બમણું કામ મળે અને દૂધ પણ બમણું મળે, અને ખર્ચમાં કાંઈ બહુ વધારો ન થાય.

ગ્રામ્યજન: એ વાત પણ ખરી.

સોક્રેટીસ: તમે તમારી સ્ત્રીઓનો વખત દળણું દળવામાં અને છાણાં થાપવામાં ઉડાવી દો છો. દળણું દળવાનું કામ ન્હાની ઘંટીઓને બદલે મ્હોટો ઘંટ હોય તો બળદ સારી રીતે કરી શકે એટલે સ્ત્રીઓનો એ વખત બચે: અને છાણાં થાપવાનું ન હોય તો વખત બચે એટલુંજ નહિ પણ બીજો લાભ થાય એ જુદો.

ગ્રામ્યજન: હાજી, એ ખરૂં કહો છો.

સોક્રેટીસ: આ બચત વખતમાં સ્ત્રીઓ શિવવાનું કે ભરત ભરવાનું કામ કરી શકે અને છોકરાંઓને સાફસુફ રાખી શકે, એટલે દરજીને પૈસા આપવા ન પડે તેમ દવાદારૂમાં પણ પૈસા ઓછા બેસે.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, એ પણ ખરી વાત.

સોક્રેટીસ: વળી રહેંટ વાપરવાને બદલે કોષનો ઉપયોગ કરો છો અને એમાં તમારો વખત તેમ તમારા બળદની મજુરી ઉડાવી દો છો એટલે નકામાં જવા દો છો.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને લણણી કરો છો તે ચપ્પા જેવડા દાતરડા વતી: એમાં કેટલો વખત ખરાબ થાય છે.

ગ્રામ્યજન: ખરી વાત, સોક્રેટીસજી, અમારાં દાતરડાં એવડાંજ રહ્યાં.

સોક્રેટીસ: અને તમારાં હળ વળી કયાં સારાં છે? એ પણ લાકડાના કટકા છે. એને બદલે તમે આ નવા હળ આવ્યા છે તે વાપરતા હો તો ચારગણું કામ આપે.

ગ્રામ્યજન: બરાબર.

સોક્રેટીસ: એમાંય વખત વધારે જાય અને મહેનત વધારે કરવી પડે.

ગ્રામ્યજન: જી.

સોક્રેટીસ: અને બીજા પૈસા ઘરેણાં કરવામાં ઉડાવી દો છો. એમાં ઘડામણ તો પ્રથમથીજ જાય.

ગ્રામ્યજન: જી.

સોક્રેટીસ: અને ઘસારો લાગે તે જુદો.

ગ્રામ્યજન: એ ખરી વાત.

સોક્રેટીસ: એ ખોવાય કે ચોરાય પણ ખરૂં.

ગ્રામ્યજન: બરાબર.

સોક્રેટીસ: હવે જો આ ઘરેણાંમાં નાંખો છો તે પૈસા સહકારી બેંકમાં મૂકયા હોય તો તેમાં વધારો થાય, ના?

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: અને તમે તમારી તંદુરસ્તી પણ ઉડાવી દો છો. તાવની રૂતુ હોય ત્યારે કવીનાઈન લેવું જોઈએ અને મચ્છરદાની વાપરવી જોઈએ પણ એ કરતા નથી એથી તમે અને તમારાં બાળબચ્ચાં માંદા રહ્યા કરે છે. એમાં કેટલો

વખત જાય અને કેટલા પૈસાની બરબાદી થાય છે?

ગ્રામ્યજન: ખરી વાત.

સોક્રેટીસ: વળી તમે તમારા પૈસા લગ્ન પ્રસંગે કે દહાડામાં કે કોર્ટે ચઢીને વણુફી નાંખો છો.

ગ્રામ્યજન: સાચું.

સોક્રેટીસ: અને પૈસા વ્યાજમાં કેટલા આપો છો તેનો કંઈ ખ્યાલ કર્યો? સવાયા અને દોઢા કરી પૈસા લાવો છો એટલે દેવું ચઢયેજ જાય અને એમાંથી મુક્તજ ન થાઓ.

ગ્રામ્યજન: બરાબર.

સોક્રેટીસ: વારૂ, તમારી ઉડાઉગીરીનો હિસાબ આ રહ્યો. હવે વધારે ગણાવું?

ગ્રામ્યજન: બહુ થયું, સોક્રેટીસજી, આજે તમે અમારી આંખ ઉઘાડી.

સોક્રેટીસ: ત્યારે ખરી વાત તો એ છે કે તમારે પૈસા પેદા કરવા માટે કોઈ નવાં યંત્રની જરૂર નથી પણ તમારી પાસે અત્યારે જે કાંઈ સાધન છે તેનો બરાબર ઉપયોગ કરવાનું જ્ઞાન જોઈએ છે. તમારી પાસે કંઈ થોડું ધન નથી, પણ તમને એ સાચવતાં આવડતું નથી. હજુ એક વાત છે અને કહો તો તે કહી દઉં. આટલા હિસાબ ભેગો એટલો વધારે.

ગ્રામ્યજન: કહી નાંખો, સોક્રેટીસજી, હજુ કંઈ બાકી રહ્યું હોય તે.

સોક્રેટીસ: બાકી તો બહુ છે, પણ આ એક વાત સાંભળી લો.

ગ્રામ્યજન: વારૂ!

સોક્રેટીસ: આ જંગલ પડયું છે તે શા માટે કાપી

ાંખતા નથી અને તેના લાકડાનો ઉપયોગ કરતા નથી ?

ગ્રામ્યજન: એ તો અમારા બાપદાદાના કાળથી એમને ેમ પડયું છે એટલે અમે એમાંથી કાંઈ કાપતા નથી.

સોક્રેટીસ: પણ એમાં કઈ કઈ જાતનાં ઝાડ છે ?

ગ્રામ્યજન: બોરડીનાં જાળાં, હાથલો થોર, આવળ વગેરે છે.

સોક્રેટીસ: તમારાં ઢોર એ ખાતાં હશે, નહિ વારૂ ?

ગ્રામ્યજન: એ ઢોર ન ખાય.

સોક્રેટીસ: ત્યારે ત્યાં ઘાસ ઉગે છે ?

ગ્રામ્યજન: ત્યાં ઘાસબાસ કેવું ? ત્યાં ઘાસ ઉગવા માટે ‘મીન જ નથી રહી. જેમાં કંઈ ઉગે એવું હોય એ જમીનમાં ાવાં ઝાડ ઉગ્યાં છે.

સોક્રેટીસ: ત્યારે તો આ જંગલ જે તમારા બાપદાદાએ .રને ચરવા માટે રાખેલું તેમાં આવાં કાંટાળાં ઝાડ ઉગ્યાં છે ેટલે તેમાં ઘાસ થતું નથી એટલે એ જમીન બધી નકામી ાય છે. ત્યાં ઘાસ થતું હોય તો તે ઢોર ખાય પણ અત્યારે ા ત્યાં ઢોરને ઉભા રહેવાની પણ જગ્યા નથી. આયે ડાઉગીરી કે નહિ ?

ગ્રામ્યજન: હાજી, એ વાત પણ ખરી. સોક્રેટીસજી, મને કોઈ રીતે પંહોચાય તેમ નથી. તમે તો દૂધમાંથી પોરા .ઢો એવા છો. તમારી નજર બહાર કંઈયે જતું નથી.

સોક્રેટીસ: તમારા બાપદાદાઓએ આ જંગલ એટલા ાટે રાખ્યું હતું કે તેમાં ઝાડ અને ઘાસ થાય, અને એ ાસ ઢોર ખાય અને ઝાડનો ઉપયોગ બળતણ તરીકે થાય. એમ યું હોત તો તમારૂં છાણ ખાતર તરીકે વપરાત અને જમીનને ારાક મળવાથી તે પાક વધારે સારો આપત એટલે તમને

દાણા પુષ્કળ મળત અને ઢોરને નીરણચારો સારો થાત પણ તમે તમારી મૂર્ખાઈને લીધે આ ઝાડ એમને એમ રહે૦ દો છો અને છાણનાં છાણાં થાપી તેને બાળી નાંખો છો, તે: જંગલમાં ઘાસ થવા જેવું રાખતા નથી. તમારે તમારા બાપદાદાન ઇચ્છા પ્રમાણે ચાલવું હોય તો જંગલમાં જે બધાં નકા ઝાડ છે તે કાપી નાંખો અને જે જમીન સાફ થાય તેમાં સાર જાતના ઘાસનું બી નાંખો અને બાવળ વગેરે વાવો એટલે તમા બળતણ માટે જોઈએ એવું સારૂં લાકડું તૈયાર થશે.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, આ આપનું કહેવું વ્યાજબ છે તો અમે આપ કહો છો તે પ્રમાણે કરીશું: એથી અમારા અમારા બાપદાદાની ઈચ્છા પણ પળાશે.

સોક્રેટીસ: તમે આ બધાં સાધન આ પ્રમાણે ઉડા નાંખતા બંધ નહિ થાઓ ત્યાંસુધી તમે ગરીબ મટવાના ન એ નક્કી સમજજો. તમે અત્યારે જેમ કર્યે જાઓ છો એ કરતા રહેશો અને મનમાં એમ માનશો કે સરકાર કે રાજ કોઈ પણ પ્રકારનો ચમત્કાર કરી તમને ગરીબીમાંથી મુક્ત કરી શકે કે તેઓ તેમનું રાજ્યતંત્ર કરવેરા વગર ચલાવી શ તો મ્હોટી ભૂલ છે. તમારૂં કલ્યાણ તમારા પોતાના હાથમાં છે

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમે આપની વાત માનીએ છીએ. અમારે અમારી રહેણીકરણીમાં અને ખેતીમાં સુધારો કરવો જોઈએ. અમે જો અમારી જુની પદ્ધતિ પ્રમાણે બ કરતા રહીશું તો અમારે કદિ પણ સારા અને સુખી થવા આશા નથી.

નબળા ખૂંટીઆ

એક દિવસ સોક્રેટીસ બેઠા બેઠા એક બ્રાહ્મણ સાથે વાતચીત કરતા હતા ત્યારે ત્યાંથી ઢોરનું ધણ નીકળ્યું. એમાં એક આંકેલ ખૂંટીઓ હતો અને એ કદમાં ન્હાનો અને દેખાવે બેડોળ હતો.

તેને જોઈ સોક્રેટીસે કહ્યું: "મહારાજ, આ કોનો ખૂંટ છે?"

બ્રાહ્મણ: એનો ધણી કોઈ નથી. એ તો આંકેલ છે.

સોક્રેટીસ: પણ એનો ઉપયોગ ગાયોને દવરાવવા માટે કરો છો, ના?

બ્રાહ્મણ: હાજી: અમારે ત્યાં એ એકજ ખૂંટ છે એટલે ગાયોને માટે એનો જ ઉપયોગ થાય છે.

સોક્રેટીસ: ત્યારે, મહારાજ, મને નવાઈ લાગે છે કે તમે આવા શુદ્ધ બ્રાહ્મણ થઈને કસાઈખાને ગાયો અને બળદ મોકલો છો.

બ્રાહ્મણ: (બહુ ગુસ્સે થઈને) આ તમે શું બોલો છો? જીભ સંભાળીને બોલો નહિ તો ભારે પડશે.

સોક્રેટીસ: મહારાજ, હું દિલગીર છું પણ મારાથી સારી વાત હું ઈચ્છું ન ઈચ્છું તો પણ કહેવાઈ જાય છે.

બ્રાહ્મણ: ત્યારે તમે જુઠું બોલો છો એમ હું કહીશ. કસાઈખાને હું ગાયો મોકલું છું! શું બોલો છો?

સોક્રેટીસ: હા, હા, હું સાચું કહું છું કે તમે કસાઈવાડે ગાયોને મોકલો છો. તમે ના પાડો એથી શું થયું?

બ્રાહ્મણ: બોલો, જોઈએ, કઈ રીતે?

સોક્રેટીસ: આ ખૂંટીઓ બહુ નબળો છે, નહિ વારૂ?

બ્રાહ્મણ: એ સારો તો નથી.

સોક્રેટીસ: એમ નહિ: એ બીલકુલ માલ વગરનો છે.

બ્રાહ્મણ: કંઈક નબળો ખરો.

સોક્રેટીસ: નહિ: છેક જ ખરાબ છે.

બ્રાહ્મણ: વારૂ, તમે કહો તેમ. પણ પછી શું?

સોક્રેટીસ: આ ખૂંટના વાછડા હળે જૂતી શકે એવા ન થાય અને તેની વાછડીઓમાંથી સારી ગાય તો નજ થાય, ખરૂં ના?

બ્રાહ્મણ: એની ઓલાદ નબળી થાય.

સોક્રેટીસ: ત્યારે નબળી થાય એટલે કસાઈવાડે જાય કે બીજું કાંઈ થાય?

બ્રાહ્મણ: છીટ છીટ! એવું કેમ બોલો છો? એવું સાંભળતાં યે અમને પાપ લાગે.

સોક્રેટીસ: પણ એ જાનવર નકામાં હોય તો પછી તમારે તેમને કાઢી નાંખવા પડે ના?

બ્રાહ્મણ: થોડાંએક વેચી નાંખીએ ખરા.

સોક્રેટીસ: અને જે માણસને તમે તે વેચો તે તેને મારે કે નહિ?

બ્રાહ્મણ: નહિ જ. અમે જેને એ ઢોર વેચીએ તેની સાથે સરત કરીએ છીએ કે એમને મારવાં નહિ. અમે કસાઈને ઢોર કદિ ન આપીએ.

સોક્રેટીસ: એ માણસ એમને ન મારે તો એ તેમને લઈ શું કરે?

બ્રાહ્મણ: એની અમને શી ખબર? અને અમે એવી કેટલીક ખબર રાખવા બેસીએ?

સોક્રેટીસ: વારૂ, પણ એ માણસ એ ઢોરને વેચે ખરોને?

બ્રાહ્મણ: હા, એ તો એમજ કરતો હશે.

સોક્રેટીસ: એ માણસ તમારી માફક સરત કરીને વેચતો હશે, નહિ વારૂ?

બ્રાહ્મણ: એ વાતની અમને શી ખબર?

સોક્રેટીસ: બરાબર, પણ એ ઢોર એમને એમ વેચાયાજ કરવાનાં, નહિ?

બ્રાહ્મણ: હા, એમ પણ હોય.

સોક્રેટીસ: પણ એનો અંત કયાંક તો આવે ના? એ ઢોર બીજા કોઈ કામમાં આવે એમ નથી માટે આખરે તો કસાઈને ત્યાંજ જવાનાં ને?

બ્રાહ્મણ: (જરા ઢીલો પડીને) હાજી, એમ બનતું હશે ખરૂં.

સોક્રેટીસ: ત્યારે હું ખોટું કહેતો હતો કે તમે બધા વાણીઆ બ્રાહ્મણ થઈને તમારી ગાયો અને તમારા બળદ કસાઈવાડે મોકલો છો?

બ્રાહ્મણ: હા, પણ કસાઈનેય કોઈક ઢોર તો મારવા માટે જોઈએ ના? નહિ તો એનો ધંધો કેમ ચાલે?

સોક્રેટીસ: વારૂ, પણ કસાઈખાને પહેલા નંબરની ગાયો કે બળદ જતાં હશે ખરાં?

બ્રાહ્મણ: એવાં કોણ આપે અને એવાંને મારવા એને પોસાય પણ કેમ?

સોક્રેટીસ: એવાં જાનવરને તો કસાઈ પણ ન મારે, ખરૂં ના?

બ્રાહ્મણ: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમે તમારાં જાનવરની ઓલાદ જ એવી તૈયાર કરો કે એનું ગમે તે થાય પણ એ કસાઈખાને તે નજ જાય.

બ્રાહ્મણ: બરાબર છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: જ્યાંસુધી તમે આવા નમાલા ખૂંટ રાખશો ત્યાંસુધી તેની ઓલાદ નબળી રહેશે અને તમારાં જાનવરને તમે પોતે જાણીજોઈને કસાઈખાને મોકલો છો એમ કહેવું પડશે

બ્રાહ્મણ: તમે આમ સમજાવો છો ત્યારે અમારાથી એ વાતની ના પાડી શકાતી નથી. પણ એ વાતનો અમને અમારી મેળે તો સ્વપ્ને ય ખ્યાલ આવે એવું નહોતું. આંકેલ ખૂંટીઆને ખસ્સી કરવામાં અમે પાપ સમજીએ છીએ.

સોક્રેટીસ: ખરી રીતે તો એવાં પ્રાણીને તેમની ઓલાદ વધારવા દઈએ એમાં પાપ છે.

બ્રાહ્મણ: તમારી વાત ખરી લાગે છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: કોઈ વાતનો રિવાજ પડયો એટલે આંધળા થઈ એ પાળવો જ એ બરાબર ન કહેવાય. તમે આંખ ઉઘાડી જુઓ કે શું સારૂં છે અને શું નથી, અને સારૂં હોય તે કરવું અને નઠારૂં હોય તે ન કરવું. મનુષ્યત્વ એમાં જ રહ્યું છે

બે મ્હોટા ભંડાર

સોક્રેટીસ એક દિવસ ચોરે બેઠા હતા ત્યારે ત્યાંથી એક જમાદાર નીકળ્યા. જમાદારે ભેટ બાંધી હતી અને

હાથમાં ડાંગ લીધી હતી કેમ જાણે તે દૂર જવા તૈયાર થયા હોય. તેને જોઈ સોક્રેટીસે કહ્યું: "સલામ, જમાદાર સાહેબ, ક્યાં ચાલ્યા ?"

જમાદાર: સરકારી તેજુરીએ મારૂં પેન્શન લેવા જાઉં છું, સોક્રેટીસ સાહેબ.

સોક્રેટીસ: વળી તેજુરી એટલે શું ?

જમાદાર: તમને ખબર ન હોય એમ હોય ? તેજુરી એટલે જ્યાં સરકાર પોતાના પૈસા રાખે તે જગ્યા.

સોક્રેટીસ: ત્યારે તો ગામડામાં તમારે બધાને ત્યાં તેજુરી છે એમ હું માનું છું.

જમાદાર: સોક્રેટીસ સાહેબ, મશ્કરી ન કરો. અમે તો ગરીબ છીએ. અમારે ત્યાં તેજુરી કેવી ?

સોક્રેટીસ: તમે ખાડો ખોદ્યો છે, નહિ વારૂ ?

જમાદાર: હાજી, તમે બહુ કીધું એટલે મેં પણ બીજાની માફક ખાડો ખેદ્યો.

સોક્રેટીસ: અને એમાં તમે તમારૂં બધું વાસીદું નાંખો છો, નહિ ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અને ઘરનો પુંજો પણ ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અને ચુલાની રાખ પણ ?

જમાદાર: એ પણ.

સોક્રેટીસ: અને તમારા ફળીમાં અને વાડામાં જે નકામા છોડ ઉગે તે બધા ઉખેડી કાપી એમાં નાંખો છો, નહિ ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અને તમારા ઘરનું છાણુ પણ ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અને શેરીનો તેમ રસ્તાનો કચરો પણ ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: ત્યારે તો તમે તેમાં જે કાંઈ નકામું હોય તે નાંખો છો, નહિ ?

જમાદાર: હા, સાહેબ.

સોક્રેટીસ: અને એ બધું એમાં સડે છે અને થોડાક મહિના ગયા બાદ ખાતર થાય છે, નહિ વારૂ ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અને એ ખાતરનો ઉપયોગ કરો છો એટલે તમારાં ખેતરનો પાક બમણો ઉતરે છે, નહિ ?

જમાદાર: હાજી. આ બધું તમારા કહેવા પ્રમાણે અમે કરવા લાગ્યા છીએ ત્યારે અમારાં ખેતરોનો પાક સ્હેજે બમણો થવા લાગ્યો છે.

સોક્રેટીસ: ત્યારે આ ખાડો એ ખાડો નહિ, પણ તેજુરી અને ભંડાર છે, ખરૂં ના ?

જમાદાર: ખરી વાત. અમારે ત્યાં હવે ભંડાર જ છે.

સોક્રેટીસ: તમે સહકારી બેંકમાં સભ્ય થયા છો ના ?

જમાદાર: એ પણ આપની શિખામણ માની થયો છું.

સોક્રેટીસ: અને એ બેંકમાં તમે જે કાંઇ પૈસા પેન્શન વગેરેમાંથી બચાવો અથવા દાણા વેચી પેદા કરો તે મૂકો છો, ખરૂં ના ?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અથવા ઢોર વેચી પેદા કરો તે પણ ?

જમાદાર: જી.

સોક્રેટીસ: એટલે જે કાંઈ પૈસા ખર્ચ કાઢતાં બચાવી શકો તે બધા તેમાં મૂકો છો?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: અને હવે ઘરેણાંમાં બહુ પૈસા નાંખતા નથી?

જમાદાર: નાજી.

સોક્રેટીસ: ત્યારે તમારો નકામો કચરો ખાડામાં જાય છે અને વધારાનો પૈસો બેંકમાં જાય છે, ખરૂં ના?

જમાદાર: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમારો એક ભંડાર થયો પેલા ખાડામાં અને બીજો થયો આ બેંકમાં, કેમ, ખરૂં ના?

જમાદાર: ખરી વાત: હવે અમારે બે ભંડાર થયા.

સોક્રેટીસ: ત્યારે દરેક ડાહ્યા ખેડુતને બે ભંડાર છે—એક તો તેનો ખાડો અને બીજો તેની બેંકમાં—અને એ જો આ બે ભંડાર બરાબર સાચવે તો કોઈ દિવસ ભૂખ્યો ન રહે.

જમાદાર: સોક્રેટીસજી, તમારૂં કહેવું વ્યાજબી છે. તમારી શિખામણ પ્રમાણે હું ચાલવા લાગ્યો છું ત્યારથી હું ભૂખ્યો દૂખ્યો રહ્યો નથી. મેં પણ ખાડો ખોદ્યો છે અને પૈસા યે થોડા બેંકમાં જમા કર્યા છે.

સોક્રેટીસ: બહુ સારી વાત છે, જમાદાર! હવે જાઓ તેજુરીએ અને કરી આવો ફતેહ.

જમાદાર: સલામ, સોક્રેટીસજી, સલામ.

નશીબ

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમારા દુ:ખનો પાર નથી. પાક બરાબર થાય નહિ, ઘરમાં મંદવાડ રહ્યા કરે અને દેવું વધતું જાય. હવે અમારે કરવું શું? ખેડુના દુ:ખનો પાર નહિ. સરકાર જો...

સોક્રેટીસ: હાં, સરકારનો દોષ છે, ખરૂં ના?

ગ્રામ્યજન: વરસાદ...

સોક્રેટીસ: ત્યારે તો ઈશ્વર પણ દોષિત છે, નહિ વારૂ?

ગ્રામ્યજન: જુઓને, અમે તો કામ કરી કરી મરી જઈએ છીએ પણ અમારી દયા કોઈ ખાતું નથી. જો સરકાર—

સાક્રેટીસ: વળી સરકાર આવી ખરી.

ગ્રામ્યજન: અમે જમીનવેરો આપીએ છીએ. પણ જમીન...

સોક્રેટીસ: વળી ઈશ્વર આવ્યા! ઈશ્વરનો યે દોષ અને રાજ્યનો પણ દોષ. તમે ખેડુતો તમારૂં ખાતર બાળી નાંખો અથવા ગામ બધામાં ઉડાડી ગામને મેલું કરો અને રોગ વધારો: તમે જમીનને જેવા તેવા લાકડાના વાંકાચુંકા કટકા વતી ખેડો: તમે બી જ્યાંથી લેવું જોઈએ ત્યાંથી નહિ લેતાં જેને તેને ત્યાંથી લો: તમે રહેંટથી પાણી કાઢવાને બદલે કોસથી પાણી કાઢો: તમે સહકારી બેંકમાંથી બાર ટકા લેખે પૈસા વ્યાજે લેવાને બદલે સવાયા દોઢા કરી પૈસા વ્યાજે લો: ગંદવાડમાં રહો, ઘરમાં બારીબારણાં મૂકાવો નહિ, બચ્ચાંઓની માવજત જેવી જોઈએ તેવી રાખો નહિ: અને પછી પાક બરાબર થાય નહિ, દેવું વધે અને ઘરમાં છોકરાં માંદા રહે

એટલે દોષ કાઢો રાજ્ય કે સરકારનો અને ભગવાનનો. તમારે ઈશ્વર એવા જોઈએ છે કે જે તમને મ્હોં માગ્યું આપ્યા જ કરે, અને રાજ્ય એવું જોઈએ છે કે જેને તમારે કાંઈ આપવાનું ન હોય અને જે તમારે માટે બધું કર્યા કરે.

ગ્રામ્યજન: પણ સોક્રેટીસજી, અમે શું કરીએ?

સોક્રેટીસ: જ્યારે કંઈ મૂશ્કેલી જણાય ત્યારે વિચાર કરવો જોઈએ કે આમાં કોનો દોષ છે અને આપણે આપણાથી બનતું બધું કર્યું છે કે નહિ. આપણે જે કરવું ઘટે એ બધું કર્યા પછી કંઈ કચાર રહે તો આપણે રાજ્યને કે પરમેશ્વરને આંગણે ફર્યાદ લઈ જવી જોઈએ.

ગ્રામ્યજન: પણ પાક બરાબર ન થાય કે ઘરમાં મંદવાડ રહે એ બધું તો ભગવાનનું ધાર્યું થતું હશે, ખરૂં કે નહિ?

સોક્રેટીસ: તમે જુઓ છો કે શીળી કઢાવી હોય તો પછી બાળકને માતાનો બહુ ડર રહેતો નથી.

ગ્રામ્યજન: એ ખરૂં.

સોક્રેટીસ: ત્યારે તો શીળી કાઢનાર ભગવાન કરતાં મ્હોટો થયો, ખરૂં ના?

ગ્રામ્યજન: એમ કંઈ કહેવાય?

સોક્રેટીસ: પ્લેગ આવી ત્યારે આટલાં બધાં માણસ કેમ મરી ગયાં?

ગ્રામ્યજન: ભગવાને એમ ધાર્યું હશે.

સોક્રેટીસ: પણ બીજે વર્ષે ડાકટરે આવી રસી મૂકી અને જેણે જેણે રસી મૂકાવી તે બચ્યા, ખરૂં કે?

ગ્રામ્યજન: હાજી, એ ખરૂં.

સોક્રેટીસ: ત્યારે તો એ ડાકટર ભગવાન કરતાં મ્હોટો

થયો, નહિ વારૂ ?

ગ્રામ્યજન : એમ કાંઈ હોય ?

સોક્રેટીસ: ત્યારે શીળી કઢાવવી કે રસી મૂકાવવી એ પણ ભગવાનનું ધાર્યું કરવાનું છે, ખરૂં ના ?

ગ્રામ્યજન: હાજી, એમ લાગે છે ખરૂં.

સોક્રેટીસ: ત્યારે ભગવાનની મરજી એ પણ ખરી કે આ કચરો જે ગામમાં રાખો તો ગામ મેલું કરે અને રોગ ફેલાવે તે ખેતરમાં નાંખો તો તમારો પાક વધારે, ખરૂં ના ?

ગ્રામ્યજન: બરાબર છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: અને ભગવાનની મરજી એ પણ ખરી કે લોઢાનાં હળ વાપરવાં અને રહેંટનો ઉપયોગ કરવો.

ગ્રામ્યજન: કેમ નહિ ?

સોક્રેટીસ: ભગવાનની મરજી એ પણ ખરી કે તમે ભૂંડે હાલ મરી ન જાઓ પણ જીવો. રોગી ન રહો પણ સાજાતાજા રહો અને તમારા ખેતરમાં પાક પહેલા નંબરનો થાય.

ગ્રામ્યજન: હાજી.

સોક્રેટીસ: ત્યારે ખેતરમાં પાક ઓછો ઉતરે કે બાળક મરી જાય ત્યારે એમ ન કહેશો કે “ભગવાનની મરજી”. એ બધાં દુઃખનું કારણ શોધી કાઢવું અને તેમાં જે કાંઈ સુધારો થઈ શકે એવું હોય તો તે કરવું. ભગવાનની મરજી એવી છે કે તમારૂં ભલું થાય, ભૂંડું નહિ. એ તો આળસ અને મૂર્ખાઈને લીધે તમે તમારી ગરીબાઈ કે દુઃખનું કારણ ભગવાનને ગણો છો.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, આ વાત અમે બરાબર યાદ રાખીશું.

સોક્રેટીસ: રાજ્ય અને સરકાર ઉપર પણ દોષ એ પ્રમાણે

નહિ મૂકશો. સરકાર તમારો જમીનવેરો લે છે એ ખરૂં, પણ તમે જો તમારી જમીનમાં પૂરૂં ખાતર નાંખો અને તેને બરાબર ખેડો તો આ વેરો તો તમારી ઉપજનો દસમો કે વીસમો ભાગ પણ ન થાય, અને એટલા વેરાના બદલામાં સરકાર કે રાજ્ય તમને શાળાઓ, ઈસ્પીતાલો, રસ્તાઓ વગેરેનો લાભ આપે છે. આવો લાભ તમને આગળ મળતો ન હતો. માટે તમારી ભૂલનો દોષ સરકાર ઉપર નાંખશો નહિ. સરકાર કે રાજ્ય પોતાથી બનતું તમારૂં ભલું કરે છે.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, બરાબર છે. આપે જે કહ્યું તે અમે બરાબર ધ્યાનમાં રાખીશું અને ઈશ્વર કે સરકારના ઉપર દોષ મૂકતાં પહેલાં અમારો દોષ કેટલો છે તે જોઈશું.

સુખી ગામડાંઓ

સોક્રેટીસ: રામ રામ, પટેલ. કયાં જઈ આવ્યા ?

પટેલ: સોક્રેટીસ મહારાજ, રામ રામ. હું વાડીએથી આવું છું.

સોક્રેટીસ: વાડી કરી છે! કયાં વળી ?

પટેલ: ગામ બહાર મારો કુવો છે ત્યાં.

સોક્રેટીસ: ગામથી કેટલેક દૂર છે ?

પટેલ: અર્ધોક માઈલ હશે.

સોક્રેટીસ: ત્યાં કેટલું રહી આવ્યા ?

પટેલ: રાતે ગયો હતો અને સવાર પડતાં ગામમાં આવ્યો.

સોક્રેટીસ: ત્યાં બાળબચ્ચાં મૂકી આવ્યા હુશો: તેઓ બધાં ત્યાં મજા કરતાં હુશે. આ ગામની ધૂળ ને અંહિનો ગંદવાડ વગેરેમાંનું ત્યાં કાંઈયે નહિ. ત્યાં રહેવાની મજા ખરી.

પટેલ: સોક્રેટીસ મહારાજ, મારી મશ્કરી ના કરો.

સોક્રેટીસ: મશ્કરી શી! હું ખરૂં કહું છું. તમે મને કહ્યું હતું ને કે તમારે વાડી છે?

પટેલ: એ તો બરાબર.

સોક્રેટીસ: અને તમે બાળબચ્ચાંવાળા છો એ હું જાણું છું.

પટેલ: બરાબર.

સોક્રેટીસ: ત્યારે જો તમારે વાડી હોય તો પછી તમારા ઘરનાં સહુ એવી ચોખ્ખી હુવા મૂકી આવા મેલા ગામમાં શા માટે રહે? ત્યાં ઝાડ ને ફળ ને ફૂલ વગેરે મૂકી અંહિ આવવું કોને ગમે?

પટેલ: ત્યાં ફળ ફૂલ તો નથી અને અમારૂં ઘર તો આ રહ્યું શેરીને નાકે.

સોક્રેટીસ: ત્યારે વાડીનું શું કામ? તમે અને તમારા ઘરનાં બધાં એનું સુખ ન લઈ શકે તો તો એ નકામી. એમને બધાને ગામ છોડી ત્યાં તુરત જવું જોઈએ.

પટેલ: સોક્રેટીસ મહારાજ, તમને કોઈ રીતે સંતોષ મળે તેમ નથી. અમે ખાડા ખોદ્યા અને તેના ઉપર આડાં પાટીઆં નાંખ્યાં અને તેને બાંધી લઈ તેનાં પાયખાનાં કર્યાં. અમે ગામ રોજ વાળીએ છીએ અને અઠવાડીઆમાં એક દિવસ તો એ કામ ખાસ ચિવટ રાખી કરીએ છીએ. વળી તમારા કહેવા પ્રમાણે રહેંટ દાખલ કર્યાં છે અને વાડીમાં શાકભાજી તૈયાર કરીએ છીએ અને ફળઝાડ નાંખ્યાં છે. આ બધા માટે અમે

તમારો બહુ ઉપકાર માનીએ છીએ, કારણ કે એથી અમારાં ખેતરનો પાક બમણો ઉતરે છે અને અમે સહુ સાજાતાજા રહીએ છીએ. તમારા કહેવાથી ખાતર સાચવવાની ગોઠવણ કરી. પાણી વધારે નીકળે એમ કર્યું. બી માટે મહેનત કરી સારૂં બી લાવીએ છીએ. ખેતર ખેડીએ છીએ વધારે. ગામને સાફસુફ રાખીએ છીએ. પણ તમને હજુ સંતોષ થયો નહિ, સોક્રેટીસજી.

સોક્રેટીસ: તમારૂં ગામ ચોખ્ખું થયું છે એ બરાબર છે. હવે ગામમાં દુર્ગંધ આવતી બંધ થઈ છે અને પાયખાનાં કર્યાં તે તો ખાસ કરીને તમારી સ્ત્રીઓ માટે બહુ ઉપયોગી નીવડ્યાં છે. કુતરા પણ સુધર્યા છે અને તમે બધા હવે કુતરાએ પાળવા અને તેમની સંભાળ લેવા શિખ્યા છો. હવે તો ઘણા કુતરાને ગળે પટો જોઉં છું અને તેમના કેટલાકનાં તો નામ પણ પાડ્યાં છે. તેમને ખાવાનું બરાબર આપો છો. કોઈ કોઈને રહેવા માટે ખાસ જગ્યા બાંધી છે અને કોઈ કુતરાઓને કેળવો પણ છો. આ સુધારો થયો ખરો.

પટેલ: હાજી, આટલું હવે થયું છે અને અમે એથી બહુ ખુશ છીએ. પણ એ કરતાં બહુ વાર લાગી અને માથાકૂટ પણ બહુ કરવી પડી.

સોક્રેટીસ: પણ હજુ તમારૂં ગામ જોઈએ તેવું થયું નથી. હું અંહિ આવતો હતો ત્યારે મને એમાં હજુ બહુ સુધારાની જરૂર છે એવું લાગ્યું. જુઓને, કેવું વાંકુચુંકુ અને ઢંગધડા વગરનું દેખાય છે!

પટેલ: હવે શું કરવું બાકી રહ્યું છે?

સોક્રેટીસ: જુઓ, આ શેરીઓ કેવી સાંકડી છે! એમાં

એક ગાડુંય બરાબર જઈ શકે નહિ અને બે ગાડાં સામસામાં મળ્યાં એટલે ભોગ મળ્યા! એ તો તમે લોકો સારા છો નહિ તો માથાં ભાંગે. કેટલી બધી સંકડાશ અને મુંઝવણ!

પટેલ: હાજી, એ ખરૂં. લોકો ઘર બાંધતી વખતે એ કેમ બાંધવાં એ વાતની જરા પણ પરવા રાખતા નથી અને જેમ આવે તેમ બાંધ્યે જાય છે. કોઈ કોઈ વખતે રાવળી જગ્યા દબાવી પણ દે. વળી ઓટા અને પગથીઆં એવાં મૂકે કે જવાઆવવાનો માર્ગ સરખોય ન રહે.

સોક્રેટીસ: એટલુંજ બસ નથી: જુઓને, આ બધાં ઘરની ખાળોમાંથી મેલું પાણી પડ્યા જ કરે છે અને તે શેરીમાં આવે અને ત્યાં ભેગું પણ થાય છે. વળી કેટલીક વાર તો ઉપરથી મેલું પાણી કે એઠું એમને એમ શેરીમાં ફેંકવામાં આવે છે જે કોઈ કોઈ વાર તો લોકો ઉપર પણ પડે છે. આ ટેવ કેવી ભૂંડી કહેવાય!

પટેલ: આ બધાનું શું કરવું?

સોક્રેટીસ: શું કરવું? ઘણુંય થાય જો કરવા માગીએ તો. પ્રથમ તો બને ત્યાં સુધી મેડી ઉપર ખાળ રાખવી જ નહિ કારણ કે એનું પાણી દિવાલ ઉપર ઉતરે એથી દિવાલ બગડે અને કેટલીક વાર એ પાણી દૂર પડે તો શેરીમાં ઉભેલા માણસો ઉપર પણ પડે. ખાળ રાખવી તો હમેશાં નીચલી ભોંયે રાખવી અને તે બરાબર સાફસુફ રાખવી. પણ સહુથી સારૂં તો એ છે કે ખાળ કુવા આગળ કે નદી પાસે રાખવી અને તે એવી રીતે કે તેનું પાણી બધું બહાર ચાલ્યું જાય.

પટેલ: એ બરાબર, પણ એવું કરીએ ત્યારે ન્હાવા ધોવાનું કુવા આગળ કે નદી પાસે કરવું જોઈએ

સોક્રેટીસ: તો શું હરકત? એ તો ઉલટાનું સારૂં કેમ કે ત્યાં નવાયધોવાય સારી રીતે અને ઘર આગળ ગંદવાડ ઓછો થાય.

પટેલ: ખરી વાત છે, સોક્રેટીસજી. અમે આપના કહેવા પ્રમાણે નદી કાંઠે સ્ત્રીઓ અને બાળકોને ન્હાવા ધોવાની સગવડતા કરીશું.

સોક્રેટીસ: તો તો બહુ સારૂં. આનો નમુનો તમે *ગુરગામમાં આવેલી "સ્ત્રીઓની વાડી" માં જોઈ શકશો.

પટેલ: એ શું છે વળી?

સોક્રેટીસ: આગળ એ પુરૂષોની વાડી હતી, પણ પુરૂષોએ એ વાડી સ્ત્રીઓ અને બાળકોના હરવા ફરવા અને આનંદ માટે રાખી છે.

પટેલ: એ તો બહુ સારૂં કહેવાય.

સોક્રેટીસ: વારૂ, પણ આપણે હજુ શેરીઓની સંકડાશની વાત પૂરી નથી કરી.

પટેલ: હવે શું વળી બાકી રહ્યું છે?

સોક્રેટીસ: આ બધી શેરીઓ એવી તો સાંકડી છે કે કોઈ સ્ત્રી માથે કચરાનો ટોપલો ઉપાડી જતી હોય—તમે પુરૂષો તો એવું હલકું કામ ન જ કરો એ તો સ્ત્રીઓને જ માટે રાખી મૂક્યું છે, ખરૂં ના—ત્યારે કોઈ ત્યાંથી નીકળે તો તેના ઉપર એમાંથી કચરો પડ્યા વગર રહે નહિ.

પટેલ: એ વાત તો સાચી છે.

---

* ગુરગામમાં આ પુસ્તકના લેખકે ઘણું કાર્ય કર્યું છે તેનો અહેવાલ તેના બીજા એક પુસ્તકમાં તેણે વિસ્તારપૂર્વક આપ્યો છે. આ પુસ્તકનું ભાષાંતર "ગ્રામ્ય હિંદની પુનર્રચના" એ નામથી ગુજરાતીમાં થોડા વખતમાં પ્રગટ થશે.

સોક્રેટીસ: પણ એમ થવું ન જોઈએ ના?

પટેલ: ત્યારે કરવું શું? અમારી સ્રીઓ કચરાના ટોપલા માથે લઈ જવા ઈચ્છતી નથી પણ ઉપાય શો? તમે અમને શિખવ્યું છે કે અમારે ઘર અને ગામ ચોખ્ખાં રાખવાં હોય તો એ અમારે હાથેજ વાળીચોળી સાફ કરવાં, અને અમે એ પ્રમાણે કંઈક કરવા લાગ્યા છીએ.

સોક્રેટીસ: એ તો બહુ સારી વાત કહેવાય. ખરી રીતે તો ગામને બરાબર સાફસુફ ખેડુતજ રાખી શકે, કારણ કે તેમ કરવાથી તેને ખાતર વધારે મળે અને વળી પોતાને ઘેર તેમ ગામમાં આરોગ્ય વધે. ભંગીને શી પડી છે કે તે તમારૂં ખાતર વધે છે કે નહિ અથવા ગામનું આરોગ્ય વધે છે કે નહિ એ વાત ધ્યાનમાં રાખી બરાબર વાળેચોળે?

પટેલ: ખરી વાત છે, સોક્રેટીસજી; એ વાત અમે એવી સારી રીતે સમજ્યા છીએ કે હવે અમને કહેવાની જરૂર નથી. પણ આ અમારે માથે કચરો લઈ જવો ન પડે એનો કાંઈ ઉપાય બતાવશો?

સોક્રેટીસ: હવે તમે સમજવા લાગ્યા ખરા, પટેલ! પણ તમે તમારે માથે લઈ જવાની વાત કરો છો એ બરાબર નથી. એમ કહો કે "અમારી સ્રીઓના માથા ઉપર." તમે પુરૂષોએ આજ સુધી કચરો માથે ઉપાડયો હોય એવું મેં જોયું નથી.

પટેલ: વારૂ, એ જવા દો. તમે કહો તેમ અમારી સ્રીઓના માથા ઉપર. પણ હવે એનો ઉપાય શો?

સોક્રેટીસ: ટોપલાને બદલે ન્હાની રેંકડીઓનો ઉપયોગ કરો. એવી એક રેંકડીમાં ચાર પાંચ ટોપલાનો કચરો સમાશે

એટલે વખત પણ બહુ નહિ જાય અને સ્ત્રીઓ બીચારીને માથે કચરો ઉપાડવો પડે છે અને એથી તેમનું માથું અને આખું શરીર કચરાથી ભરાઈ જાય છે એ ભરાઈ નહિ જાય.

પટેલ: સોક્રેટીસજી, આ તો બહુ સારો ઉપાય. અમે એ પ્રમાણે કરીશું.

સોક્રેટીસ: આવી રેંકડી તો તમે પોતે પણ કદિ કદિ લઈ જઈ શકો, ખરૂં ના? કચરાનો ટોપલો માથે ઉપાડતાં તમને શરમ લાગે પણ આમ કરી તમારી સ્ત્રીઓના કામનો અસહ્ય બોજો તમે થોડો તમારા ઉપર લો તો કાંઈ ખોટું નહિ.

પટેલ: સોક્રેટીસજી, તમે આટલી બધી ચીવટ રાખી કહો છો એટલે અમારે એ કર્યા વગર છૂટકો નથી.

સોક્રેટીસ: પણ હજુ ગામની વાત પૂરી થઈ નથી.

પટેલ: ત્યારે કરો પૂરી. તમે કહેશો તે માલવાળું હશે જ તો.

સોક્રેટીસ: જુઓ, આ ગામમાં કેટલાં બધાં ઘર પડી ગયેલાં છે! તેમાં કોઈ રહેતું નથી એટલે એમાં પુષ્કળ ઉંદર અને સાપનાં દર છે. વળી જુઓ આ રસ્તા! એ કેવા ઉંચાનીચા છે! તમે મોટેરાઓ અને બૉય સ્કાઉટસ થોડો વખત લઈ એને સુધારો તો ત્યાં છોકરાંઓને રમવાનું અને ગાડાં વગેરેને જવાનું સુગમ થાય. આ નકામાં ઘરને પાડી નાંખો અને ત્યાંની જમીન સપાટ કરો. આટલું કરશો તો યે તમારૂં ગામ દીપી નીકળશે.

પટેલ: એટલું કરવું એ કાંઈ ભારે વાત નથી.

સોક્રેટીસ: ત્યારે તો એ બધું જેમ બને તેમ જલદી કરી નાંખો.

પટેલ: કરી નાંખીશું.

સોક્રેટીસ: અને આ વાડી તમે જે કરી છે તે ગામની બહાર દૂર શા માટે કરી? ગામને જ વાડી જેવું બનાવો.

પટેલ: કઈ રીતે?

સોક્રેટીસ: એ સમજવું જરા મુશ્કેલ છે. પણ તમે તમારા કુવા હોય ત્યાં રહેતા હો અને ત્યાં સારાં ઘર બાંધો, ન્હાની ન્હાની ફુલવાડીઓ પણ કરો, તમારાં ઢોરપણ ત્યાં રાખો તો પછી આ ગામડાઓની વસ્તી ઓછી થાય અને તમે ત્યાં સુખી થાઓ અને અંહિ રહેતા લોકો પણ સુખી થાય. વસ્તી થોડી થવાથી ઘર મ્હોટાં થઈ શકે, શેરીઓ પહોળી થાય અને ગામનો ગંદવાડ ઓછો થાય. તમે ગામ બહાર વાડીમાં રહો તો ત્યાં થોરની વાડ ન કરવી કારણ કે એમાં મેલ ભરાય, સાપ વગેરે પ્રાણી રહે અને જગ્યા વધારે રોકે. એના કરતાં દિવાલ ચણી લેવી એ વધારે સારૂં.

પટેલ: તમે કહો છો એ છે તો બહુ સારી વાત અને એવી મુશ્કેલ પણ નથી. પણ એ કરવાનું મન જોઈએ. વળી સહુ ભેગા મળી કામ કરીએ તો થાય; એકલાથી ન થાય.

સોક્રેટીસ: વળી આવી પુરાણી વાત: તમારા કજીઆ અને વેરઝેરની હોળી. પણ આ કામમાં તમને શાળાના શિક્ષક અને બૉય સ્કાઉટસની મદદ સારી મળશે. ખાસ કરીને ગામમાં ન્હાની ન્હાની ફુલવાડીઓ કરવામાં તેઓ ઘણી મદદ આપી શકે.

પટેલ: હાજી, એ વાત ખરી છે. સ્કાઉટસ તો હવે ઘણું કામ કરે છે અને અમને બહુ કામ લાગે છે. જ્યારે મદદની જરૂર હોય ત્યારે તેઓ તો હાજર જ છે. અને આ સ્કાઉટસનો માસ્તર, એ તો બહુ હુશિયાર અને બધું ય જાણે

છે. એ તો હળ હાંકવું હોય તો હાંકી પણ શકે અને સુતાર કે લુહારનું કામ પણ થોડુંઘણું કરવું હોય તો કરી શકે એવો છે. અમારૂં ગાડું અટકવા દે એવો નથી. માસ્તર તો એવા જ જોઈએ.

સોક્રેટીસ: એ બહુ ખુશ થવા જેવું છે. એ માસ્તર જે શાળામાં* આ બધું કામ શિખ્યા છે એ હું જાણું છું. એ શાળામાં ગામના લોકોને કેમ સુખી કરવા અને મદદ આપવી એ શિખવવામાં આવે છે. હવે જે વાત મેં તમને કહી એ તમારા માસ્તરને કહેજો એટલે એ કાંઈક રસ્તો કાઢશે.

પટેલ: સોક્રેટીસજી, હું એમને આજેજ એ વાત કરીશ. તમે હવે તો ખુશ થશો ને ?

સોક્રેટીસ: મારા પ્યારા ભાઈ, આ મને ખુશ કરવાની વાત નથી. આ તો તમારા સુખની વાત છે.

બી. એ., એલ્. એલ્. બી.

એક દિવસ સોક્રેટીસ ગામને ચોરે આવ્યા ત્યારે ત્યાં તેણે એક નવા યુવકને જોયો. આ યુવકે કોટપાટલુન પહેર્યાં હતાં અને ત્યાં બેઠેલા મોટેરાઓની સાથે પોતે બહુ મ્હોટો માણસ હોય એમ વાત કરતો હતો. મોટેરાઓ પણ એની વાત માનપૂર્વક સાંભળતા હતા અને તેઓ એને માટે

* ગુરગામમાં "ગ્રામ્ય શાળા" છે તેમાં સ્કાઉટસના માસ્તરને શિક્ષણ આપવામાં આવે છે.

જાણે કે મગરૂર હોય એમ દેખાતા હતા. તેઓ બધા હોકો પીતા હતા પણ આ યુવક સીગારેટ પીતો હતો. સોક્રેટીસે બીજાને "રામ રામ" કર્યા પણ તેને "સલામ, સાહેબ" એમ કહ્યું.

મુખી: રામ, રામ, સોક્રેટીસજી, આ મારો મ્હોટો દીકરો છે અને એલ્. એલ્. બી. થઈ આવ્યો છે.

સોક્રેટીસ: બહુ ખુશીની વાત, મુખીજી, એણે તમારી આબરૂ વધારી. એ કાયદા ભણ્યા છે ના?

મુખી: હાજી, એ વકીલ થયો છે.

સોક્રેટીસ: ત્યારે તો એ તમને કજીયા કરી કોર્ટે ન ચઢવું એમ શિખામણ આપતા હશે, નહિ વારૂ?

મુખી: એમ કેમ બોલો છો, સોક્રેટીસજી? એ તો અંહિ બધાને કહેવા આવ્યો છે કે તેઓ પોતાના કેસ એને આપે. (બીજા માણસો તરફ જોઈને) અને તમે ભાઈઓ, હવે આને જ તમારો વકીલ કરજો. અને પટેલ, તમારે ઓલી પાટીવાળા પટેલ સાથે વાંધો હતો ને? કરો એના ઉપર કેસ અને રાખો આને વકીલ, પછી જોઈ લ્યો કે તમારૂં કામ કેવું પાર ઉતરે છે! એ કાંઈ અમથો નથી ભણ્યો. ખર્ચનો તો પાર રહ્યો નથી એટલે હવે તો એને ય કમાવું પડશે ના?

પટેલ: હા, હવે એ કેસ કરવાનો વિચાર કરીએ. તમારો દીકરો ઠીક ભણી આવ્યો છે અને એ કામ નહિ આવે તો બીજું કોણ આવશે.

સોક્રેટીસ: ત્યારે તો એ પૈસા લીધા વિના કામ કરશે, નહિ વારૂ! એ તો બહુ સારી વાત.

બાપ દિકરો બન્ને: હં હં! નહિ કેમ? અમારે ય પેટ છે ના?

સોક્રેટીસ: ત્યારે તો તમે એને આ કાયદા ભણાવ્યા એટલે હવે કોર્ટે ચઢવાની વાત વધવાની અને ગામમાં કજીઆ પણ વધવાના, નહિ વારૂ ?

મુખી: કોર્ટે ચઢવાનું કામ ખરાબ તો ખરૂં, પણ કરવું શું? આ મારો દિકરો મેટ્રીક થયો અને પછી બી. એ. થયો અને બીજા ઘણા એલ્. એલ્. બીનું ભણતા હતા એટલે એ પણ ભણ્યો.

સોક્રેટીસ: એ ડાકટર કે ઈજનેર કેમ ન થયો?

મુખી: એ ભણતર એવું સ્હેલું નહોતું અને એણે મને એમ કહ્યું કે આજકાલ તો વકીલ મ્હોટા માણસ ગણાય છે.

સોક્રેટીસ: મ્હોટા કઈ રીતે ?

મુખી: વકીલ ધારે તે બોલી અને કરી શકે અને એને કોઈના બાપની પરવા નહિ. એનાથી સહુ બીએ પણ એ કોઈથી ન બીએ. વળી પૈસા પણ બહુ કમાય અને કામ બહુ નહિ તેમ મરજીમાં આવે ત્યારે કરવાનું. એણે મને એમ કહ્યું કે વકીલના જીવનમાં બધી રીતે મજા છે, એટલે મેં કહ્યું કે ભલે ભણે, એવા દીકરા આપણને ક્યાંથી?

સોક્રેટીસ: પણ બધાના દીકરા વકીલ થાય તો પછી બધા ય ક્યાંથી કમાય ?

મુખી: એટલું બધું હું કાંઈ સમજું નહિ, પણ જુઓને, આજકાલ તો બધાય કોર્ટે ચઢે છે એટલે એ કામ વગર નહિ રહે.

સોક્રેટીસ: પણ, વકીલ સાહેબ, તમારૂં કામ ખરેખર શું?

વકીલ: કોર્ટમાં કેસ લડવાનું.

સોક્રેટીસ: એ લડવાનું પરિણામ શું આવે?

વકીલ: બેમાંથી એક પક્ષ જીતે એ.

સોક્રેટીસ: અને બીજો હારે, ખરૂં કે?

વકીલ: એમ જ તો.

સોક્રેટીસ: અને પૈસાનું નુકશાન તો બન્નેને થાય, નહિ?

વકીલ: હા, એમ તો ખરૂં,

સોક્રેટીસ: ત્યારે તો ખરી રીતે બન્ને હારે, નહિ?

વકીલ: એમ કહો તો યે કાંઈ ખોટું નહિ.

સોક્રેટીસ: ત્યારે તમારો ધંધો લોકોને ગરીબ કરવાનો થયો.

વકીલ: હા, એમ દેખાય છે ખરૂં.

સોક્રેટીસ: ત્યારે તમે વકીલ લોકો જેમ ડાકટરો ખરી રીતે શરીરને સારૂં કરે છે એમ કરતા નથી.

વકીલ: ના.

સોક્રેટીસ: તમે ઈજનેરની માફક કોઈ ઘર કે પૂલ બાંધતા નથી.

વકીલ: ના, એ પણ નહિ.

સોક્રેટીસ: તેમ શિક્ષક કે ધર્મોપદેશકની માફક તમે માણસનું કલ્યાણ કરતા નથી.

વકીલ: ના. ઉલટાનું લોકો કોર્ટે ચઢી ખરાબ થતા હશે.

સોક્રેટીસ: ત્યારે તમારો ધંધો કંઈ ઉત્પન્ન કરવાનો નથી; સમાજમાં ઉત્પાદક તરીકે તમારો ધંધો ન ગણાય, ખરૂં ના?

વકીલ: નાજી, ન ગણાય.

સોક્રેટીસ: તમે બીજાના કજીયાટંટા ઉપર નભો, ખરૂં ના?

વકીલ: હાજી.

સોક્રેટીસ: ત્યારે તમારો ધંધો બીજાનું લોહી ચુસી જીવવાનો થયો! વકીલ એટલે સમાજના ચાંચડમાંકડ એટલે લોહી ચુસનારા, નહિ વારૂ?

વકીલ: તમે માઠું લાગે એવી વાત કહો છો, પણ સાચું કહો છો એટલે કેમ ના પડાય?

સોક્રેટીસ: અને પ્લેગના ચાંચડની માફક તમે બહુ નુકશાન કરો છો કેમ કે કજીઓ કોર્ટે ચઢે એટલે વિખવાદ વધે અને અંતે મારામારી પણ થાય, ખરૂં ના?

વકીલ: એ વાત સાચી છે; પણ અમને અમારી કોલેજોમાં એવું શિક્ષણ આપવામાં આવતું નથી.

સોક્રેટીસ: એ બરાબર; તમારા અધ્યાપકને પગાર આપવામાં આવે છે તે કાયદાનું શિક્ષણ આપવા માટે, પણ સત્ય શું છે એ બતાવવા માટે નહિ. આ કારણથી તેઓ તમને શા માટે આ બધું કહે? પણ મુખીજી, મને કહો જોઈએ! આ તમે બધા કોર્ટે ચઢો તેમાં ખર્ચ થાય તે તો માત્ર વકીલને જ પૈસા આપો તે, નહિ કે? અને જે પક્ષ જીતે તેને એ પૈસા પણ પાછા મળતા હશે, નહિ વારૂ?

મુખી: ના રે ના, સોક્રેટીસજી. વકીલને પૈસા આપવા પડે એ તો સાંધણુમાં જાય. અને એમાં જીતનારને પણ કાંઈ લાટો આવી પડતો નથી. કોર્ટની ફી ભરવી પડે; સાક્ષીઓને ભત્તાં અને ભાડું આપવું પડે અને તેમને પગે પડવું પડે એ તો વળી જૂદું. અને એ સિવાય કેટલીકવાર વર્ષોનાં વર્ષ ચાલ્યાં જાય અને નીવેડો ન આવે. એમાં કેટલી બધી ચિંતા થાય અને હેરાનગતીનો પાર નહિ. વકીલોનાં ખીસ્સાં ભરવાં પડે અને વળી ભાઈસાહેબ કરવા પડે. કોર્ટના કુતરાઓને પણ ચાટવા જોઈએ. એ તો જીતે તોય પાયમાલી અને હારે તો વળી વધારે પાયમાલી. અને બદલામાં વેરઝેર વધે અને પેઢાનપેઢી કજીઆ ચાલે.

સોક્રેટીસ: ત્યારે તો છોકરાઓને આવા ખરાબ ધંધામાં પડવા દેવા કરતાં તેમને ખેતી કે વેપાર કે એવો કોઈ બીજો સારો ધંધો લેવરાવવો એ સારૂં ના ?

મુખી: એ વાત તો ખરી, પણ સોક્રેટીસજી, આજના છોકરાઓ અમારૂં માને એવા ક્યાં છે ?

સોક્રેટીસ: છોકરાઓ નથી માનતા એનું એક મ્હોટું કારણ એ છે કે તમે માનને લાયક નથી રહેતા. તમે તેમ તમારા ઘરની સ્ત્રીઓ અજ્ઞાન અને મેલાંઘેલાં રહો અને રૂઢી અને વહેમના ગુલામ થઈ રહો તો પછી તમારાં છોકરાંઓ તમારૂં માન કેમ રાખે અને તમને માને કેમ ? એ તો તમને હસી જ કાઢે. તમારે એવા થવું જોઈએ કે તમારા છોકરાઓ જેમ મ્હોટા થતા જાય તેમ તમને વધારે વધારે માન આપે.

મુખી: ખરી વાત છે, સોક્રેટીસજી. અમે ઘરડા થયા અને આ દુનિયા બધી ફરી ગઈ એટલે એમાં અમને કંઈ સૂઝતું નથી અને અમારી અક્કલ કામ કરતી નથી.

સોક્રેટીસ: ના, છેક એમ નથી. તમારી અક્કલ કામ તો કરે છે, પણ તે અવળી રીતે. જૂના રિવાજને વોરાના નાડાની માફક પકડી રાખવામાં અને સુધારાને દાખલ નહિ થવા દેવામાં એ બહુ કામ લાગે છે. વળી સારા રિવાજને તમે મૂકવા લાગ્યા છો અને નઠારાને રાખો છો.

મુખી: એ પણ ખરી વાત છે, સોક્રેટીસજી. તમારાથી કોઈ વાત અજાણી નથી.

સોક્રેટીસ: વારૂ, એ વાત જવા દો. પણ આ તમારો દીકરો વકીલ થયો છે તે ખૂબ કેસ લઈ આ પ્રમાણે વિખવાદ અને વેરઝેર વધારે તેના કરતાં અંહિ ઘેર બેસી રહે તો વધારે સારૂં નહિ ?

મુખી: એ તો બહુ સારૂં. પણ એ આટલું ભણ્યો એટલે એને અંહિ આ મેલા ગામડામાં રહેવું કેમ ગમે? ભણ્યા પછી ગામડાં તો એમને દીઠાં ય ગમતાં નથી.

સોક્રેટીસ: (હસીને) એમાં હું એમના મતને મળતો છું.

મુખી: શા માટે? આ ગામમાં અમે દસ વીસ પેઢી થયાં રહ્યા છીએ અને અમને એમાં વાંધો ન આવ્યો તો પછી એને એમાં શો વાંધો છે?

સોક્રેટીસ: મારા ભાઈ. સાંભળ. હવે જમાનો ફરી ગયો છે. તમારી રીતભાત અને તમારા આ ભણેલા દીકરાની રીતભાત જૂદીજૂદી છે. એણે મ્હોટાં શહેર જોયાં એટલે એને અંહિ વેરાન જેવું લાગે. શહેરમાં ખાવાપીવાની, જોવા સાંભળવાની અનેક નવી વસ્તુઓ દેખાય પણ એમાંનું અંહિ કશું મળે નહિ. એને વાંચવાનો શોખ હોય તો ત્યાં વર્તમાન પત્ર, પુસ્તક વગેરે જોઈએ તેટલાં મળે અને અંહિ ન મળે. વળી તેને ત્યાં જોઈએ એવા મિત્રો મળે અને અંહિ એને આખો દિવસ એકાંત જેવું લાગે. આ સિવાય બીજાં ઘણાં કારણ છે જેને લઈને તેને અંહિ રહેવું ન ગમે. વિશેષમાં, તમારાં ગામડાં એવાં મેલાં અને ગંદાં છે કે જેઓએ મ્હોટાં શહેરનાં સુંદર મકાનો અને સારા રસ્તાઓ વગેરે જોયાં હોય તેમને અંહિ રહેવું ગમે નહિ.

મુખી: એ બધું ખરૂં, સોક્રેટીસજી, પણ એનો ઉપાય શો? અમે હવે ઘરડા થયા એટલે અમે શું સુધરીએ? પાકે ઘડે કાંઠો ન ચઢે.

સોક્રેટીસ: ના, એમ નથી. તમે ય સુધારો કરવા ધારો તો ઘણો કરી શકો તેમ છો. હું તમને આજ ઘણાં વર્ષ થયાં કહું છું કે તમે તમારૂં ગામ સુધારો અને તમારી છોકરીઓને ભણાવો.

મુખી: છોકરીઓને ભણાવવાથી એવડો શો મ્હોટો ફેરફાર થઈ જવાનો છે?

સોક્રેટીસ: જુઓ, તમારા દીકરાની વહુ સારૂં ભણેલી હોય તો પછી એ બન્ને એક બીજાનાં મિત્ર જેવાં થઈ રહે અને એ સ્ત્રી તેનું ઘર જોઈએ તેવું રાખે અને છોકરાંઓને બરાબર ભણાવે ગણાવે. પણ અત્યારે તો એ સ્ત્રી ઘરમાં માત્ર એક મજૂર કે વેઠીઆની માફક કામ કર્યા કરે એટલે એના ધણીને એ જોઈએ તેવી સંગત આપી શકે નહિ. આ વાત ખરી છે કે નહિ?

મુખી: ખરૂં, ખરૂં, સોક્રેટીસજી. મેં મારા દીકરાને પરણાવ્યો ત્યારે એ વાતની મને ખબર નહોતી. અમે ન્હાના હતા ત્યારે અમને એવું કાંઈ જણાયું નહોતું અને આ મારો દીકરો નિશાળ અને કોલેજમાં ભણે છે એટલે એના વિચાર આટલા બધા ફરી જશે એ વાતનો મને વિચાર સરખો યે ન આવ્યો. ઘરમાં સ્ત્રીઓને કોઈ બૈરાંઓએ કહ્યું કે પેલા ગામના પટેલની દીકરી ઘરકામ વગેરેમાં કુશળ છે એટલે અમે સગપણ કરી નાંખ્યું.

સોક્રેટીસ: આ તમારો દીકરો બી. એ. એલ્. એલ્. બી. થયો છે અને તેની વહુ રસોઈ કરવામાં અને વાશીહું વાળવામાં બી. એ. થઈ છે. હવે એ બન્નેનું સાથે કયાંસુધી નભે? એની સ્ત્રીને એજ વાત હોય કે મને ઘરેણાંકપડાં ખૂબ પહેરવા મળે અને હું લોકામાં મ્હોટી ગણાઉં. એટલા માટે એ આ બધી વસ્તુઓ માગ્યા કરે અને તે એને આપવા માટે તમારા દીકરાને કેસ વધારે લડવા પડે. પરિણામે બહાર વિખવાદ વધે અને ઘરમાં પણ વધે. પણ સારૂં ભણેલી સ્ત્રી હોય તો એ એના ધણીને સોબતી અને મિત્રની ગરજ સારે અને એને આવા ન્હાના

ગામમાં રહેવું ય ભારે ન પડે.

મુખી: તમે ખરૂં કહો છો, સોક્રેટીસજી. તમારી વાત પ્રથમ અમને કડવી લાગે છે પણ એ બોધદાયક છે અને તમે અમારા ભલાને માટે કહો છો.

સોક્રેટીસ: હું કહેવા એ માગું છું કે તમે તમારાં ઘર અને ગામને રહેવા લાયક અને સુખદાયી બનાવો અને તમારી દીકરીઓને ભણાવો. એટલું કરશો તો પછી તમારા દીકરાઓને વધુ ભણાવશો તો પણ તેમને તેમનાં ઘર અને તેમની સ્ત્રીઓથી અસંતોષ નહિ થાય અને તેઓ અંહિ રહી તમારી ખેતી અને ગામ સુધારશે.

મુખી: બહુ સારૂં, સોક્રેટીસજી, અમે તમારા કહેવા મુજબ કરીશું.

સોક્રેટીસ: જેમ જલદી એ પ્રમાણે કરો તેમ તમારે માટે વધારે સારૂં છે.

છોકરાઓનાં છોકરાંઓ

સોક્રેટીસ એક દિવસ રસ્તે થઈ જતા હતા ત્યારે એક વરઘોડો સામો મળ્યો. સોક્રેટીસે વરના બાપને "રામ રામ" કર્યા અને આ લગ્ન માટે તેને મુબારકબાદી આપી.

સોક્રેટીસ: વાહ, પટેલ વાહ! છોકરો નશીબદાર ખરો!

પટેલ: સોક્રેટીસ મહારાજ, કઈ રીતે નશીબદાર?

સોક્રેટીસ: જુઓને આ કેટલા બધા ગાડીઘોડા તેની

પાછળ ચાલ્યા આવે છે! અને ઘરેણાંનો તો પાર નથી. હજુ તો એનું લગ્ન થાય છે ત્યાં એની સાહેબી એટલી બધી છે તો પછી શું નહિ થાય?

પટેલ: સોક્રેટીસજી, આ તો બધું માગી લાવી ભેગું કર્યું છે, અને લગ્ન માટે બે હજાર રૂપીઆ વ્યાજે લીધા છે.

સોક્રેટીસ: હં! ત્યારે તો છોકરો પરણતાંજ કરજમાં ડુબે છે?

પટેલ: હાજી: એમાં શું છે? હું યે એમ પરણ્યો હતો અને મારા બાપ પણ એજ રીતે પરણ્યા હતા.

સોક્રેટીસ: પણ એમ કરવું એ ખોટું તો ખરૂં ના?

પટેલ: ખોટું કે સાચું, પણ રિવાજ પડયો એમાં શું કરીએ?

સોક્રેટીસ: પણ આવો ખોટો રિવાજ ચાલુ રાખવો અને છોકરાઓને તેમની આખી જીંદગી કરજમાં ડુબાડી રાખવા તેના કરતાં ભવિષ્યનો થોડો વિચાર કર્યો હોય અને સમજીને ચાલ્યા હો તો સારૂં ખરૂં ના?

પટેલ: સારૂં તો ખરૂં, પણ રિવાજ કેમ છોડાય?

સોક્રેટીસ: પણ આ તમારો દીકરો, એ પોતાને માથે આવો ભાર કેમ મૂકવા દે છે? એ તો ભણેલો ગણેલો હશે એટલે સમજુ હશે જ. તમે આટલા પૈસા એના લગ્નમાં ખર્ચો છો તો પછી તમે તેની કેળવણીમાં તો એથી બમણા પૈસા નાંખ્યા જ હશે.

પટેલ: (હસીને) કેવી વાત! ના રે ના, સોક્રેટીસજી, એ તો ગુજરાતી ચોથી ચોપડી ભણે છે. એમાં શું ખર્ચ થાય?

સોક્રેટીસ: શું કહો છો? એમ કેમ બને? તમારો છોકરો

તો મ્હોટો થયો છે અને હજુ ચોથી જ ચોપડીમાં છે? એ શું એવો ઠોઠ છે?

પટેલ: ના, ના, સોક્રેટીસ, મ્હારો છોકરો તો બહુ હુશિયાર છે અને વર્ગમાં પહેલો બીજો નંબર રાખે છે.

સોક્રેટીસ: આમાં હું કાંઈ સમજતો નથી. તમે એક વાર એમ કહો છો કે છોકરો પરણે છે અને બીજી વાર એમ કહો છો એ ચોથી ચોપડી ભણે છે અને બહુ હુશિયાર છે.

પટેલ: એમાં તમને નવાઈ શી લાગી? એ બન્ને વાત સાચી છે.

સોક્રેટીસ: પણ ચોથી ચોપડી ભણે એ તો ન્હાના છોકરો હોય અને એ કાંઈ પરણે?

પટેલ: શા માટે નહિ? હું બાર વર્ષની ઉમરે પરણ્યો હતો અને મારા બાપ દસ વર્ષની ઉમરે પરણ્યા હતા. એમાં શું?

સોક્રેટીસ: આ તો ભયાનક વાત કે છોકરાઓ અને છોકરીઓ ભણી ઉતર્યા પહેલાં પરણે!

પટેલ: એમાં તમને શું વાંધો આવ્યો? અમને એમાં કાંઈ ખોટું નથી લાગતું. જો એમ ન કરીએ તો પછી અમે અમારા છોકરાઓનાં છોકરાંઓ ક્યારે જોઈએ?

સોક્રેટીસ: હું! હવે હું સમજ્યો. તમે ચાલીસ વર્ષના ન થયા હો ત્યાં ઘરડા થાઓ છો અને વ્હેલા મરી જાઓ છો એનું કારણ હવે સમજાયું. તમે મ્હોટી ઉમરે પરણો તો લાંબું જીવો ખરા.

પટેલ: એમ હશે. અમારા બાપદાદાઓ એમ કહેતા ખરા, પણ રિવાજ પડ્યો એટલે અમારે એ પ્રમાણે કરવું જ પડે.

સોક્રેટીસ: છોકરા છોકરીઓનાં લગ્ન ન્હાની ઉમરમાં કરો એટલે બરાબર વધી ન શકે એ તો ખરૂં ના?

પટેલ: એ વાત તો ખરી.

સોક્રેટીસ: અને લગ્ન થાય એટલે એ બરાબર ભણી પણ ન શકે?

પટેલ: એ પણ ખરૂં.

સોક્રેટીસ: ત્યારે એમની બુદ્ધિ પણ જોઈએ તેવી ખીલે નહિ, ખરૂં ના?

પટેલ: બરાબર.

સોક્રેટીસ: ત્યારે એ સંયમ જેવી ઉત્તમ વસ્તુ તો જાણી જ ન શકે, નહિ વારૂ?

પટેલ: ના, એ પણ ન જાણે.

સોક્રેટીસ: આ છોકરા છોકરીઓને બચ્ચાં થવાનાં, ખરૂં ના?

પટેલ: કેમ નહિ? એટલા માટે તો એમને પરણાવીએ છીએ.

સોક્રેટીસ: અને એ છોકરાંઓ પુખ્ત વયે પરણેલાં માણસોનાં છોકરાંઓ જેવાં મજબુત અને મ્હોટાં ન થાય, ખરૂં ના?

પટેલ: ના, ન થાય.

સોક્રેટીસ: ત્યારે તમે હુમેશાં કહ્યા કરો છો કે પ્રજા નબળી થતી જાય છે એનું કારણ આ હોય કે નહિ?

પટેલ: હાજી, એ હોય ખરૂં. પેઢાનપેઢી બાળલગ્ન થાય તો પ્રજા છેક નબળી પડી જાય.

સોક્રેટીસ: અને આ તમારા છોકરાઓનાં છોકરાંઓ નબળાં હોવાથી તેમને ઉછેરવામાં મહેનત અને જતન પણ વધારે જોઈએ, નહિ વારૂ?

પટેલ: બરાબર.

સોક્રેટીસ: અને એ છોકરાંઓનાં માબાપ પોતે બાળક જેવાં હોવાથી અને તેમણે આ બાબતમાં શિક્ષણ ન લીધેલું હોવાથી, તેઓ એ કાર્ય બરાબર ન કરી શકે, ખરૂં ના?

પટેલ: હાજી, એ ન કરી શકે.

સોક્રેટીસ: ત્યારે તો એ છોકરાંઓને મરવાનાં બે કારણ થયાં: એક તો તેમનાં માબાપ પોતે છોકરાંઓ જેવાં છે તે અને બીજું બાળકને કેમ ઉછેરવાં જોઈએ એ બાબતમાં તેઓને બરાબર શિક્ષણ મળ્યું નથી તે.

પટેલ: ખરી વાત છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: ત્યારે તો આ છોકરાંઓની માને છોકરાં ઉછેરતાં આવડે ત્યારે પહેલાં કેટલાંક છોકરાંઓ મરવાનાં, ખરૂં ના?

પટેલ: એ તો રોજ જોઈએ છીએ.

સોક્રેટીસ: ત્યારે તો એ છોકરાંઓ ઉપર પ્રયોગ કરવા જેવું થયું, અને એમાં અર્ધાંથી યે વધારે મરી જાય છે.

પટેલ: હાજી.

સોક્રેટીસ: અને આમાં એ બીચારી બાળમાતા ઉપર કેટલો જુલમ? પ્રથમ તો પોતે બાળક અને કાચી વયની છે ત્યારે માતા બને છે, અને બીજું પોતે જે બચ્ચાંઓને બહુ મુશ્કેલી વેઠી જન્મ આપ્યો છે તેમને એક પછી એક મરતાં જુએ છે. આનું કારણ માત્ર એજ છે કે તેનાં માબાપ તેને પરણાવવાનો લ્હાવો લેવામાં તેનો ભોગ આપી દે છે અને પરણવાની સાથે એના શરીર અને મન ઉપર શા શા બોજા એને વેઠવાના છે એ વાતનો વિચાર સરખો યે કરતા નથી. તમે જાણો છો કે

તમારે ત્યાં જેમ ન્હાનાં છોકરાંઓ બેશુમાર મરી જાય છે તેમ સ્ત્રીઓ પણ ન્હાની વયમાં ઘણી મરી જાય છે?

પટેલ: સોક્રેટીસજી, તમે ખરૂં કહો છો. જેમ બાળકોનો ઘાણ વળી જાય છે તેમ સ્ત્રીઓનો પણ ઘાણ વળી જાય છે.

સોક્રેટીસ: હજુ એક વાત કરવી રહી ગઈ. પટેલ, તમારો દીકરો હજુ બાળક છે અને તેને સ્ત્રીની નહિ પણ રમકડાંની જરૂર છે.

પટેલ: ઠીક!

સોક્રેટીસ: એમ છતાં એના હાથમાં તમે એક મનુષ્ય સોંપો છો, પછી ભલે એનું પરિણામ ગમે તે આવે.

પટેલ: એમાં શું? એમ તો થતું આવ્યું છે ના?

સોક્રેટીસ: અને એ છોકરામાં સંયમ આવ્યો નથી, તેમ બીજાને માન આપવું જોઈએ અથવા માન એ શું ચીજ છે એ હજુ એ જાણતો નથી, એ પણ ખરૂં ના?

પટેલ: બરાબર.

સોક્રેટીસ: અને ઘરમાં એની માનું પણ જોઈએ એવું માન જળવાતું નથી, અને એ તમારો મિત્ર નહિ પણ ઘરની એક દાસી જેવી છે એમ એ જુએ અને જાણે છે.

પટેલ: તમે અમને માઠું લાગે એવું કહો છો, પણ તમારી વાત સાચી છે, સોક્રેટીસજી, એટલે મારાથી એ વાતની ના પાડી શકાતી નથી.

સોક્રેટીસ: અને આ છોકરી જે પરણીને તેના હાથમાં જાય છે તે બીચારી નથી ભણી કે ગણી, એટલે તેને માટે માન ઉત્પન્ન થાય એવું કાંઈ તેનામાં નથી અને એ કારણથી તેને માન પણ મળશે નહિ, ખરૂં ના?

પટેલ: એને વળી માન શું ?

સોક્રેટીસ: વારૂ, ત્યારે આ તમારો દીકરો એ બાળવયે પરણે છે એટલે તે પોતાની સ્ત્રીને શરૂઆતથી જ માન આપવાનો નથી, અને આગળ ઉપર તો એ બનવું અશકય છે, અને એ સ્ત્રી પણ એની પાસેથી માન લઈ શકશે નહિ. એ સ્ત્રી તો તેનું એક રમકડું થશે અને એની સાથે રમત રમી એ થાકી જશે ત્યારે એ ઘરની દાસી થઈ રહેશે. વળી એ છોકરો સંયમ શું ચીજ છે એ જાણતો નથી એટલે એને મારે, કૂટે અને હેરાન કરે તો એમાં નવાઈ શી છે ?

પટેલ: સોક્રેટીસજી, તમે ખરૂં કહો છો. સ્ત્રીઓને માટે અમને જરા પણ માન હોતું નથી તેથી અમારો સંસાર આટલો બધો દુ:ખી છે એ વાતની મને આજે ખબર પડી.

સોક્રેટીસ: અફસોસ છે આ બીચારી છોકરી માટે, આ બીચારા છોકરા માટે અને જે દેશમાં આવું સૈકાઓ થયાં ચાલ્યું આવે છે એ બીચારા દેશ માટે !

ફાયદો

સોક્રેટીસ એક સાંજના કેટલાક ઘરડા માણસો સાથે બેઠા બેઠા વાતચીત કરતા હતા તેવામાં કોઈ એક માણસ ત્યાં આવ્યો અને તેમની સાથે બેઠો. તેના જોડા અને કપડાં ધૂળથી ભરેલાં હતાં એ ઉપરથી એમ લાગતું હતું કે એ બહુ દૂર જઈ આવ્યો હશે. તે "હાસ" કરી બેઠો અને હોકો પીવા લાગ્યો.

તેણે થોડી વાર વિસામો લીધો ત્યારબાદ સોક્રેટીસે તેને પૂછ્યું: "પટેલ, ક્યાં જઈ આવ્યા?"

પટેલ: આ કોર્ટમાં સાક્ષી આપવા ગયો હતો તે હેરાન હેરાન થઈ ગયો, ભાઈ!

સોક્રેટીસ: કેમ? એમાં હેરાન શું થઈ ગયા? કોર્ટમાં જવાનું તો તમને બહુ ગમે છે ના?

પટેલ: ત્યાં આખો દિવસ બેસાડી રાખે એટલે આપણે તો પૂરા કંટાળી જઈએ અને પછી એકદમ નામ પોકારે અને તેમાં ય જવાબ દેતાં જરા યે વાર લાગી કે પછી ન પૂછો વાત. આપણું અપમાન કરે અને કોઈ કોઈ વાર તો પટાવાળો ગાળો પણ દઈ દે. અને પછી અંદર જઈએ એટલે ઉપરાઉપરી સવાલ પૂછવા માંડે એટલે આપણે તો મુંઝાઈ જઈએ અને કોઈ વાતનું ભાન ન રહે. આ તો બધી પંચાત છે.

સોક્રેટીસ: સવાલ કેવાક પૂછતા હશે?

પટેલ: એકદમ પૂછવા માંડે—તમારૂં નામ, તમારા બાપની ઉમર—ના, ના, એમ નહિ,—તમારી ઉમર, તમારા બાપનું નામ, તમારૂં કામકાજ વગેરે, વગેરે. કણબીને તે વળી એવું પૂછવાનું હોય? અમે કણબી છીએ એ તો સહુ જાણતા જ હોય.

સોક્રેટીસ: હા, એ તો ખરૂં. એવો પ્રશ્ન તમને ન હોય!

પટેલ: નજ હોય તો.

સોક્રેટીસ: વારૂ, પછી તમે જવાબ શો આપ્યો?

પટેલ: જવાબ! જવાબ વળી બીજો શો આપવો હતો? ખેડનો ધંધો છે એ જવાબ.

સોક્રેટીસ: (ધીમેથી અને વિચારપૂર્વક) પટેલ, ઘણા વખત થયાં તમારી રીતભાત જોઉં છું એ ઉપરથી તો મને એમ લાગે છે કે તમારો એ જવાબ બરાબર નથી. તમારો ધંધો, ખરૂં પૂછો તો,...

પટેલ: શું કહ્યું, સોક્રેટીસજી?

સોક્રેટીસ: તમારો ધંધો તો હોકો પીવાનો અને ગપ્પાં મારવાનો છે.

આ સાંભળી બધા હસી પડયા. તેઓ શાંત થયા ત્યારે સોક્રેટીસે તેમને બધાને સંબોધી કહ્યું:

"મારા ભાઈઓ, સાંભળો. એવી કઈ વસ્તુ છે કે જેના ઉપર તમે અને તમારા બાપદાદાઓ રાત દિવસ ફીદા હો, અને જેને સુધારવામાં અને શણગારવામાં તમે સહુએ સહુથી વધારે મહેનત લીધી હોય?"

ગ્રામ્યજન: હળ.

સોક્રેટીસ: નહિ, નહિ.

ગ્રામ્યજન: ત્યારે ગાડું.

સોક્રેટીસ: એ પણ નહિ.

ગ્રામ્યજન: કુવો.

સોક્રેટીસ: ફરી વિચારો.

ગ્રામ્યજન: કોસ.

સોક્રેટીસ: ના, એ પણ નહિ.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમે ખરૂં પૂછો છો કે મશ્કરી કરો છો?

સોક્રેટીસ: હું ખરૂં પૂછું છું.

ગ્રામ્યજન: ત્યારે તો તેનો જવાબ અમારાથી નહિ અપાય.

સોક્રેટીસ: ત્યારે હું કહું?

ગ્રામ્યજન: હા, કહો.

સોક્રેટીસ: તમે ગુસ્સે તો નહિ થાઓ ના?

ગ્રામ્યજન: તમારા જેવા અમારા મ્હોટા હિતેચ્છુથી અમે ગુસ્સે શા માટે થઈએ?

સોક્રેટીસ: ત્યારે સાંભળો, પણ ગુસ્સે નહિ થતા હો!

ગ્રામ્યજન: નહિ થઈએ.

સોક્રેટીસ: આ રહ્યો જવાબ—હોકો.*

હા, જી: અને સહશિક્ષણ

સોક્રેટીસ એક દિવસ નવી શાળા પાસે થઈને ગામમાં આવતા હતા ત્યારે તેણે શાળામાં નજર કરી તો તેમાં તેણે માત્ર છોકરાઓનેજ જોયા. શાળા છોડી જરા આગળ ચાલ્યા એટલે તેણે કેટલીક છોકરીઓને ધૂળમાં રમતી જોઈ. આ છોકરીઓ ધૂળનો ગારો કરી તેનાં છાણાં થાપવાની રમત

* પંજાબમાં ખાસ કરી હોકા પીવાનું વ્યસન બહુ છે.

રમતી હતી. તેઓમાં કેટલીક ન્હાની ઉમરની હતી તેમ કેટલીક નવ દસ વર્ષની પણ હતી. તેઓ ગંદી પણ હતી. ત્યાં કોઈ બીજો માણસ સોક્રેટીસની નજરે આવ્યો નહિ, એટલે સોક્રેટીસ ચાલતા ચાલતા બડબડવા લાગ્યા કે "આજે આ લોકોને કહેવાનો ઠીક લાગ મળ્યો છે. એ લોકો વચન આપી તે પાળવાનું તો સમજ્યા જ નથી. કેટલા યે વખત થયાં અને કેટલી બધી વાર એ લોકો મને વચન આપી ચૂક્યા છે કે 'અમે અમારી છોકરીઓને શાળામાં મોકલીશું,' પણ શાળામાં તો એક પણ છોકરી નથી. 'હા, જી: હા, જી' કહી એ લોકો મને ફોસલાવે છે અને કરતા નથી કાંઈયે. એ બધા હા, જી ના જ દીકરા લાગે છે. હવે એમની વાત છે! ઓલ્યા પટેલને મળું એટલી વાર છે! તે વાત તો બહુ મીઠી મીઠી કરે છે, પણ કરતો નથી કંઈ, અને ગામના બધા માણસો એની માફકજ હા એ હા કર્યે જાય છે. હું તો હવે થાક્યો!"

આમ બોલતા બોલતા સોક્રેટીસ ચોરે આવ્યા એટલે ત્યાં પટેલ હતા તેણે કહ્યું: "સોક્રેટીસજી, રામ રામ: આવો આવો. તમે અહિં ક્યાંથી? અમારાં ભાગ્ય કે તમે આજે ઘણે દિવસે પધાર્યા."

સોક્રેટીસ: રામ રામ, પટેલ. (પોતાના મનમાં) તમે બધા ઠગ છો અને હું તમને સારી રીતે જાણું છું. (મ્હોટેથી) કેમ, પટેલ, મેં તમને આગળ જે બધું કહ્યું હતું તે કર્યું કે?

પટેલ: હા, જી.

સોક્રેટીસ: (પોતાના મનમાં) જોયો આ ઠગ! (મ્હોટેથી) વાહ! બહુ સારી વાત. ત્યારે તો પેલો ખાડો તૈયાર થયો ના? છ ફીટ ઉંડો.

પટેલ: બરાબર.

સોક્રેટીસ: ત્યારે ચાલો જઈ જોઈ આવીએ.

પટેલ: હવે જવાય છે. શી ઉતાવળ છે?

સોક્રેટીસ: કર્યું એટલું કામ, પટેલ. એમાં વળી ઢીલ શી? (પોતાના મનમાં) એ ખાડો ત્રણ ફીટથી ઉંડો હોય તો હું શરત મારૂં! (મ્હોટેથી) ચાલો જઈ આવીએ, પટેલ. મને સારૂં કામ જોવાની બહુ હોંશ છે અને એ જોઈ મને બહુ આનંદ થાય છે, માટે ચાલો જઈએ. ચાલો, ઉભા થાઓ. એ આ રસ્તે છે, નહિ વારૂ?

પટેલ: ના—હા—ના—હા, એ રસ્તે પણ જવાય છે, પણ—પણ, અત્યારેજ શી ઉતાવળ છે, સોક્રેટીસજી? તમે આટલું બધું ચાલી આવ્યા છો તો થાકી ગયા હશો, માટે બેસો જરા અને વિસામો લ્યો. પછી જઈશું વળી.

સોક્રેટીસ: પટેલ, તમે મને કોઈ દિવસ થાકયો જોયો છે?

પટેલ: ના, તમને થાકયા જાણ્યા નથી; તમે મોઢેથી પણ એમ કદિ કહ્યું નથી અને કામ હોય ત્યારે તો તમે થાક શું એ જાણતાજ નથી.

સોક્રેટીસ: ત્યારે પછી હું થાકયો હોઈશ એવી ચિંતા શા માટે રાખો છો?

પટેલ: એ તો અમથુંજ કહેતો હતો. હું એમ માનતો હતો કે તમને બેસવું ગમશે.

સોક્રેટીસ: પટેલ, હવે સાંભળો અને મારા મોઢા સામું જોઈ વાત કરો કે એ ખાડો ખરેખર છ ફીટ ઉંડો છે?

પટેલ: તમે એવું કાળજીપૂર્વક પૂછો છો ત્યારે કહું છું કે એ છ ફીટ ઉંડો નહિ હોય. પણ મેં તમને આવતા જોયા

ત્યારે હું એ ખાડો ખોદતો હતો અને હવે એ તૈયાર છે.

સોક્રેટીસ: પટેલ, હું જ્યારે અહિં આવતો હતો ત્યારે તો મેં તમારા હાથમાં હોકા જેવું કંઈક જોયું હતું.

પટેલ: એ કેમ બને? અને તે વળી સવારમાં?

સોક્રેટીસ: વારૂ, એ વાત જવા દો. એ ખાડો પાંચ ફીટ ઉંડો છે?

પટેલ: તમે તો બહુ ચાપચીપીઆ છો, સોક્રેટીસજી. પાંચ ફીટ કદાચિત્ નહિ હોય, પણ લગભગ પાંચ ફીટ છે, ખરેખર.

સોક્રેટીસ: બહુ સારૂં. ચાલો આપણે જઈએ અને માપી લઈએ.

પટેલ: સોક્રેટીસજી, હવે શા માટે માથાફોડ કરો છો? એ અહિંથી દૂર છે.

સોક્રેટીસ: તે કેડસમો ઉંડો છે?

પટેલ: એટલો તો નહિ હોય.

સોક્રેટીસ: ત્યારે ગોઠણસમો છે—હાથ જેટલો?

પટેલ: હા, સોક્રેટીસજી, હાથ તો ખરોજ, પૂરો હાથ. ન હોય તો સમ ખાઉં. મેં પોતે મારા હાથે કામ કર્યું છે.

સોક્રેટીસ: તમે કર્યું હશે, પણ સોગંદ નહિ ખાતા. સોગંદ ખાવા એ બહુ ભારે વાત છે.

આમ વાત થતી હતી ત્યાં કેટલાક ગ્રામ્યજન આવ્યા. પટેલ બીચારો ભોંઠો પડી ઓશીયાળા જેવો થઈ ઉભો હતો અને સોક્રેટીસ જરા ચ્હીડીઆલા અને ગરમ હતા.

ગ્રામ્યજન: કેમ, પટેલ, આજ વળી શું છે? સોક્રેટીસ મહારાજના હાથમાં પાછા આવ્યા કે શું?

પટેલ: ચૂપ, ચૂપ.

સોક્રેટીસ: ચૂપ ચૂપ, કેમ, પટેલ? આવો ભાઈઓ. રામ રામ. પટેલ પેલો ખાડો પોતે કેવો મજાનો ખોદ્યો છે તેની વાત કરી રહ્યા છે.

ગ્રામ્યજન: કયો ખાડો વળી, મહારાજ?

સોક્રેટીસ: હું છેલ્લી વખત આવ્યો હતો ત્યારે મેં કચરો નાંખવા ખાડો ખોદવા કહ્યું હતું તે.

ગ્રામ્યજન: હા, બરાબર, બરાબર.

પટેલ: તમને બધાને ખબર છે. મારા વાડાને ખૂણે ઓલ્યો નવો ખાડો છે ના?

ગ્રામ્યજન: હા, બરાબર. ઓલ્યો ખાડો જે પેલા ચમાર જરા ઉપર ઉપરથી ખોદી કરતા હતા તે ના? એ ખાડો હાથ એક તો થયો હશે, નહિ? સોક્રેટીસજી, એ તો ભારે ખાડો થયો છે.

સોક્રેટીસ: (પોતાના મનમાં) આ લોકો વચન આપ્યે કેવા શૂરા છે પણ કામ કરવે કેવા ભીરૂ છે! (મ્હોટેથી) વારૂ, ઠીક. પણ તમે બધાએ મને છેલ્લી વખતે વચન આપ્યું હતું તે પ્રમાણે તમારી છોકરીઓને નિશાળે મોકલો છો ના?

ગ્રામ્યજન: સોક્રેટીસજી, અમે તો નથી મોકલતા. ખરૂં પૂછો તો અમારી ન્યાતના પટેલોએ ના પાડી અને કહ્યું કે પહેલાં છોડીઓની નિશાળ કરો.

સોક્રેટીસ: છોડીઓની નિશાળે શિખવશે કોણ?

ગ્રામ્યજન: બાઈ, કેમ?

સોક્રેટીસ: બાઈને લાવશો કયાંથી?

ગ્રામ્યજન: એ તો અમને ખબર નથી. એ તો એ ખાતાના અધિકારી મોકલશે.

સોક્રેટીસ: અધિકારી કયાંથી લાવશે?

ગ્રામ્યજન: એની અમને શી ખબર?

સોક્રેટીસ: આ ગામમાં કોઈ ભણેલી સ્ત્રી છે કે?

ગ્રામ્યજન: ના.

સોક્રેટીસ: પાસેના ગામમાં.

ગ્રામ્યજન: ના, ત્યાં પણ નહિ.

સોક્રેટીસ: ત્યારે અહિંથી દસ કોસ સુધીમાં?

ગ્રામ્યજન: ના, એટલામાં પણ નહિ હોય.

પટેલ: ના, નથી જ. અમારા આટલાં ગામડાઓમાં કોઈ કણબી કે વાણીઆ બ્રાહ્મણની સ્ત્રી ભણેલી નથી.

સોક્રેટીસ: ત્યારે એને લાવશો કયાંથી. શહેરમાંથી?

ગ્રામ્યજન: ના, શહેરની સ્ત્રીઓ આવાં દૂરનાં ગામડાંઓમાં આવતી નથી.* કદાચિત્ કોઈ આવે તો અહિં તેમનું લાંબું નભે તેમ નથી. તેમને રહેવાને જગ્યા પણ ન મળે.

સોક્રેટીસ: ત્યારે જ્યાંસુધી તમારી પોતાની સ્ત્રીઓ બરાબર ભણે નહિ ત્યાંસુધી તમને તમારી આ છોકરીઓની નિશાળ માટે શિક્ષિકા મળવાનો સંભવ નથી, ખરૂં ના?

ગ્રામ્યજન: વાત તો ખરી છે.

સોક્રેટીસ: અને તમે તમારી છોકરીઓને છોકરાઓની નિશાળમાં નહિ મોકલો ત્યાંસુધી તમારી સ્ત્રીઓ કાંઈ ભણવાની નથી, ખરૂં કે?

ગ્રામ્યજન: એ પણ બરાબર છે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: વળી તમે આગળ એક વખત નહોતા કહેતા

---

* આ વસ્તુસ્થિતિ આપણાં કરતાં પંજાબને વધારે લાગુ પડે છે. ત્યાં પડદાને લીધે સ્થિતિ વધારે મુશ્કેલ છે.

કે અમારે કરવેરા બહુ ભરવા પડે છે અને એ હવે ઓછા થાય તો સારૂં?

ગ્રામ્યજન: હાજી, અમારે કરવેરાનો ભાર બહુ વેઠવો પડે છે.

સોક્રેટીસ: ત્યારે તમારે જો છોકરીઓની નિશાળ જોઈએ તો પછી તેને માટે મકાન તેમ શિક્ષક જોઈએ. મકાનને માટે તમારો ચોરો આપશો ખરા કે?

ગ્રામ્યજન: ચોરો તો અપાય જ કેમ! છોકરાઓની નિશાળ માટે આપ્યો હતો તે માંડમાંડ હમણાં જ અમને પાછો સોંપાયો છે. ના, એ અપાય જ નહિ—અને છોકરીઓની નિશાળ માટે તો નહિ જ.

સોક્રેટીસ: જોયું! એ વાત તો એમ છે! ત્યારે નિશાળ કરવી એ કાંઈ સ્હેલી વાત નથી. નિશાળ બાંધવામાં સારી પેઠે પૈસા જોઈએ અને શિક્ષિકાઓ માટે પણ પૈસા જોઈએ. આ જીલ્લામાં ચૌદસો ગામડાં છે તેમાંથી માત્ર બસોમાં નિશાળ માટે મકાન છે. હવે તમારે દરેક ગામમાં છોકરીઓની નિશાળ જૂદી જોઈએ અને પાછો કરવેરામાં ઘટાડો કરવા માગો છો. આ બધું કેમ થાય વિચાર કરો જોઈએ?

ગ્રામ્યજન: સોક્રેટીસજી, એ તો આકરૂં પડે, ખરૂં.

સોક્રેટીસ: ત્યારે આ બધું જોતાં બધાં ગામડાઓમાં છોકરીઓ માટે નિશાળ જૂદી કરવી ભારે પડે, ખરૂં કે નહિ?

ગ્રામ્યજન: હાજી.

આટલી વાત થયા પછી સોક્રેટીસ થોડી વાર થોભ્યા, પણ તેના મનમાં કાંઈક ઘોળાયા કરતું હતું એટલે તેણે ફરી વાત ચાલુ કરી. તે બોલ્યાઃ "તમે લોકો તમારી સ્ત્રીઓને બહુ

માન આપતા નથી, ખરૂં ના? દાખલા તરીકે, તમે ઘોડા ઉપર સ્વાર થઈ જતા હો અને કોઈ સ્ત્રી તમારી આગળ ચાલી જતી હોય તો તમે કહો છો કે 'આઘી રે, આઘી રે, એ બાઈ!' અથવા 'હઠ, હઠ, બાઈ,' ખરૂં કે?"

ગ્રામ્યજન: સોક્રેટીસજી, આ વાત તમે અમને કેટલી બધી વાર કરી છે? એની એ વાત ફરી ફરી કરવાથી શો ફાયદો છે?

સોક્રેટીસ: મારી વાત ખરી છે કે નહિ?

ગ્રામ્યજન: વાત તો ખરી છે.

સોક્રેટીસ: હવે તમને એમ લાગવા માંડયું છે કે આ ખોટું થાય છે અને તમને એ વાતની શરમ પણ આવવા લાગી છે, નહિ વારૂ?

પટેલ: જી, હા. તમે અમને એક વાત વખતોવખત કહ્યા કરો છો ત્યારે અમે એ વિષે વિચાર કરવા તો લાગીએ છીએ, અને અમે અમારા વર્તનમાં એકદમ સુધારો ન કરીએ તો પણ એ વિષે પરસ્પર ચર્ચા કરીએ છીએ અને ધીમેધીમે એ અમારા મનમાં ઉતરે છે. અમે કબુલ કરીએ છીએ કે આ સ્ત્રીઓનું માન ન સાચવવાના સંબંધમાં દોષિત છીએ પણ અમે એમાં સુધારો કરવા લાગ્યા છીએ.

સોક્રેટીસ: પણ કોઈ વાતમાં સુધારો કરવો હોય તો બાળકોથી એની શરૂઆત કરીએ તો વધારે સારૂં, ખરૂં ના?

સહુ ગ્રામ્યજન: (ઉત્સાહપૂર્વક) ખરેખર, સોક્રેટીસજી, અમે તો તમને એ હમેશાં કહીએ છીએ. અમે હવે મ્હોટા થયા એટલે અમે શું સુધરવાના. એ તો બાળકોને જ બધી વાત કરો એટલે બધું થઈ રહેશે.

સોક્રેટીસ: ખરૂં, પણ બાળકો પોતાની માતાઓ અને બ્હેનોને માન આપતાં શિખશે કઈ રીતે અથવા કોની પાસેથી? તમારી પાસેથી તો નહિ જ, ખરૂં ના?

ગ્રામ્યજન: ના, અમારી પાસેથી એ એમને શિખવાનું મળે એમ નથી.

સોક્રેટીસ: ત્યારે પછી એ તેમને શિખવવું ક્યાં?

ગ્રામ્યજન: નિશાળે.

સોક્રેટીસ: હા, પણ નિશાળમાં એ કેમ બને જો ત્યાં માત્ર છોકરાઓ જ ભણતા હોય તો? છોકરીઓ ભણે નહિ અને ઘેર મેલી અને અજ્ઞાન રહે તો એમને માટે માન ઉત્પન્ન કઇ રીતે થાય?

ગ્રામ્યજન: એ બધી મૂશ્કેલીઓ છે, એ ખરૂં.

સોક્રેટીસ: તમને એમ નથી લાગતું કે તમે છોકરીઓને ગામના એક ખૂણામાં પૂરી રાખો—અથવા ડાકટર જેમ ચેપી રોગવાળાને જૂદા રાખે છે તેમ જૂદી રાખો અને પછી ભલે તેમને ભણાવો તોપણ તમારા આગલા રિવાજ રહેવાના? છોકરાઓ પોતાની માતાઓ અને બ્હેનોને માન આપે એવું તમે ઈચ્છતા હો તો તમારે છોકરાઓ અને છોકરીઓને ન્હાનપણથી જ એક જ શાળામાં રાખવાં જોઈએ એટલે ત્યાં શિક્ષક અથવા શિક્ષિકા છોકરાઓને પોતાના ઉપદેશ અને વર્ત્તનથી, તેમની સાથે ભણતી છોકરીઓને તેમ તેમને ઘેર તેમની માતાઓને માન આપતાં શિખવશે. વળી ન્હાની છોકરીઓ પોતે છોકરાઓ સાથે ભણતી હોવાથી તેમ પોતાની સાથે છોકરાઓના જેવું જ શિક્ષક વગેરેનું વર્ત્તન થતું હોવાથી, પોતાના મનમાં એમ સમજશે કે અમે છોકરાઓ કરતાં કોઇ

રીતે ઉતરતી નહિ પણ તેમના જેવી છીએ અને તેમ સમજી તેઓ પોતાને માન આપવા લાગશે અને ભણેલી હોવાથી બીજાના માનને યોગ્ય થશે. તેઓ મ્હોટી થશે અને પરણશે ત્યારે તેમના ધણી પણ તેમનું માન રાખશે અને તેઓ પોતાનાં છોકરાંઓને એ પાઠ શિખવશે.

ગ્રામ્યજન: વાત તો બહુ ઉત્તમ છે પણ, સોક્રેટીસજી, એ બધું કરતાં તો વર્ષો વીતી જશે.

સોક્રેટીસ: ત્યારે તો છોકરીઓને તુરત જ નિશાળે મોકલવા માંડો. જે છોકરાઓ નિશાળે ભણ્યા હોય તેઓ પોતાની અભણ અને અજ્ઞાન માતાઓ અને માત્ર છાણાં થાપી અને ઘરેણાં પહેરી જાણતી હોય એવી પોતાની બ્હેનો વગેરેને માનથી જુએ એ સંભવિત નથી. મારા ભોળા ભાઈઓ, તમને જીંદગીનું ખરૂં સુખ શું છે એ વાતની ખબર જ નથી. હું જે કાંઈ સારૂં શિખ્યો છું તે મારી માતા પાસેથી શિખ્યો છું, અને એનું સ્મરણ એ મારા જીવનની એક અતિ પવિત્ર વસ્તુ છે.

ગ્રામ્યજન: તમારી માતા તો બહુ ભારે સ્ત્રી હશે, સોક્રેટીસજી.

સોક્રેટીસ: મારી માતા ખરેખરી ઉત્તમ સ્ત્રી હતી. પણ એવી સ્ત્રી તમારા બધાની માતા થઈ શકી હોત, અને તમારી દીકરીઓ પણ થઈ શકશે: માત્ર તેમને તમારે યોગ્ય શિક્ષણ આપવું જોઈએ છે અને તેમનું માન રાખવું જોઈએ છે. મ્હારા ભાઈઓ, મ્હારાં છોકરાંઓ તેમની માતા પાસેથી આ બધા પાઠ શિખી રહ્યાં છે.

ગ્રામ્યજન: અમને એ વાત સાંભળી કંઈ નવાઈ લાગતી નથી, કારણ કે અમે તમારાં સ્ત્રીને અમારા ગામમાં આવી

અમારાં બાળકોને તપાસી જોતાં અને અમારી સ્ત્રીઓને પોતાનાં બાળકોને કેમ સાચવવાં એ બાબતનું જ્ઞાન આપતાં જોયાં અને સાંભળ્યાં છે. પેલે દિવસ એણે એક સારૂં છોકરૂં પોતાના હાથમાં લઈ ઉંચું કરી સહુને કહ્યું હતું કે "જુઓ, છોકરાંઓ તો આવાં જોઈએ!" અને એ ઉપાડેલું છોકરૂં પણ છોકરો નહિ પણ છોકરી હતી. એમને મન તો છોકરાઓ અને છોકરીઓ બન્ને સરખાં છે. ધન્ય છે એવી બાઈઓને!

પટેલ: અને એ છોકરી હતી ઢેઢની!

ગ્રામ્યજન: અને એમનાં પોતાનાં છોકરાંઓને પણ અમે એમના તંબુની બહાર રમતાં જોયાં છે. તેઓ કેવાં સ્વચ્છ અને સુઘડ હતાં! એમનાં કપડાં બધાં વિલાયતથી શિવાઈ આવ્યાં હશેઃ એવાં મજાનાં કપડાં અહિં કોણ શિવે?

સોક્રેટીસ: ના, ભાઈ, ના. એ બધાં શિવ્યાં છે છોકરાંઓની માએ. એવાં જ કપડાં પેલે ગામ* ગૃહશાળા કાઢી છે તેમાં શિવતાં શિખવવામાં આવે છે અને તમારા લોકનાં બૈરાંઓ એવું કામ કરતાં શિખ્યાં છે. એ જ શાળામાં સ્ત્રીઓને શિક્ષણ આપવાનું જ્ઞાન પણ આપવામાં આવે છે. માટે તમે તમારી છોકરીઓને શાળામાં ભણવા મોકલો અને છોકરાઓ તેમનું માન રાખે એમ તેમને શિક્ષણ આપો. તમારે સારાં છોકરાંઓ જોઈતાં હોય તો સારી માતાઓ જોઈએ, અને માતાઓ સારી કરવા માટે સ્ત્રીઓને માન આપવું જોઈએ.

ગ્રામ્યજન: અમે અમારી ન્યાતોના પટેલોને આ બધી વાત કરીશું અને છોકરીઓને છોકરાઓની આ નવી શાળા

---

* ગુરગામ.

થઈ છે તેમાં મોકલવા રજા માગીશું. અત્યારે તો એ છોકરાઓની શાળા છે પણ પછી એ ગ્રામ્ય શાળા થશે.

સોક્રેટીસ: એ બરાબર છે. એ ગ્રામ્ય શાળા થવી જોઈએ. અને તમારી ન્યાતના પટેલ તમને રજા ન આપે તો મને એક વખત તેમની સાથે વાત કરવા દો એટલે પછી જોઈ લઈશ. પણ, આ ન્યાતના પટેલોની વાત કરો છો તે ખરેખર વાત છે કે તમારી પોતાની આળસ અને ઢીલને માટે બ્હાનું કાઢો છો? મને તમારી આ વાત વિષે શંકા છે, કારણ કે જ્યારે કાંઈ સુધારો કરવાની વાત કરૂં છું ત્યારે તમે તેમને યાદ કરો છો અને કહો છો કે એ અમને સુધારા કરવા દેતા નથી. એ પટેલો તો હમેશાં અદૃશ્ય જ રહે છે.

ગ્રામ્યજન: આ તમારી શંકા છેક ખોટી નથી. પણ આ વાતમાં તો ન્યાતના પટેલો ખરેખર આડે આવે છે.

સોક્રેટીસ: એ હું માનું છું. પણ મને માફ કરજો પેલી શંકા.

ગ્રામ્યજન: તમને માફ કરવાનું કાંઈ હોય જ નહિ સોક્રેટીસજી. માફ તો તમે અમને કરો, કારણ કે તમે આટલું બધું અમારા હિત માટે કહો છો છતાં અમે એ પ્રમાણે આચરતા નથી.

સોક્રેટીસ: વારૂ, ત્યારે હું જઈશ. રામ રામ, રામ રામ.

ગ્રામ્યજન: રામ રામ, રામ રામ.

છેવટની સલામ

સોક્રેટીસ એક દિવસ ગંભીર ચહેરે ચોરે આવ્યા એટલે લોકોએ માન્યું કે આજે ચોક્કસ કાંઈ અવળું થયું હશે, અને દુર્ગંધ કે ગંદા છોકરાં કરતાં કંઈ વધારે ખરાબ વાત વિષે સોક્રેટીસને કાંઈ કહેવાનું હશે. ત્યાં તો સોક્રેટીસ બોલ્યા: "મારા ભાઈઓ, આજે મને દિલગીરી થાય છે. હું હવે તમારી બધાની રજા લઉં છું."

ગ્રામ્યજન: કેમ, સોક્રેટીસજી, શું છે વળી?

સોક્રેટીસ: જુઓ, મારે ય છોકરાં છે અને તેમને મારે તેમના દેશ લઈ જઈ ભણાવવાનાં છે અને મને પણ મારા દેશમાં જવાની બહુ ઈચ્છા છે. તમે અને તમારાં ગામ મને બહુ વ્હાલાં છે અને હું તમને છોડી જવા ખુશી નથી, પણ મારાથી હવે રહેવાય તેમ નથી અને મારે જવું જોઈએ.

ગ્રામ્યજન: તમે જશો એટલે અમે શું કરીશું? અમે તો પાછા હતા એવાને એવા મેલા, ઘેલા અને ગંદા થઈશું.

સોક્રેટીસ: ના, હવે એમ નહિ થાય. તમે હવે બરાબર જાણ્યું છે કે સ્વચ્છતાથી આરોગ્ય અને ધનની વૃદ્ધિ થાય છે તેમ નકામો બગાડ કરવાથી પાયમાલી થાય છે અને સ્ત્રી ભણેલી હોય તો ઘર તેમ બાળબચ્ચાં સુખી થાય છે.

ગ્રામ્યજન: એ બધું ઠીક છે, પણ તમે જાણો છો કે અમે બહુ આળસુ અને કજીયાખોર છીએ, અને સારૂં કામ કરવામાં ભેગા મળી કામ કરવાનું જાણતા નથી.

સોક્રેટીસ: ભૂંડા કામમાં તો તુરત એકઠા થઈ જાઓ છો એ તો હું જાણું છું.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, વળી માંડયું કે? આ રજા લેવાને દિવસે ય પણ તમે કડવાં વચન તો કહેવાના જ, ખરૂં ના? પણ તમે કહો છો એ ખરૂં છે અને આ બધું જે તમે અમને શિખવ્યું છે તે કેમ ચાલશે એ વાતની અમને ચિંતા થાય છે.

સોક્રેટીસ: તમારે ભેગા મળી એ કામ ચાલુ રાખવું જોઈએ છે.

ગ્રામ્યજન: કેવી રીતે?

સોક્રેટીસ: તમે સહકારી મંડલના લોકોને અહિં બોલાવો અને અહિં એક મંડલી સ્થાપો.

ગ્રામ્યજન: એ કેમ કરવું?

સોક્રેટીસ: સાંભળો: પ્રથમ તમે એક મંડલ બાંધો અને તેમાં આ નવા નિયમ વગેરે પાળવાની પ્રતિજ્ઞા લો એટલે તમે એ પાળશોઃ કોઈ ન પાળે તો તેનો દંડ કરવો.

ગ્રામ્યજન: એ તો બહુ મજાની વાત, પણ એ મંડલ ચાલુ કેમ રાખવું?

સોક્રેટીસ: સહકારી મંડલના નોકર દ્વારા: જુઓને, એ લોકો આ બધી બેંકો ચલાવે છે ના?

ગ્રામ્યજન: અમે એ પ્રમાણે કરીશું.

સોક્રેટીસ: વારૂ, સલામ, મારા બંધુઓ. મેં તમને ઘણાં કડવાં વચન કહ્યાં છે, પણ તમે મને વ્હાલા છો અને મને તમને છોડી જવું ગમતું નથી.

ગ્રામ્યજન: સોક્રેટીસજી, તમે તો અમને જૂદા જ લોક કરી નાંખ્યા છે અને અમને સુખી, નિરોગી અને ઉદ્યમી બનાવ્યા છે. ઈશ્વર તમારૂં કલ્યાણ કરો અને તમને વ્હેલા વ્હેલા જલદી પાછા લઈ આવો!

સોક્રેટીસ: પાછા! હવે હું પાછો કઈ રીતે આવું!

ગ્રામ્યજન: તમારે પાછા તો આવવું જ જોઈએ.

સોક્રેટીસ: વારૂ, સાંભળો ત્યારે. મેં તમને જે જે કરવાનું કહ્યું છે અને તમારી સાથે રહી કરી બતાવ્યું છે તે બધું તમે કરશો અને એમાં પાછા નહિ પડો તો હું જરૂર પાછો આવીશ.

ગ્રામ્યજન: એ બધું કરવાની અમે પ્રતિજ્ઞા લઈએ છીએ.

સોક્રેટીસ: તમારી બધાની પ્રતિજ્ઞા એ કેવી છે તે હું બરાબર જાણું છું.

ગ્રામ્યજન: વળી એની એ વાત માંડી, સોક્રેટીસજી!

સોક્રેટીસ: હું દિલગીર છું, પણ હું તમને ઘણા વર્ષ થયાં જાણું છું.

ગ્રામ્યજન: પણ આ તો અમારી પાકી પ્રતિજ્ઞા સમજ-જો. તમે જ અમને શિખવ્યું છે કે અમારે અમારૂં વચન પાળવું જોઈએ, અને એટલું નહિ કરીએ તો પછી અમારાં છોકરાંઓ સાચા બોલાં ક્યાંથી થશે?

સોક્રેટીસ: હા, એ બરાબર. તમે જો તમારૂં વચન પાળશો અને આ જ્ઞાન બીજા જીલ્લાઓમાં ફેલાવશો તો ગુર-ગામમાં જે કાંઈ થઈ રહ્યું છે તે આખા હિંદુસ્થાનમાં થશે, અને હું નક્કી પાછો આવીશ અને જોઈ જઈશ કે તમે તમારૂં વચન પાળી કેવા સુખી થયા છો.

ગ્રામ્યજન: ત્યારે તો તમારે અમારા ભલા માટે બીજું પણ કેટલુંક કહેવાનું હશે.

સોક્રેટીસ: હજુ તો આપણે શરૂઆત કરી છે.

ગ્રામ્યજન: સુધારાનો માર્ગ અઘરો તો ખરો?

સોક્રેટીસ: બરાબર. દરેક નવું પગલું લઈએ એટલે

નવી નવી મૂશ્કેલીઓ ઉભી થવાની અને નવું નવું કરવાનું

આમ્યજન: પણ, સોક્રેટીસજી, તમારો દેશ તો વાતે પૂર્ણ હશે, નહિ વારૂ?

સોક્રેટીસ: નારે ભાઈ, એ વળી કોણે કહ્યું? ત્યાં પણ આટલો બધો સુધારો કર્યો છે છતાં ઘણું કરવાનું બાકી ખરી વાત તો એ છે કે જેમ સુધારો વધારે થતો જાય, નવી નવી વાતો કરવાની ઉભી થતી જાય. હું ત્યાંય ક કરી શકું તો કેવું સારૂં?

આમ્યજન: સોક્રેટીસજી, પણ તમે ત્યાં કામમાં ગુંથાતા નહિ, કેમ કે નહિ તો ત્યાંજ રહી જશો. તમે છો એ વાત ખરી હોય તો પછી અમારે તમારી તુરત પડશે.

સોક્રેટીસ: શા માટે?

આમ્યજન: કારણ કે અમે હવે નિશ્ચય કર્યો અમારે સુધારો કરવો, અને તમે કહો છો કે જેમ સુ વધે તેમ નવું નવું સૂઝે. તો પછી, સોક્રેટીસજી વ્હેલા પાછા આ

સોક્રેટીસ: તમે તમારૂં વચન પાળજો એટલે હું મારૂં વચન પાળીશ.

આમ્યજન: વારૂ, એ બરાબર. આપણે બન્ને પાકા બંધાયા.

સોક્રેટીસ: સલામ, સલામ, મારા ભાઈઓ, ઈશ્વર ત સલામત રાખે.

આમ્યજન: સલામ, સોક્રેટીસજી, સલામ: તમને ઈશ્વર સલામત રાખે.

સોક્રેટીસની જય

સોક્રેટીસ વિદાય થવાના છે એ વાત ચારે બાજુ ફેલાઈ ગઈ અને જાનવરો અને પ્રાણીઓ પણ એ વિષે વાતો કરવા લાગ્યાં. મચ્છરે કહ્યું: "બઝઝઝ, હાશ! હવે મને નિરાંત થઈ. ઠીક થયું કે એ જાય છે. અમારી આખી જાત મરી ગઈ અને હું એકજ બાકી છું. લોકોએ બધાં ખાબોચીઆં વગેરે પૂરી દીધાં છે અને વરસાદમાં કયાંય પાણી ભરાય છે તો તુરત એના ઉપર ગ્યાસલેટ નાંખે છે એટલે હવે મારે તો ઇંડા મૂકવા જેટલી યે જગ્યા નથી. વળી લોકોનાં ઘર એવાં સ્વચ્છ અને હવા અને પ્રકાશવાળાં છે અને ઘરમાં કે ઘરની બહાર કચરો એટલો થોડો રહે છે કે મારે રહેવાની જગ્યા કયાંય નથી."

માખી બોલી: "બાઈ, મનેય એ દુઃખ છે. મારેય ઇંડા મૂકવાની જગ્યા નથી તેમ મને ખાવા કાંઈ મળતું નથી, કારણ કે હવે તો લોકો પોતાની ખાવાની વસ્તુઓ ઢાંકવા લાગ્યા છે."

ચાંચડ લંગડાતો લંગડાતો બોલ્યો: "મારૂં શું? મારે તો અંધારી જગ્યા જોઈએ, પણ તે હવે કાઢવી કયાંથી? હવે તો ઘરમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યા છે અને હવા પણ પુષ્કળ આવે જાય છે."

ઉંદર બોલ્યો: "તમારે મારા જેવી મુશ્કેલી નથી. હું તો ઘરમાં નજરે પડું કે મુઓ જાણવો. મારા દરમાં ઝેરી હવા નાંખવા માંડ્યા છે અને ખેતરમાં પણ એમજ કરે છે. અને પ્રકાશ તો હું જોઈજ શકતો નથી અને હવે તો પુષ્કળ બારી બારણાં છે એટલે બધેય પ્રકાશ છે."

કુતરો બોલ્યો: "બ્હાઉ, વ્હાઉ; મને તો સોક્રેટીસ બ
ગમે છે. તમે ગમે તે બોલો. જુઓ, હવે તો મને રહેવા
ઘર મળ્યું અને ખાવાનુંય બરાબર મળે છે. મારૂં નામ પ
પાડયું છે અને જુઓ, આ કેવો મજાનો પટ્ટો મારે ગળે બાંધ
છે. વળી ઘર સંભાળવાનું મને શિખવવામાં આવ્યું છે અ
હવે તો મને ઉંદર પકડતાં અને એવું એવું ઘણું કરતાં આવ
છે. હવે તો હું માણસનો મિત્ર થયો છું. સોક્રેટીસની જય
સોક્રેટીસની જય."

ભૂંડ: વ્હુરૂ, વ્હુરૂ, મારૂં તો બધુંય ગયું. મને ન મ
ખાવાનું કે ન મળે રહેવાને ઘર. હવે તો ઉકરડાયે ગયા એટ
રહું કયાં અને ખાઉં શું? અને મારે જવું કયાં?

જંગલનાં જાનવરો અને પ્રાણીઓ પણ સોક્રેટીસે જે સુધા
કર્યા હતા તે વિષે ચર્ચા કરવા લાગ્યાં. તેતર બહુ ક્રોધે ભરા
હતાં. તેતરી બોલી: "આગળ તો ખેતરોમાં એટલો બધો કચ
અને એટલું બધું ઘાસ રહેતું કે અમે તો આખો દિવસ તે
સંતાઈ રહીએ તો ખબરેય ન પડે. પણ હવે તો લોઢાનાં હળ વા
છે એટલે ખેતરમાં ભોથાં વગેરે કાંઈ રહેતું નથી અને ખે
સાફ થઈ જાય છે. આને લીધે અમારે મોલ ન્હાના હે
ત્યારે સંતાવાની જગ્યા તો રહી જ નહિ."

તેતર બોલ્યો: એ વાત જવા દે. સંતાવાની વાત
કરવી? રાત્રે સુવાની જગ્યા પણ હવે તો રહી નથી કાર
કે આ થોર બોર બધાં કાપી નાંખ્યા છે. આગલો વખત ક
અને આજનો કયાં! સોક્રેટીસ ભલે જતો.

આ વાત થતી હતી ત્યાં એક સુવર આવ્યો. તે ક્રો
ભરાયો હતો: "હું ન્હાનો હતો ત્યારે તો બધો દિવસ

જંગલમાં ભરાઈ રહેતો અને રાત્રે શેરડી ખાતો. પણ હુવે તો આ નવી શેરડી એવી કઠણ છે કે મારા દાંતેય એમાં વળગતા નથી. વળી જંગલમાં હુવે તો વાડી જેવું કરી નાંખ્યું છે અને ઘાસ અને ઝાડ ઉગવા લાગ્યાં છે એટલે મારે રહેવાની જગ્યા નથી. હુવે તો મારે રોજ સવારના નદી કાંઠે છૈયામાં જઈ રહેવું પડે છે. હુઉઉ, હુઉઉ, સોક્રેટીસ આ આવ્યો અને હું આ ચાલ્યો."

સોક્રેટીસે કહ્યું: "ચાલ્યો જા, મારા દુશ્મન, આજે તો તું સહીસલામત છે કેમ કે મારી પાસે મારો ભાલો નથી."

ત્યાં એક પહેલવેતરી ગાય પોતાના સુંદર વાછરૂને લઈને આવી અને બોલી: "આ ભૂંડા ભમરાળો ઠીક જાય છે! જુઓને, એ કેવું બોલતો હુતો! કહેતો હુતો કે આ મેલાં ભૂંડા માણસો અમારાં કરતાં સ્હેજ સારાં છે. અમારા કરતાં સ્હેજ સારાં! હાં! જુઓ આ મારૂં વાછરૂં! હું એને રોજ દસ વાર ચાટી સાફ કરૂં છું અને માણસો તો પોતાનાં છોકરાંઓને અત્યારસુધી તો મહિનામાં એક વાર પણ નવડાવતાં નહોતાં. અને હું કેવી છું! મારી જાત કઈ! હું તો ચોખ્ખી હીસાર જાતની છું! અને આ ભૂંડા ભમરાળાએ અમારી તુલના માણસ સાથે કરી!"

એક ઘરડી ગાય પાસે ઉભેલી હુતી તેણે તેના પડખામાં શીંગડું ભરાવી કહ્યું: "હુવે બહુ ચબાબળી થા માં. તું હીસાની છે એ માટે તો પગ પૂજ્ય સોક્રેટીસના. એણે હીસારની ઓલાદ અહિં દાખલ કરી. અમે આગળ કેમ રહેતાં એ વાતની તો તને ખબરે ક્યાંથી હોય! આગળ કાંઈ આવી મજાની જગ્યામાં અમને રહેવાનું નહોતું. અમારે રહેવાની જગ્યા તો એવી

અંધારી ને મેલી હોય કે એમાં પગ મૂકવાનુંયે મન ન થાય. અને અમે પાણી કેવું પીતાં! મેલું અને કચરાવાળું, અને ખાવાનુંયે પૂરૂં મળતું નહિ. એ તો અત્યારે નીરણુચારો અને પાણીનું સુખ થયું છે. આ બધું તું શું જાણે? સોક્રેટીસના તો આપણે સહુએ પગ પૂજવા જોઈએ. એણે માણસોને કહી કહી આપણું છાણુ બળતું બંધ કરાવ્યું. હવે એ બધું ખેતરમાં લઈ જાય છે અને ત્યારથી આપણને ખાવાનું પુષ્કળ મળે છે. આપણે તો કહેવું જોઈએ કે સોક્રેટીસની જય."

ગધેડો ભૂંકી બોલ્યો: હવે મને સારૂં ખાવાનું મળે છે. મારે ઉકરડે જઈ ભૂંડ સાથે મારો ખોરાક શોધવાની જરૂર રહી નથી. જય થાઓ સોક્રેટીસની.

મયુર બોલ્યો: કૂક, કૂક, કૂક, કૂક: આગળ મારે ઉકરડા ઉપર બેસવું પડતું, પણ હવે તો હું ફૂલવાડીમાં જઈ મારી કલા ખેલું છું, અને સાંજ સવાર સ્વચ્છ અને સુખી બાળકો અને સ્ત્રીઓ મને ખાવાનું આપે છે. આ બધા માટે જય થાઓ સોક્રેટીસની.